

# જૈનધર્મના મર્મો

૯૦

-મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી



પુણ્યવંતા મહાવિદેહક્ષેત્રના તપઃસ્વાધ્યાયનિરત, મહાસંયમી મુનિવરોના સાર્થમાંથી, ન જાણે ભૂલા પડીને વિખૂટા પડેલા આ ભરતક્ષેત્રમાં આવી ચડેલા આ છેઃ- સિધ્ધાતમહોદધિ; સુવિશુધ્ધસંયમમૂર્ત્તિ, વાત્સલ્યમહોદધિ

કર્મશાસ્ત્રનિપુણમતિ, સ્વ. આચાર્ય ભગવંત

**શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબ**

અગણિત ઉપકારોના ઋણભાર નીચે દબાએલા અમારા

આપના ચરણોમાં કોટાનકોટિ વંદન........

લિ. પ્રતાપરાય તથા પ્રવિણકુમાર દલીચંદ તથા

અ. સૌ. મધુકાન્તા પ્રતાપરાય તથા હસુમતિ પ્રવિણકુમાર

કમલ પ્રકાશન ટ્રસ્ટ અંગેની તમામ માહિતિ મેળવવા માટે આ પુસ્તકના છેડે આપેલું ટ્રસ્ટી મંડળનું નિવેદન નજરમાં લેવા નમ્ર વિનંતી છે.

ગૃહસ્થ સ્ત્રી–પુરુષોના ફોટાની યોજના હવે બંધ કરવામાં આવી છે.

ટ્રસ્ટી મંડળ.

પર્યુષણા પર્વના આઠ દિવસોમાંના પહેલા ત્રણ દિવસનાં અષ્ટાહ્નિકા પ્રવચનોની પૂર્વભૂમિકારૂપે વિશ્વકલ્યાણકર જિનશાસનનાં અનુપમ રહસ્યોને આવરી લેતું પુસ્તક........

# જૈન ધર્મના મર્મો

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

૯૦

પ્રકાશક :

કમલ પ્રકાશન ટ્રસ્ટ
૨૭૭૭, સંસ્કૃતિ ભવન,
નિશાપોળ, રિલીફરોડ
અમદાવાદ-૧
PHONE 30081

લેખક- પરિચય :
સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવન્ત
શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી
મહારાજા સાહેબના વિનેય
મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

મૂલ્ય
૪-૦૦

પ્રથમ સંસ્કરણ : નકલ : ૧૨૫૦
વિ. સં. ૨૦૩૨, ચૈત્ર સુદ-૧૫
વીર સંવત ૨૫૦૨, તા. ૧૪-૪-૭૬

સર્વાધિકાર સુરક્ષિત

મુદ્રક :
કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ
મંગલ મુદ્રણાલય, રતનપોળ,
અમદાવાદ-૧

પૂજ્યશ્રીની વાચનાઓની અસ્ખલિત વાગ્ધારાને ભારે કૌશલથી અક્ષરશઃ ઉતારી આપનારા સુશ્રાવક લાલચંદભાઈ શાહનો કમલ પ્રકાશન ટ્રસ્ટ અંતઃકરણથી આભાર માને છે.

લિ.

કમલ પ્રકાશન ટ્રસ્ટ

ટ્રસ્ટીમંડળ

# પ્રાગ્વચન

અમદાવાદમાં વિ. સં. ૨૦૩૨ની સાલના શેષકાળમાં પોષ, મહા માસ દરમિયાન સો ઉપરાંત યુવાનો સમક્ષ પૂજ્યપાદ મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજીએ પૂજ્યપાદ લક્ષ્મીસૂરીશ્વરજી મહારાજાનાં અષ્ટાહ્નિકા પ્રવચનોને અનુલક્ષીને જે વાચનાઓ આપી હતી તેનો પ્રથમ ખંડ–આ પુસ્તકરૂપે પ્રકાશિત કરાયો છે. પર્યુષણનાં પાંચ કર્તવ્યો, વાર્ષિક ૧૧ કર્તવ્યો અને પૌષધવ્રત ઉપરની વાચનાઓ બીજા ખંડમાં આકારે પ્રકાશિત થશે, અહીં તો તેની પૂર્વભૂમિકારૂપે ત્રિલોકગુરુ પરમાત્મા, સ્યાદ્વાદ, વગેરે વિષયો ઉપર જે વિસ્તૃત વિચારણાઓ થઈ છે તે જ સંગૃહિત કરી લેવામાં આવી છે.

પર્યુષણપર્વના પહેલા ત્રણ દિવસોમાં રોજ સવારના સમયે એક જ વ્યાખ્યાન આપવાનું હોય છે. તો આ પુસ્તકનું વાંચન તે ત્રણ દિવસોમાં બપોરના સમયે કરી શકાય. આથી જિનધર્મના મર્મો હાથમાં આવશે. એથી પ્રભુશાસન ઉપરનું બહુમાન ખૂબ વધી જશે.

વર્તમાન દેશ–કાળને નજરમાં રાખીને શાસ્ત્રોક્ત પદાર્થોને ભારે બહુમાનપૂર્વક આ પુસ્તકમાં પીરસાવવામાં આવ્યાં છે. મને પૂર્ણ વિશ્વાસ છે કે યુવાનોને અપાયેલી આ વાચનાઓ પુસ્તકરૂપે પ્રકાશિત થતાં અનેકોને લાભદાયી બનવાનું પોતાનું પરાર્થ–વર્તુળ ઉત્તરોત્તર વધુ ને વધુ વ્યાપક બનવતી જશે.

જિનાજ્ઞાવિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તેનું ત્રિવિધે 'મિચ્છામિ દુક્કડં' દેવાપૂર્વક વિરમું છું. સંતપુરુષો અને સજ્જનગણોને પ્રાર્થું છું કે તેઓ મારી ક્ષતિઓ મને જણાવે. તેમનો હું ખૂબ ખૂબ ઋણી બનીશ.

| | |
|---|---|
| વિદ્યાશાળા<br>વિ. સં. ૨૦૩૨<br>ફા. શુ. ૫<br>વીર સં. ૨૫૦૨ | લિ.<br>ગુરુપાદપદ્મરેણુ<br>મુનિ ચન્દ્રશેખરવિજય |

સંસ્થાકીય તા.ક. : આ પુસ્તકની સાથે જ લેખકશ્રીનું 'મહામારિ' પુસ્તક વાંચવાની અમારી સહુને ખાસ ભલામણ છે.

## રૂ. પાંચ હજારનું દાન કરીને ફોટો મુકાવો

કમલ પ્રકાશન ટ્રસ્ટના પુસ્તક વિભાગમાં રૂ. પાંચ હજારનું દાન કરનાર દાતાનો નાનો ફોટો [પુરુષનો જ ફોટો લેવાશે.] ભાવી પ્રકાશનોમાં મુકાશે. આ ફોટા નીચે દાતાનું માત્ર નામ આવશે.

આજે જ આપનો ફોટો મુકાવો.

# અનુક્રમણી

[૧] પર્યુષણા મહાપર્વનાં વ્યાખ્યાનો અંગેનો ક્રમ એ વિભાગો ૧

[૨] અષ્ટાહ્નિકા–પ્રવચન ભૂમિકા ૫

૧. પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ ૫

૨. તીર્થંકરદેવનું ચરિત્ર ૧૩

૩. કરુણા ૧૬

૪. પરમાત્માની ઓળખ ૧૯

૫. નિષ્ફળ દેશનાનું સફળ રહસ્ય ૩૦

૬. વિરતિનું સૂક્ષ્મબળ ૩૭

[૩] સદા જયવંતુ જિનશાસન ૪૦

૧. શાસનરક્ષા ૪૨

૨. સ્થૂળ અને સૂક્ષ્મ પરિબળો ૪૩

૩. સૂક્ષ્મનો સ્વામી અણગાર ૪૭

૪. સૂક્ષ્મસમ્રાટ્ની શાસનસ્થાપના ૫૮

૫. શાસન વગેરે પાંચ અંગો ૫૯

૬. શાસ્ત્રમતિ : બહુમતિ ૬૨

૭. ધર્મ : ઉદ્દેશ ૭૧

[૪] કલ્યાણકર જિનશાસન ૭૪

[૫] શાસનરક્ષાનો જંગ ૭૯

ગીતાર્થતાની તાતી જરૂર ૮૪

[૬] માનવગતિનું મૂલ્ય ૮૭

૧. દેવગતિમાં ત્રાસ ૯૧

૨. માનવજીવનની બે રીતે બરબાદી ૧૦૧

[૭] છ અઠ્ઠાઈઓ [ભૂમિકા] ૧૦૭

૧. પર્યુષણા શબ્દનો અર્થ ૧૧૨

૨. ધર્મસિદ્ધાન્તોનું વ્યવહારીકરણ ૧૧૪

૩. જિનપૂજાનું હાર્દ ૧૧૫

૪. ઉકાળેલા પાણીનું હાર્દ ૧૧૭

૫. સ્વામીવાત્સલ્યનું હાર્દ ૧૨૦

૬. સંઘનું હાર્દ ૧૨૧

૭. ઉપધાનનું હાર્દ ૧૨૪

૮. ઉજમણાનું હાર્દ ૧૨૪

[૮] સ્યાદ્વાદ ૧૨૭

૧. અહિંસામાં સ્યાદ્વાદ ૧૨૮

૨. પારધીનું દૃષ્ટાન્ત ૧૩૫

૩. જુદી જુદી અપેક્ષાઓ ૧૩૬

૪. છ લેશ્યાનું રૂપક ૧૩૯

૫. બાવાજીની ગોદડી ૧૪૬

૬. નય, દુર્નય, પ્રમાણ ૧૪૯

૭. આઈન્સ્ટાઈનની સાપેક્ષવાદની સમજણ ૧૫૬


૮. પ્રો. મેક્સવોર્નની સાપેક્ષવાદની સમજણ ૧૫૭

૯. સ્યાદ્વાદમાં એકાન્તવાદ ૧૫૮

૧૦. વિવિધ ઉદાહરણો ૧૬૨

૧૧. રાખ–અંગારાનું દૃષ્ટાંત ૧૬૯

૧૨. સ્યાદ્વાદીને કોઈ ન પહોંચે ૧૭૪

# પર્યુષણા મહાપર્વનાં વ્યાખ્યાનો અંગેનો ક્રમ

[૧]

## બે વિભાગો

આ મહાપર્વના આઠ દિવસો છે. તેના બે વિભાગ પડે છે. પહેલા ત્રણ દિવસોનો પહેલો વિભાગ બને અને બાકીના પાંચ દિવસોનો બીજો વિભાગ બને.

**પહેલો વિભાગ : પહેલા ત્રણ દિવસોનો.**

[૧] પહેલા ત્રણ દિવસોમાં અષ્ટાહ્નિકા–પ્રવચનોનું વાંચન કરવું. સવાર અને બપોર–બન્નેય સમય પણ વ્યાખ્યાનો કરી શકાય.

[૨] **પહેલા દિવસે** પર્યુષણા પર્વના આઠ દિવસોમાં (છેવટે ભાદરવા સુદ આઠમ સુધીમાં) જે પાંચ કર્તવ્યોનું પાલન કરવાનું છે તે અંગેનું પ્રવચન કરવું.

[૩] **બીજા દિવસે** દરેક શ્રાવક–શ્રાવિકાએ વર્ષ દરમિયાન જે અગિયાર કર્તવ્યોનું પાલન કરવાનું છે તે અગિયાર કર્તવ્યોનું પ્રવચન કરવું.

[૪] ત્રીજા દિવસે મુનિજીવનના રસાસ્વાદ સ્વરૂપ શ્રાવકના પૌષધ-વ્રત અંગેનું પ્રવચન કરવું.

આમાંય આ ક્રમમાં અનુકૂળતા મુજબ ફેરફાર પણ થઈ શકે. દા. ત., પહેલા દિવસમાં સમજાવવાનાં પાંચ કર્તવ્યો અધૂરાં રહે તો બીજા દિવસે પણ ચાલુ રાખી શકાય.

એટલું ચોક્કસ છે કે સંક્ષેપમાં પણ ત્રણે ય દિવસમાં ૫ પર્વકર્તવ્યો, ૧૧ વાર્ષિક કર્તવ્યો અને પૌષધવ્રતનો મહિમા સમજાવી દેવો તો જોઈએ જ.

**બીજો વિભાગ:** બાકીના પાંચ દિવસોનો.

આ વિભાગમાં માત્ર કલ્પસૂત્રનું વાંચન વિસ્તારથી થાય છે. કલ્પસૂત્રનાં બારસો મૂળ સૂત્રો હોવાથી તેનું બીજું નામ બારસા-સૂત્ર પણ છે.

પર્વના આઠ દિવસોમાં ચોથા દિવસથી કલ્પસૂત્ર ગ્રંથનું વાંચન શરૂ થાય છે.

કલ્પસૂત્રના યોગ કરેલા મુનિભગવંતો જ તેનું મૂળ વાંચવા સાથે અર્થ-વાંચન કરતા હોય છે. જ્યારે તે સિવાયનાને મૂળ વાંચવાનો અધિકાર નથી. આ આગમ ગ્રન્થ છે એટલે તેનું ગુજરાતીમાં અક્ષરશઃ ભાષાન્તર કરવું અને તેનું વાંચન અ-યોગીએ કરવું તે પણ વસ્તુતઃ યોગ્ય નથી. અ-યોગી સાધુથી તે ન વંચાય તો ગૃહસ્થોને તો તેવું ભાષાન્તર સુતરાં વાંચી શકાય નહિ.

બીજા વિભાગના પાંચ દિવસોમાં વાંચન-ક્રમ

પર્યુષણના ચોથા દિવસથી પાંચ દિવસ સુધી 'કલ્પસૂત્ર'

વંચાય છે. આ પાંચ જ દિવસમાં કલ્પસૂત્ર નવ કટકે ફરજીઆત પૂર્ણ કરવાનું હોય છે.

**ચોથો દિવસ : અમાસ :** (૧) સવારે કલ્પસૂત્રનું પ્રથમ વ્યાખ્યાન (સાધુના દસ આચાર વગેરે)

(૨) બપોરે કલ્પસૂત્રનું બીજું વ્યાખ્યાન (૨૭ ભવ તથા સ્વપ્નો)

**પાંચમો દિવસ : બેસતો મહિનો :** (૩–૪) સવારે જ ત્રીજું અને ચોથું વ્યાખ્યાન વાંચવાનું (ચ્યવન વગેરે) હોય છે પરન્તુ તેમાં ચોથા વ્યાખ્યાનનું : છેલ્લું સૂત્ર–પરમાત્મા મહાવીરદેવના જન્મવાંચન અંગેનું બાકી રાખવાનું હોય છે.

**બપોરે :** ૧૪ સ્વપ્નો અને છેલ્લે સવારે બાકી રાખેલ જન્મસૂત્રનું વાંચન.

**છઠ્ઠો દિવસ : બીજ :** સવારે ૫મું વ્યાખ્યાન. (ઉપસર્ગો)
બપોરે ૬ઠું વ્યાખ્યાન (ગણધરવાદ)

**સાતમો દિવસ : ત્રીજ :** સવારે ૭મું વ્યાખ્યાન.
(શેષ તીર્થંકરદેવોનું જીવન–ચરિત્ર)
બપોરે : ૮મું વ્યાખ્યાન (પટ્ટાવલિ)
૯મું વ્યાખ્યાન (સામાચારી)

જો સામાચારીનું નવમું વ્યાખ્યાન વાંચવાનો સમય

ન રહે તો વ્યાખ્યાતાઓ ચોથના દિવસે તેનું મૂળ વાંચન આવતાં સંક્ષેપમાં અર્થ કહે છે.

**આઠમો દિવસ : ચોથ :** સવારે બારસો સૂત્રોનું મૂળ વાંચન.

બપોરે : સાંવત્સરિક પ્રતિક્રમણ.

આઠ દિવસનાં પ્રવચનોનો ભાવ સંભળાવતાં ગૃહસ્થ શ્રાવકોએ આઠમા દિવસે કલ્પસૂત્રના ગુજરાતી ઢાળીઆ સંભળાવવા એ ઉચિત છે.

## અષ્ટાહ્નિકા પ્રવચન ભૂમિકા
## [૨]

### પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ

આજે પર્યુષણ પર્વના પ્રથમ દિનનું વ્યાખ્યાન જોઈશું પરંતુ તેને સમજવા માટે પ્રથમ તો તેની ભૂમિકા જોઈશું. તેમાં જિનેશ્વર પરમાત્મા : ભગવાન વીતરાગ કોણ? તે પુરુષનું વચન વિશ્વસનીય છે કે નહિ? જો પરમાત્મા પર વિશ્વાસ–અખંડ વિશ્વાસ બેસી જાય તો તેમનાં વચન પર તેટલો જ વિશ્વાસ બેસી જાય પછી તે જે કહે તે બધું સાચું, બધું જ માન્ય થઇ જાય. તેમણે કહ્યું કે, " દેવલોક છે, બટાટામાં અનંત જીવો છે, રાત્રિ–ભોજનમાં પાપ છે " તો તે બધું આંખ મીંચીને આપણને માન્ય જ હોય. પણ કોઈ આજે કહે કે, " દેવલોક છે, તો સાબિત કરી બતાવો. બટાટામાં અનંતા જીવો છે તો તે સાબિત કરી બતાવો. અમારે બધું લૉજિકલ પ્રૂફ જોઈએ છે. તર્કથી સમજાય તો સાચું માનીએ, નહીંતર અમે માનવા તૈયાર નથી." તો આવા તર્કપ્રિય લોકો સાથે ઝાઝા વિવાદમાં ઊતરવું નહિ;

કેમકે વધુ પડતી તાર્કિક વિચારણા કે વાદ-વિવાદ એ ભયંકર જંગલ છે. એમાંથી નીકળવું ખૂબ મુશ્કેલ છે. છતાં તેને ચકોર સાધુ એમ સમજાવી શકે કે વિજ્ઞાનનો એક નિયમ છે, " Where there is darkness there are germs. "-જ્યાં સૂર્યનો પ્રકાશ નથી, જ્યાં અંધકાર છે ત્યાં જીવજંતુઓ ઘણાં હોય છે. તેથી રાત્રિભોજન વખતે અગણિત જીવોનો ધ્વંસ થવાનો. જીવદયાની દૃષ્ટિએ પણ તેમાં કેટલું પાપ છે ? અગણિત જીવોનો સમૂહ તદ્દન સાફ થઈ જાય. માટે રાત્રિભોજન એ મહાપાપ છે.

હવે બટાટાની વાત. બટાટાની ઉત્પત્તિ ક્યાં થાય છે ? જમીન નીચે. જ્યાં સૂર્યનાં કિરણો પ્રવેશતાં નથી, એટલે ફરી એ જ વાત કે, Where there is darkness there are germs " ધરતીમાં કંદના મૂળમાં અનંત જીવો હોવાના જ. ત્યાં અંધકાર છે, તેથી ત્યાં ભરપૂર જીવજંતુ તે કંદમૂળમાં-બટાટામાં હોવાનાં. આ રીતે અનંતા જીવ તે બટાટામાં સિદ્ધ થઈ જતા હોવાથી, તેની ઘોર હિંસા કરવાથી પાપ બંધાય. "

પણ બધી જગ્યાએ આવા 'લૉજિક' દ્વારા approach ન થઈ શકે. શાસ્ત્રમાં પણ કહેલ છે કે જ્યાં તર્ક લગાડી શકાય ત્યાં લગાડવો, તે સિવાય નહીં.

કોઈ કહે કે " જે વાત તર્કગ્રાહ્ય નથી તેને માનવી કેવી રીતે ?" આનો ઉત્તર એ છે કે બધી જ વાતો જો તર્કગ્રાહ્ય કરવા જશો તો આપણા આધ્યાત્મિક જીવનનો નાશ થશે.

આ ધર્મ શરણાગતનો ધર્મ છે. અવસરે માથું પણ ઉંચકનારનો ધર્મ છે. આપણને Logical approach ન મળે તેથી કાંઈ જીવનનો નાશ થઇ જતો નથી. અહીં તો પુરુષનો વિશ્વાસ અને તે દ્વારા તેમના વચન પર વિશ્વાસ જ સંપાદિત કરવો જોઈએ.

જેમનાં વચનો ૨૫૦૧ વર્ષોથી નિશ્ચિત અને એક-સરખાં રહ્યા છે તેમાં શંકા શાની? શું આવી વ્યક્તિ ખોટું બોલે ખરી? વળી શા માટે તે ખોટું બોલે? તો હવે સત્યવાદી એવાં તેમનાં વચનો પર વિશ્વાસ રાખવો જ જોઈએ. "બાબા વાકયમ્ પ્રમાણમ્" કરવું જ જોઈએ. કેમકે જે આપણા બાબા છે તેનું આપણને ગૌરવ છે. તે ત્રણ લોકના નાથ છે. જ્ઞાની છે, અજ્ઞાની નથી. મુક્ત છે, બંધનમાં નથી. તેમને મમત્વ નથી. મમત્વ કોને હોય? જેને મત ચલાવવા છે, પંથ કે વાડા સ્થાપવા છે, તેમને મમત્વ જાગે. પછી એ મમત્વમાંથી મમતા ઉદ્ભવે. મત, મમતા અને મમત્વ તેને હોય; જેનામાં રાગ હોય, દ્વેષ હોય કે અજ્ઞાન હોય.

ભગવાનને તો નથી રાગ, દ્વેષ કે અજ્ઞાન. (મોહ) રે! ત્યાં રાગ, દ્વેષ કે અજ્ઞાન શોધ્યા જડતા નથી. તે સર્વજ્ઞ છે, તે વીતરાગ, વીતદ્વેષ છે. હવે બટાટામાં, અનંત જીવ ન જ હોય તો, તેમાં અનંત જીવ છે—એમ તેઓ શા માટે કહે? નરક ન જ હોય-હોય તો 'નરક છે' એમ શા માટે કહે? તેવું કહે કોણ? જેનામાં જ્ઞાન નથી કે રાગ છે અથવા દ્વેષ છે તે એવું કહે.

જગતમાં જે ન જ હોય 'તે છે' એમ કહેનાર કોઈ પણ વ્યક્તિ વિશ્વાસને પાત્ર નથી. આ વિશ્વાસની ખબર તેના ચહેરા પરથી પડે. facial study પરથી, તે વ્યક્તિની આકૃતિ પરથી તે વ્યક્તિની ખબર પડી શકે. દા. ત., કામ-વાસના જેનામાં વધુ હોય, તેને તેની આંખ પરથી ઓળખી શકાય; સીગરેટ પીનારના હોઠ કાળા હોય; કામુકની આંખ આસપાસ પણ કાળાશ હોય; હસ્તમૈથુન સેવનાર તેના મોં પરથી પકડાય.

आकृति गुंणान् कथयति । Face નો study કરો તો તમને તેના ગુણ-અવગુણ પરખાઈ આવશે.

વ્યક્તિની બીજી પરખ છે તેની પ્રતિમા.

પહેલી ઓળખ પડે છે આકૃતિથી, બીજી પ્રતિમાથી.

વ્યક્તિને ફોટામાં જુઓ, ચિત્રમાં જુઓ, ક્યાંય પણ જુઓ. પણ તે One and same જણાશે. વસ્તુ ભલે બે ત્રણ હોય પણ પ્રતિમા એક જ હશે. જેનામાં રાગ, દ્વેષ, અજ્ઞાન હશે તે તરત જ તેની પ્રતિમા પરથી જણાશે. દા.ત., શ્રી કૃષ્ણને લો. તો તેમની સાથે રાધા હશે. શંકર હશે તો પાર્વતી હશે. પણ ભગવાન મહાવીર હશે તો સાથે યશોદાનું નામનિશાન નહીં હોય.

શ્રી કૃષ્ણની અનેક પ્રતિમાઓ જુઓ, તો સાથે રાધા હોય તેવી પ્રતિમા હશે. તે બંસરી વગાડતા હશે. રાધા નૃત્ય કરતી હશે. તો પછી શા માટે મહાવીરદેવ સાથે

યશોદા નથી ? વિષ્ણુ સાથે લક્ષ્મી હશે. શંકર સાથે પાર્વતી હશે. ભગવાનની પ્રતિમા સંસારનું સેવન સૂચવતી નથી ત્યાં અનાસકત ભાવ દેખાય છે.

તમને થશે કે યશોદાના ઉચ્ચ પાત્રને શા માટે ખૂણામાં ધકેલ્યું છે ? શું તે જરૂરી પાત્ર નથી ? આનું સમાધાન એ છે કે મહાવીરદેવનું લગ્નજીવન કયાંય બતાવ્યું નથી. ફક્ત અનાસક્તિ યોગ દર્શાવ્યો છે. કેમકે ત્યાં કયાંય આ સાંસારિક-લગ્નજીવનની આવશ્યકતા માનવામાં આવી નથી. જ્યારે ભગવાન મહાવીરદેવે સંસારનો પરિત્યાગ કર્યો, મહાભિનિષ્ક્રમણ કર્યું, ત્યારે યશોદાએ આશિષ આપ્યા ” તે કયાંય લખાયું નથી. બીજા લેખક હોય તો મહાવીર-દેવના લગ્નજીવનનો ઉલ્લેખ કરે. યશોદાને ત્યારે કેવું સંવેદન થયું ? પોતાના સ્વામીનાથની દીક્ષા વખતે યશોદા કેટલું રડી ? વગેરે એવી વાતો લખે કે તમારા અંતરને હચ-મચાવી મૂકે.

યશોદાનો ઉલ્લેખ શા માટે જ્ઞાનીઓએ કરેલ નથી ? કારણ કે ભગવાનની પ્રતિમા રાગદ્વેષનું પ્રતીક નથી. રાગને અને તેનાં પ્રતીકોને અહીં સ્થાન આપવામાં આવતું નથી. વળી દ્વેષ પણ દેવાધિદેવમાં નથી. કાળી-મહાકાળીની મૂર્તિ જુઓ, રાક્ષસોની મૂર્તિઓ જુઓ. તેમના ગળામાં ખોપરીની માળા હશે, મોટી મોટી આંખો હશે, જીભ લબકારા મારતી હશે, પગ તળે કોઈને કચડેલ હશે, હાથમાં લોહી નીંગ-ળતી તલવાર કે કોઈ શસ્ત્ર હશે, કેવી ભયંકર મૂર્તિ ! !

હમણાં છાપામાં તમે પણ વાંચ્યું હશે કે પકડાઇ ગયેલા એક ચોરે એકરાર કર્યો કે, "હું અજૈનના મંદિરમાં ચોરી કરતો નથી કારણ કે ત્યાં ભય–બીક લાગે છે. બિહામણી મોટી ભયંકર આંખો, લબકારા કરતી જીભ, હાથમાં તલવાર ઉગામેલી હોય, જાણે હમણાં મારશે! તે જોતાં જ બીક લાગે. આના કરતાં જૈનોની મૂર્તિ સારી. તદ્દન શાંત, જરાય બીક ન લાગે, તેથી સંપત્તિ ઉપાડી જવાની મજા આવે."

આ શું બતાવે છે? જૈનોની મૂર્તિમાં વીતરાગતા અને વીતદ્વેષતા છે. ત્યાં પરમ સૌમ્ય, પરમ માધ્યસ્થ, કરુણા નીતરતી આંખો છે. વિશ્વનું કલ્યાણ કરવાવાળી તે પ્રતિમા છે. આંખો ખૂલ્લી છે. જાણે કે દરેક ઉપર અમી વર્ષાવતી, સહુનું કલ્યાણ વાંછતી. સર્વજ્ઞની પ્રતિમા, પ્રસન્ન માધ્યસ્થ ભાવયુક્ત કરુણામય છે.

**પરમાત્માની સર્વજ્ઞતા સિદ્ધિ:**–પ્રભુ રાગ કે દ્વેષથી મુક્ત છે માટે વીતરાગ છે; તેમ પ્રભુ અજ્ઞાનથી મુક્ત છે માટે સર્વજ્ઞ છે. ભગવાને એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિંદ્રિય કે પંચેન્દ્રિય આ બધા જીવો બતાવ્યા. તેમના પ્રકાર, તેમનાં નામ, તેમના ભેદ–પ્રભેદો પણ બતાવ્યા. કેટલું સૂક્ષ્મ વર્ણન આપ્યું? કીડી કે ભમરા અંગે શું તેઓ research કરવા ગયા હતા? અણુ પરમાણુ અંગે કેટલું સૂક્ષ્મ જ્ઞાન આપેલ છે. એકેન્દ્રિય વગેરેના વિભાગોના વિભાગો બતાવ્યા કે જેમનાં લિસ્ટનાં લિસ્ટ શાસ્ત્રમાં છે. બધાના આયુષ્ય વગેરે વિષે ૨૫૦૦ વર્ષ પહેલાં કહ્યું—બતાવ્યું. આજેય તેમાં ફરક પડયો નથી.

આ જ વાત સાબિત કરે છે કે તેઓ ત્રિકાળ જ્ઞાની છે, સર્વજ્ઞ છે, સર્વદર્શી છે. કોઈ લેબોરેટરીમાં રીસર્ચ કરવા ગયા નથી. જીવ અંગે પ્રયોગ પણ કર્યા નથી. આ જ સાબિતિ છે કે છતાં તેઓને સર્વ પ્રકારનું જ્ઞાન હતું તે વીતરાગ, વીતદ્વેષ, સર્વજ્ઞ હતા.

હવે તેઓ જે કહે તે સાચું જ હોય, તે કહે કે રાત્રિભોજનમાં પાપ છે; બટાટામાં અનંતાનંત જીવો છે, લીલફુગમાં અનંત જીવ છે. હવે ત્યાં લોજિકની જરૂર નથી. 'No discussion' આ શબ્દો ભારે ખુમારીથી જૈન સાધુ કહી શકે છે. તેઓ જે કહે છે તે deta છે. What is to be proved.... હવે જીવનમાં શું કરવું છે? એ જ વિચારવાનું છે.

શાંતિમય જીવન અને સમાધિમય મરણ કેવી રીતે પ્રાપ્ત થાય? તે જ આપણે નક્કી કરવાનું રહે છે. શકયતઃ ઓછી ને ઓછી હિંસા કરો. નોકરી અંગે રાત્રિભોજન કર્યા વિના છૂટકો જ ન હોય તો પણ આસક્તિ વગર કરો. 'રાત્રે મોડામાં મોડું આઠ વાગે જમી લઈશ.' એવો નિશ્ચય કરો. રાત્રિભોજન કરનારો પણ પશ્ચાત્તાપનાં આંસુ પાડતાં પાડતાં કરે તો તે પણ ઘણો બચી જાય.

આવા સર્વજ્ઞ વીતરાગ પુરૂષ પર વિશ્વાસ બેસી જશે તો એમના વચન પર વિશ્વાસ બેસી જ જશે. યાજ્ઞ્યવલ્કય નામના બ્રાહ્મણ ગાર્ગી સાથે વાર્તા—ચર્ચા ચલાવતા હતા. જયારે ગાર્ગી વધુ ને વધુ સૂક્ષ્મ પ્રશ્નો તેમને

પૂછવા લાગી. ત્યારે યાજ્ઞવલ્કયે આવેશથી કહ્યું, 'ગાર્ગી ગાર્ગી ! આવા પ્રશ્ન પૂછ નહીં. બ્રહ્માંડનું સૂક્ષ્મ જ્ઞાન મેળવવા જતાં તારી બુદ્ધિ ચક્કર ખાઈ જશે. તારું માથું ફાટી જશે.' પછી ગાર્ગીએ ક્ષમા માગી. બ્રહ્માંડના સૂક્ષ્મ અને ઊંડાણભરેલ પ્રશ્નો પૂછવાનું બંધ કરી દીધું.

પ્રભુનું શાસન ખૂબ સૂક્ષ્મ અને ઊંડાણથી ભરપૂર છે. પરમ–આત્મા, એ ભગવાન કોણ ! એ માર્ગે જનારાઓએ એ વિરાટ સાધના કરી. સંતોએ કંડારેલા માર્ગે લોહી નીંગળતા પગે મસ્ત મોં સાથે જીવન વીતાવ્યું છે. નજાકત-પણે નમણી યુવતીઓ તે માર્ગે ચાલી છે. હજારો વર્ષથી જે માર્ગ અબાધિતપણે ચાલ્યો આવે તે જ તેની સત્યતાની ખાત્રી છે. પુરૂષ ઉપર વિશ્વાસ–અકાટય વિશ્વાસ, સંપૂર્ણ વિશ્વાસ. તર્ક–કુતર્ક નહીં. કાંઈ જ નહીં. શરણા-ગતની શ્રદ્ધાથી સંપૂર્ણ વિનય, વિવેક, વિશ્વાસ–આ જ રાજ-માર્ગ છે. એના ગહન માર્ગને સમજવાનો અને પામવાનો.

એવા વિશ્વાસથી વાતો સાંભળો કે તમારાં રૂંવાડાં ઊંચાં થઈ જાય. નમ્ર ભાવે નત મસ્તકે, અંજલિ જોડીને સાંભળો,–'સે એવં ભંતે'–'આપ કહો છો તે જ બરાબર છે,' એમ કહેતા જાઓ. બસ Q. E. D. બધે ચર્ચા-વિચારણા નહીં. "જ્યાં ચર્ચા ત્યાં મરચાં, અને પછી ત્યાં પૈસાના ખરચા."

ફક્ત પુરુષ વિશ્વાસ : શંકા–સંકલ્પ રહિત શરણા-ગતિ. વિશ્વાસની આવી વૃત્તિ તો મીઠાની પુતળી સમાન

છે. પાણીમાં નાખો કે ઓગળી જાય. પુરુષ વિશ્વાસમાં આત્મવિલોપન થાય. 'હું જ નથી, જે છે તે ભગવાન છે.' હુંનું વિસર્જન–આત્માનું વિલોપન કરો. પાણીમાં મીઠાની પુતળી ઓગળી જાય તેમ આત્માને વિશ્વાસમાં ઓગાળી નાંખો. પુરુષ વિશ્વાસ અટળ ને અફર બનશે ત્યારે આવી મંગલ દશા અનુભવવા મળશે.

**તીર્થંકરદેવનું ચરિત્ર**—તીર્થંકર અંગે કાંઈ પણ કહેવાનું હોય તો ઓછામાં ઓછા છેલ્લા ત્રણ ભવ તો કહેવા જ જોઈએ. સિદ્ધ ભગવાનની કથા એક ભવની પણ હોય. કિન્તુ અરિહંતની કથા ત્રણ ભવની તો હોય જ. છેલ્લા ત્રીજા ભવથી શરૂઆત કરવાની. જો પહેલેથી શરૂ થાય તો ઉત્તમ; નહીંતર પૂર્વના ત્રણ ભવથી તો કથા ઉપાડવી જ જોઈએ.

મહાવીરદેવની કથા દેવાનંદથી શરૂ કરો તો તે બરાબર નથી. ત્રણ ભવ પૂર્વના કહ્યા વગર તેમને સાચો ન્યાય આપી ન શકાય. હવે તો બુદ્ધિજીવી લોકો દેવાનંદાને પણ ઉડાડવા માંડયા છે. ફક્ત ત્રિશલાથી જ આરંભ. વળી તેમાંથી પ્રભુના અતિશયો, કલ્યાણકોને પણ ભારે સુગથી સફાઈપૂર્વક ઉડાડી દેવામાં આવે છે.

**કરુણા :** તીર્થંકરદેવોનો ત્રીજો ભવ—તે કરૂણાનું જન્મસ્થળ છે.

તીર્થંકરદેવની માતા કોણ ?

સંસારીપણાની અવસ્થાની દૃષ્ટિએ ત્રિશલામાતા --પણ જગતકલ્યાણની દૃષ્ટિએ ભગવાનની માતા છે; કરૂણા. ત્રિશલા કહેવા કરતાં આ દૃષ્ટિએ કરૂણાને માતા કહેવી વધુ યોગ્ય છે. દરેક તીર્થંકરદેવના પૂર્વના ત્રીજા ભવમાં કરૂણા હોય. ત્રીજો ભવ એટલે 'last but two' સમજવાનો. આ ભવમાં કરૂણાથી સમગ્ર જગતનું તે તારક આત્માઓ દર્શન કરે છે.

નંદન રાજકુમાર જગતનું દર્શન કયી રીતે કરે છે?

દુઃખીઓનું દર્શન કરે છે, પાપીઓનું દર્શન કરે છે. દુઃખીઓ જો દુઃખી છે તો ઘણા શ્રીમંતો પાપી છે કેમ કે ધર્મ થાય છે અગવડતામાં. સગવડતામાં પ્રાયઃ પાપ થાય છે. શ્રીમંત હોય, અનેકવિધ સગવડતા હોય, ત્યાં અનેકવિધ પાપ થવાનાં—માટે સગવડતાભરી શ્રીમંતાઈને પાપો સાથે ખૂબ મેળ પડે છે.

અગવડ વધુ સારી. તેથી એકબીજામાં વિશ્વાસ કેળાય. સંયુકત કુટુંબ હોય ત્યાં અનેક અગવડો હોય, દીકરો-દીકરી હોય; ત્યાં રહેવાની અગવડતા-સૂવા બેસવાની અગવડતા. તમારી મરજી મુજબ ખાવાનું ન પણ મળે. જો તમે સંયુકત કુટુંબથી જૂદા થાવ તો કદાચ સોસાયટી-માં પણ રહેવા જાવ-ત્યાં સૂવા માટે વધુ જગ્યા મળે, રહેવા માટે વધુ સગવડ મળે. ખાવાનું સરસ મનભાવતું શાક મળે. પણ ત્યાં 'હું તો ને હુતી' રખડી ભટકીને બે વાગે બન્ને ઘરે આવે. ત્યાં પૂછનાર કોણ? બસ, આમાં છે પતન, પતન ને પતન.

હાથે કરીને પણ અગવડતા વહોરો. માતા-પિતા, ભાઈ-ભાભી, દીકરા-દીકરી, કાકા-ભત્રીજા, મામા-મામી, ફૈઈ-ફુઆ, કાકા-કાકી વગેરે રહેતાં હોય ત્યાં કેટલી બધી અગવડતા ! બધાના સ્વભાવ જુદા, પ્રકૃતિ-પ્રવૃત્તિ જુદી. ત્યાં મેળ નથી પડતો. પણ ધર્મ ખાતર અગવડતા સ્વીકારો. ત્યાં ભલે દુઃખ છે, પણ તે દુઃખથી ધર્મ થશે. પાપોનો પડછાયો કદાચ શોધ્યો નહિ જડે.

શ્રીમંતોને ત્યાં સગવડો છે, સુખનો પાર નથી. ત્યાં શું છે? ત્યાં પાપ છે.

આ સત્-ચિત્-આનંદનો માલિક દુઃખી કેમ? દુઃખ કે પાપ તેના આત્માના સ્વભાવમાં નથી. તીર્થંકરદેવોનો તારક આત્મા સહુનાં દુઃખોને અને પાપોને જોઈ દ્રવી ઊઠે છે. "અહાહા ! આ દુઃખ ! આ પાપ ! અબજો પતિ હોય ને ચપ્પણિયું લઈ ફરતો હોય તેવી આ સ્થિતિ છે."

૪૦ વર્ષનો યુવાન અને તેને કેન્સર ! કેવો Contractary-આઘાત ! રે આત્માનો તો સ્વભાવ જ નથી કે તે દુઃખી કે પાપી થાય.

પૂર્વના ત્રીજા ભવમાં તારકાત્મા નંદન રાજકુમારને થયું, "મારું ચાલે તો આ બધાને સત્ય સમજાવી દઉં, પાપમાંથી છૂટવાનો રસ્તો બતાવી દઉં, પાપ કરતાં અટકાવી દઉં, દુઃખમાંથી મુક્તિ અપાવી દઉં.

"સવિ જીવ કરૂં શાસન રસી"-

"વાસના જ ન જાગે તેવો રસ્તો બતાવું. પછી પાપી અપાપ બની જાય ! દુઃખી સુખી બની જાય !" એ તારકાત્મા વિચારે છે કે 'હું જ બધાને તારું, હું જ બધાને દુઃખમાંથી મુક્ત કરું, પાપમાંથી મુક્ત કરું" કરૂણાની આવી ગર્જના કરનાર આત્મા તીર્થંકર નામ કર્મ બાંધે છે. જ્યારે એ તીર્થંકર થાય છે ત્યારે પાપમુકિતનો માર્ગ બતાવે છે. ભલે અભવ્ય આત્મા તરી ન શકે. ભલે તે અભવી જીવ ભગવાનની વાતને કે મોક્ષમાર્ગને ન પકડે, પણ પ્રભુની કરુણામાં તો અભવ્યને પણ છોડાવી દેવાની વાત છે.

આ કરુણાથી અંતે નંદન રાજકુમારે એક દી રાજપાટનો ત્યાગ કર્યો. જ્ઞાનનો પ્રકાશ ન હોય તો સહુને સાચો રસ્તો ન બતાવી શકાય. કેવળજ્ઞાની થયા વગર તીર્થંકર ન બોલે, મૌન રહે, કદાચ જે તે બોલાઈ જવાય તો કેટલો બધો અનર્થ થઈ જાય ? સ્વયં બુદ્ધ જ્યાં સુધી સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી ન બોલે. તે તો શાસનના પ્રણેતા છે. તેમણે જ્ઞાનપ્રકાશ પામવો જોઈએ. તે માટે જ ભગવાન મહાવીરદેવે સાડાબાર વર્ષની ઘોર તપશ્ચર્યા કરી. સાધના કરી, જ્ઞાનમય જીવન વીતાવ્યું, તપ–ત્યાગ–સંયમની આરાધના કરી અભ્યંતર તપ સાથે બાહ્ય તપની પરાકાષ્ઠા સાધી. એ જ્ઞાન સર્વજ્ઞ થયા વિના શે મળે ? તારક આત્માઓએ સર્વજ્ઞ બનીને સઘળા કાર્યકારણ ભાવ જોયા અને તેમાંથી સચરાચર વિશ્વનો નિયમ ઘડયો કે હિંસા કરે તે દુર્ગતિમાં જાય–અને અહિંસાને આદરે તે સદ્‌ગતિ પામે વગેરે.

**ત્રીજો ભવ તે કરૂણાથી ભરપૂર ભવ.**

તેમાં તીર્થંકર નામ નિકાચિત થાય. નિકાચિત એટલે તેને ભોગવ્યે જ છૂટકો. વચલો જે ભવ છે તેમાં તે તારક આત્માઓ કાં સ્વર્ગમાં જાય અથવા નરકમાં પણ જાય. આમ તીર્થંકરદેવનો તારક આત્મા છેલ્લા ભવમાં સ્વર્ગ-માંથી કે નરકમાંથી આવે છે.

તેઓ સ્વર્ગમાંથી જ આવે તેવો નિયમ નથી. નર-કમાંથી પણ આવે. પદ્મનાભ પ્રભુનો જીવ [શ્રેણિકનો જીવ] હાલ નરકમાં છે તે નરકમાંથી ઉદ્ધર્તન પામીને, જન્મ લઈને તીર્થંકરદેવ થશે.

**દેવલોકમાંથી આવવું તેને 'ચ્યવન' કહેવાય.**

**નરકમાંથી આવવું તેને 'ઉદ્વર્તન' કહેવાય.**

આ પારિભાષિક શબ્દો છે. શ્રણિકના જીવનું ઉદ્-વર્તન કહેવાય. ભગવાન મહાવીરદેવના જીવનું 'ચ્યવન' કહેવાય.

સામાન્ય નિયમ એવો છે કે તીર્થંકરો સ્વર્ગલોકમાંથી આવે; પણ કોઈક વાર નરકમાંથી પણ આવે. તીર્થંકર નામ-કર્મને નિકાચિત કરતાં પહેલાં કોઈ અશુભ લેશ્યામાં નર-કાયુનો બંધ નિકાચિત કરી દીધો હોય તો તે આત્મા તે નરકમાંથી અંતિમ ભવમાં આવે.

કોઈ પૂછશે કે સર્વને તારવાની ભાવનાવાળો એ

સંયમધર આત્મા દેવલોકમાં કેમ જતો હશે? તેનું સમાધાન એ છે કે એ તારક આત્માઓ સરાગ સંયમને પાળે છે. જીવમાત્ર પ્રત્યે જે કરૂણા હતી તે રાગપૂર્વકનું તેમનું સંયમપાલન છે. આ સરાગ સંયમનું ફળ નિયમતઃ દેવલોકની પ્રાપ્તિ છે.

આમ તે તારકાત્માઓને દેવલોકમાં જવું પડ્યું છે. પાપક્ષય સાથે પુણ્ય કર્મનો ક્ષય જરૂરી છે. પરાર્થરસિક આ મહાત્માને પાપક્ષય સાથે પુણ્યકર્મનો બંધ પણ જોરદાર હતો. તપ–ત્યાગ આત્માનું કર્તવ્ય છે. તેમાં આત્મરસિકતા, સ્વાર્થરસિકતા છે. તે મુખ્યત્વે પાપકર્મનો ક્ષય કરાવે છે. પણ જે પરાર્થરસિકતા છે તે તો પુણ્યકર્મનો જોરદાર બંધ કરાવે છે. પ્રશ્ન થશે કે પુણ્ય કર્મનો ક્ષય ક્યાં થતો હશે? તેનો ઉત્તર એ છે કે અનાસક્ત યોગીઓનો પુણ્યક્ષય સ્વર્ગલોકમાં થાય. હા, જો શ્રેણિ માંડે તો તો સ્વર્ગે ગયા વિના ય સર્વ પુણ્યક્ષય અહીં જ થઈ જાય.

તારક આત્માઓને દેવલોકના સુખવૈભવમાં લગીરે આસક્તિ ન હોય. અવધિજ્ઞાનનો ઉપયોગ માંડે ને વિચારે કે હું અહીં ક્યાં ફસાયો? શાસનની સ્થાપના શે' થશે? હવે હું ક્યારે માનવ તરીકે જન્મું અને સર્વકલ્યાણ આરાધું?

કદાચ તીર્થંકરદેવના આત્માને નરકમાં જવાનું થાય તો ત્યાં તે પરમ શુદ્ધ સમાધિમાં રહે. નવા અશુભ કર્મનો બંધ ન થાય, અને તે રીતે નરકમાં પાપકર્મનો ક્ષય

કરે. આવા આત્માઓ આ પૃથ્વી ઉપર જન્મતાંની સાથે જ મતિ, શ્રુત ને અવધિજ્ઞાનથી યુક્ત હોય.

મહાવીરદેવના તારક આત્માએ ત્રણ જ્ઞાનયુક્ત જન્મ પામ્યા પછી ગૃહજીવન ગાળ્યું. પણ તે હતા વિરક્ત–આજન્મ યોગી. જ્યાં ભોગાવલી કર્મ ખલાસ થવા લાગ્યું કે તે જ ક્ષણે તેમને થયું કે "ક્યારે સંસારને દુઃખ–પાપથી મુક્ત કરું ? સંસાર છોડી દઉં" પણ માતપિતાને તે સ્વીકાર્ય નથી. મહાવીરદેવે અવધિજ્ઞાનથી જોયું હતું કે હજી પોતે સંસારમાંથી છટકી શકે તેમ નથી, તેથી સંસારમાં રહેવું પડ્યું.

નેમ–રાજુલનો પ્રસંગ જુઓ, ચોરી માંડી તોરણે આવ્યા ને પાછા વળી ગયા. સમુદ્રવિજય રાજા ને શિવાદેવીએ ખૂબ સમજાવ્યા પણ નેમ ટસના મસ ન થયા. જે તારકોને ભોગાવલિ કર્મ ન હોય તે સંસારમાં એક ક્ષણ પણ ન જ રહે.

## પરમાત્માની ઓળખ

પરમાત્માની ઓળખ શું ? રાગ, દ્વેષ અને અજ્ઞાન આ ત્રણથી સર્વથા રહિત તે પરમાત્મા. પરમાત્માની માતા કોણ ? પરમાત્માની માતા કરૂણા, તે આત્મા દેવલોકમાંથી ચ્યવીને પંદર કર્મભૂમિમાંથી કોઈ એક સ્થાને જન્મ લે. નિકાચિત કર્મ પૂર્વે બાંધેલ હોય તે પ્રમાણે ભોગવાઇ જતાં દીક્ષા લે. પછી તે કોઈની વિચારણા ન કરે. માતા, પિતા,

ભાઇ, સગાં-સંબંધીની પણ નહિ. આ બાબતો આનુષંગિક હોય છે. મુખ્ય વાત તો ચારિત્ર્ય મોહનીય કર્મ હોય છે.

ભગવાન મહાવીરદેવ દીક્ષા લેવા તૈયાર થયા. પણ માતા-પિતાના કારમા સ્નેહરાગ આગળ તેમને નમતું જોખવું પડ્યું, દીક્ષા લે તો માતા-પિતાને આઘાત લાગે તેમ હતું. કદાચ તે આઘાત જીવલેણ પણ બની જાય.

ભગવાનનું ચારિત્ર્ય મોહનીય કર્મ અનિકાચિત હતું. જાણે કે મૂઠી મારે ને તૂટી જાય તેવું. વળી ભગવાને જોયું કે માતા-પિતાનું આયુષ્ય કર્મ પણ અનિકાચિત છે. એટલે પોતાનું અનિકાચિત કર્મ તોડતાં, માતા-પિતાનું અનિકાચિત મોહનીય કર્મને તોડવા જતાં વર્દ્ધમાન પ્રભુએ દીક્ષા લીધી હોત તો પરિણામ શું આવત? માતા-પિતાને આઘાત લાગત, મૃત્યુ થાત. અને પછી લોકો કહેત કે, "જુઓ સર્વને તારનાર આ મહાત્મા માતાપિતાના મરણમાં નિમિત્ત બન્યા."

ભગવાને માતા-પિતા તરફ વિનય સાચવ્યો. માતા-પિતાનો વિજય થયો. બાહ્ય રીતે આ વિજય ગણી શકાય. ભગવાને નિર્ણય કર્યો કે, જ્યાં સુધી માતા-પિતા જીવતાં હોય ત્યાં સુધી જ સંસારમાં રહેવું. દીક્ષા લે તો માતા-પિતાનું મોત! પોતાનું કર્મ તૂટે અને ત્યાં માતા-પિતાનું જીવન તૂટે, કેવો ઉત્કૃષ્ટ નિર્ણય!

પોતાનું કર્મ તૂટે તેવું ન હોત તો પ્રતિજ્ઞા કરવી ન પડત. "તૂટે તેવું મારું ચારિત્ર્ય મોહનીય કર્મ માતા-

પિતાના અનિકાચિત આયુષ્ય કર્મને ધક્કા લાગે તેવું છે" આવું તે જ્ઞાની પુરૂષ જાણતા હતા. આપણે કાંઈ આવું જાણતા નથી કે, 'હું દીક્ષા લઉં તો માતા-પિતાને આઘાત લાગે!

આપણે તો પંચસૂત્ર ગ્રન્થમાં કહ્યા મુજબ માયા પણ કરવી પડે. જ્યોતિષને સાધીને જુઠ્ઠું પણ બોલવું પડે. આ તમારા દીકરાનું આયુષ્ય થોડું છે, તો લેવા દો દીક્ષા' આમ માતા-પિતાને મનાવવાં, સમજાવવાં. પછી તેમની આશિષ લઈને દીક્ષા લેવી. અને જો કદાચ તે ન જ માને તો પણ માતાપિતા ખાતર હું રહી જાઉં એવો વિચાર ન કરવો. ભગવાનની આજ્ઞાને બદલે નીતિ અખત્યાર ન કરવી. માતાપિતાને મનાવીને માર્ગ લેવો. પણ તે શકય ન જ હોય તો માતાપિતાને મૂકીને પણ ચારિત્ર્ય ધર્મ અંગીકાર કરવો. પરમાત્મા ઋષભદેવે હજારોને રોતા મૂકી દીક્ષા અંગીકાર કરી છે. નેમિનાથ પ્રભુએ કેટલાયને રડતા-ઝૂરતા મૂકીને દીક્ષા લીધી છે. હા, ભાઈ કે પિતા દેવાદાર હોય તો દેવું પતાવી દેવું. સમજૂતી કરી લેવી. મોહ ઊઠી જાય તેવાં વ્યાખ્યાનોમાં માતાપિતાને લઈ જવાં, તેવું વાંચન કરવા આપવું. તેથી સમજૂતીના મૂડમાં આશીર્વાદ લેવાય તો ખૂબ સરસ. તેમની આંતરડી કકળાવીને તેમને દુઃખી કરીને, હેરાન કરીને, "દીક્ષા અપાવો છો કે નહીં?" આવી ધમકી આપીને, દીક્ષા ન લેવી, પણ સાથે સાથે તેમના મોહનીય કર્મના ઉદયની વિશિષ્ટતા હોય તો છેવટે વિધિવત્ દીક્ષા લેવી. અસ્તુ.

દીક્ષા લીધા પછી સાડાબાર વર્ષ સુધી ભગવાને ઘોર તપ કર્યું. પરિણામે વૈશાખ સુદ ૧૦ ના રોજ તેમને કેવળ-જ્ઞાન થયું.

અહીં પ્રશ્ન થશે કે ભગવાને ભગવાન થવા માટે આ સાધના કરી?

સર્વથા રાગ-દ્વેષ વિનાના થવા માટે પ્રભુએ સાડાબાર વર્ષ ઘોર તપશ્ચર્યા કરી. પ્રભુ વીતરાગ થયા, પછી તરત સર્વજ્ઞ થયા. પછી ધર્મશાસનની સ્થાપના કરી. આ બધું કોને માટે પ્રભુએ સહન કર્યું? મોક્ષ માટે. અપેક્ષાએ એમ કહી શકાય કે જીવમાત્ર પ્રત્યેની કરૂણાથી પ્રેરાઈને પ્રભુએ આપણા માટે જ આટલું બધું સહન કર્યું. બા માટે લાગણી કેમ જન્મે છે? બાએ આપણે માટે કેટલું સહન કર્યું? પોતે ભૂખ્યા રહી આપણને પોષ્યા, આપણે માટે પોતાનું સુખ હોમ્યું. પોતે જાગી આપણને ઉંઘાડ્યા. આ જનનીની જોડ ક્યાં મળે? આથી જ બા માટે આપણને લાગણી થાય છે.

બાપા માટે લાગણી કેમ થાય છે? તેમણે આપણે માટે પેટે પાટા બાંધીને આપણને સુખ આપ્યું. દિવસ-રાત જોયા વિના મહેનત-મજૂરી કરી.

ત્યારે ભગવાને તો આખા વિશ્વના કલ્યાણ માટે સાડાબાર વર્ષની ઘોર તપશ્ચર્યા કરી. આથી જ આપણને તેમના પ્રત્યે અહોભાવ જાગે છે.

પોતાનાં કર્મના ક્ષય માટે તેઓએ સહન કર્યું, પણ

મૂળમાં તો આપણા માટે,–આપણા સુખ માટે-તપ કર્યું, સહન કર્યું એમ કહી શકાય. "હું બધાંને તારું, બધાને બચાવું" આમ સહુને બચાવવા માટે પોતે સહન કર્યું.

અનેકવિધ ત્રાસ–સતામણી સહન કરી. અનાર્ય ઉપસર્ગો સહન કર્યા. કૂવામાં લટકયા. કેટકેટલું સહન કર્યું. કેવા ફટકા, સીતમ સહન કર્યા. આ વિચાર કરતાં તેમને માટે આપણને અહોભાવ જાગે છે.

ચાઉ એન લાઈ મર્યા ત્યારે આખું ચીન રડી પડયું. કારણ? ચીનનો ઉત્કર્ષ કરનાર તે હતા. તેમણે ચીનને મહાસત્તા સમોવડું બનાવ્યું. તે જતાં લોકો છાતી કૂટવા લાગ્યાં. આપણા પ્રધાન જાય તો લોકો પેંડા વહેંચે! ચાઉએ પોતાનો વૈભવવિલાસ આપણા પ્રધાનોની માફક ન કર્યો. જીવનભર ચીની પ્રજા માટે તેઓ મરી ફીટયા, તેથી જ કરોડોએ છાતી કૂટી.

કોઈએ આપણા માટે કાંઈ કર્યું હોય, આપણા ઉપકારી બન્યા હોય, તેને માટે આપણા હૃદયમાં ભાવ જન્મે લાગણી જન્મે, તેમને માટે માન થાય.

અહીં કોઈ માણસ વોટ લેવા માટે આવે તો વિચારીએ કે આપણા માટે તેમણે શું કર્યું છે? જો એમ જણાય કે આપણા માટે તેમણે ઘણું કર્યું છે તો આપણે કહીએ કે તમે ઘેર બેસો, તમે જરાય ચિંતા કરશો નહિ, અમે તમને જ વોટ આપશું; અને જીતાડી દઈશું.

ભગવાને આપણા માટે કાંઈ કર્યું છે ખરું? એ પ્રશ્ન

છે. એનો ઉત્તર એ છે કે હા, તેમણે તો વિશ્વના જીવ માટે, તેમના કલ્યાણ માટે કેટલું ત્યાગ્યું ? કેટલું સહન કર્યું ? ફક્ત એક જ ભાવના—"સવિ જીવ કરૂં શાસન રસી" કેટલી અપાર કરૂણા !

(૧) જે પોતાની જાતનો ઉદ્ધાર કરવા વિશિષ્ટ પ્રકારની પદ્ધતિ અપનાવે, આત્મકલ્યાણ માટે વૃત્તિ દાખવે અને પ્રવૃત્તિ પણ કરે તે મૂક કેવલી બને. તેઓ આત્મકલ્યાણ માટે ઉપદેશ આપે. "આપણે આપણા આત્માનું કલ્યાણ કરીએ. આપણે આત્મકલ્યાણ કરીએ તોય ઘણું સારૂં." આવું નાનું કુંડાળું તે દોરે. આપણું કરવાનો ભાવ હોય તેવા આત્મા મૂક કેવળી થાય.

(૨) "મારા એકલાનું કલ્યાણ નહીં પણ આ આખા કુટુંબનું—માતા, પિતા, ભાઈ, બેન, કાકા, કાકી આ બધાયનું હું કલ્યાણ કરું. આખા કુટુંબને તારું." અહીં પરાર્થનું વર્તુળ જરા મોટું થયું. મારું જ નહીં પણ મારા કુટુંબીજનોનું પણ કલ્યાણ સાધું. બધાને દીક્ષા અપાવું, ઘરે તાળાં દઉં." આવી ભાવના ભાવનાર આત્મા ગણધર થાય.

(૩) સારાય વિશ્વના જીવમાત્રને તારવાની ભાવના. 'शिवम् अस्तु सर्वजगतः' ની ભાવના જેનામાં હોય તે તીર્થંકર થાય. સબૂર ! આવી ભાવના તો સઘળા સાધકને હોય પણ આ આત્માને તો તે અંગેની પ્રવૃત્તિ પણ હોય.

શકય છે કે આવી આવડત કોઈનામાં ન પણ હોય, તો તે અંગે વિચારે તો જરૂર. ભલે તમે છ માસના

ઉપવાસ ન કરી શકો પણ તમારી તેવી ભાવના તો હોવી જ જોઈએ કે ક્યારે હું આવી તપશ્ચર્યા કરું?

વિશ્વમાત્રની કલ્યાણ કરવાની સક્રિય ભાવના હોય તે આત્મા તીર્થંકર થાય. તેના આત્મામાં જોર, જુસ્સો જોઈએ. ગર્જના કરવાની તાકાત જોઈએ. તેમના આત્મામાં અફાટ કરૂણા વહેતી હોય છે. આવી અસીમ અપાર કરુણા જીવમાત્ર પ્રત્યે હોવાથી જ ભગવાન ઘોર તપશ્ચર્યા કરી શકે છે.

પરંતુ ભગવાને આટઆટલાં ઘોર સીતમ સહન કર્યા. પારાવાર ઉપસર્ગો સહન કર્યા. તે માટે આપણે પ્રભુને પૂછીએ કે પ્રભો! આ બધું કોને માટે કર્યું? આ બધું આપે શા માટે સહન કર્યું?

મને લાગે છે કે પેલી એલીસે જે જવાબ આપ્યો હતો તે જ જવાબ પ્રભુ પણ આપે.

એલીસ રાજકુમારી હતી. તે મહારાણી વિકટોરિયાની પૌત્રી હતી. તેને એક દશ વર્ષનો દીકરો હતો. તે દીકરાને છાતીમાં ભયંકર રોગ થયો. તેમાંથી રસી બહાર આવ્યા કરે. તેનો શ્વાસ પણ ગંધાય. એ શ્વાસના સંપર્કમાં જે કોઈ આવે તેને ખલાસ કરે. આવો તે જીવલેણ રોગ. તેથી તેની પાસે કોઈ રહી શકે નહીં. તેને હોસ્પિટલમાં દાખલ કર્યો. તેની પાસે કોઈએ જવાનું નહીં. તેની મા ઉપર પણ પ્રતિબંધ મુકાયો. તેના જર્મ્સ એવા તો ભયંકર હતા કે તે જો નાકમાં, કાનમાં કે મુખ દ્વારા શરીરમાં ગયા તો આવી બન્યું. પેલો રોગી છોકરો કદાચ જીવે, પણ તેના

શ્વાસના germs જેના શરીરમાં ગયા તે તો પહેલો જ મોતને ભેટે.

પણ એલીસ આ બધું સમજવા તૈયાર નથી. તે તો બાળક પાસે જવા માથાકૂટ કરવા લાગી. છેવટે તેને ત્યાં જતી અટકાવવા માટે વચમાં દોરડાં બાંધ્યાં, જેથી એલીસ ત્યાં જઈ જ ન શકે.

બીજે દી' એલીસ આવી, તેણે જોયું કે વચમાં દોરડાં છે, દીકરા પાસે જઈ શકાશે નહીં. દૂરથી દીકરો હાથ હલાવી બોલાવે છે, 'મા, અંદર આવ, મારી પાસે આવ' પણ એલીસ બાળક પાસે જઈ શકતી નથી. તે પાછી ચાલી ગઈ. નિરાશા–હતાશાએ એને ઘેરી લીધી.

બીજો દિવસ થયો. તે હોસ્પિટલે આવી. દીકરાએ હાથ લાંબો કરી કરીને માને બોલાવી. "તું શા માટે નથી આવતી મમ્મી ?" પણ એલીસ શો જવાબ આપે ?

તેના હૃદયમાં અકથ્ય ખળભળાટ થયો. વાત્સલ્યનો પ્રવાહ વહેવા લાગ્યો. આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. દીકરાની પાસે નહિ જઈ શકવા બદલ માતૃહૃદય ઘવાયું, ધુંવાકુંવા થયું. પણ કરે શું ?

ત્રીજો દિવસ થયો. આખી રાત માતૃહૃદયે તરફડાટ કર્યો. ઉંઘ ન આવી. દીકરો સામે તરવરે છે, બોલાવે છે, પણ 'મા જેવી મા અને છતાં હું તેની પાસે ન જઈ શકું ?' નિરાશામાંથી હતાશા–હતાશામાંથી આંસુ–આંસુમાંથી ક્રોધ–

મગજ ફરી ગયું. લીધી છરી હાથમાં અને ગઈ હોસ્પિટલમાં. –ત્યાં તો વચ્ચે હતું. બંધન દોરડાનું. ત્યાં જ અવાજ આવ્યો, "મમ્મી! આવ, અહીં આવ, કેમ ત્યાં ઊભી છે? જલ્દી આવ." અને વાત્સલ્યે ઉછાળો માર્યો. છરા વતી ખચ, ખચ, ખચ કરતાં ત્રણે દોરડાં એલીસે કાપી નાખ્યાં. દોડતી ભેટી પડી દીકરાને–તેને ચુમીઓ ભરવા લાગી–છાતી સરસો ચાંપવા લાગી–મોંઢે, હાથે, વાંસે હાથ ફેરવવા લાગી–બસ ચોંટી જ પડી. ત્યાં હાજર રહેલ નર્સો આ બધું જોઈ ગઈ અને હેબતાઈ ગઈ. તેઓ ડોકટરો પાસે દોડી. ફોન થયા. રાણી વિક્ટોરિયાને ખબર આપવામાં આવી. ડોકટરો દોડી આવ્યા. આગળથી નર્સોને કડક હુકમ હતો કે "આ એલિસ mother–hood ખાતર દીકરાને ભેટવા દોડી આવશે. ખાસ ધ્યાન રાખજો. જો ગલફત થઇ તો તમારું આવી બનશે." આથી બધી પરિચારિકાઓ ગભરાઈ ગઈ. ધ્રૂજવા લાગી. હવે શું થશે? આ તો રાણીની પૌત્રી! હવે આવી બન્યું! બેદરકારી જાહેર થશે અને નોકરીમાંથી પાણીચું મળશે!

આવા વિકલ્પો ચારેબાજુ ચાલતા હતા. રાણી આવી પહોંચી. અમલદારો–ડોકટરો–સંચાલકોથી હોસ્પિટલ ઊભરાઈ ગઈ. હવે શું થશે? રાણી શો હુકમ આપશે? ડોકટરો મૂંઝાઇ ગયા, ગભરાઈ ગયા, કરગરવા લાગ્યા.

રાણીએ કહ્યું, "આ ત્યાં પહોંચી છતાં કોઈને ખબર પણ ન પડી?"

ડોક્ટરસે પોતાનો બચાવ કરવા ખાતર ધ્રૂજતાં ધ્રૂજતાં તે એલીસની તરફ ફરીને પૂછ્યું, "તમને મના કરી હતી છતાં તમે શા માટે આવ્યાં? શા શાટે બાળકને અડક્યાં? હવે તે germs તમારા શરીરમાં પ્રવેશ્યા છે. પરિણામ શું આવશે તે જાણો છો?

વારંવાર એક જ પ્રશ્ન પુછાવા લાગ્યો કે તમે શા માટે અહીં આવ્યાં? શા માટે દોરડાં કાપ્યાં? ડોકટરો–નર્સો ડરતાં ડરતાં આવો પ્રશ્ન પૂછે છે. "આવું મરી જવાનું ગાંડપણ કર્યું શા માટે?"

છેવટે એલીસ ઊભી થઇ. આ પ્રશ્નોની ઝડી વરસતી જોઈને તેની આંખનાં ભવાં ચઢી ગયાં. ક્રોધથી હોઠ ફફડવા લાગ્યા અને બોઈલરમાંથી અચાનક વરાળ છૂટે તેમ ગર્જવા લાગી. "મને એમ પૂછો કે હું શા માટે મારા બાળક પાસે ગઈ? તમે મને મને પૂછો છો કે આ ગાંડપણ મેં કેમ કર્યું? શરમ નથી આવતી તમને આવું પૂછતાં?

આમ બોલ્યા પછી તે રડી, નીચે પડી, બેભાન થઈ. વળી સ્વસ્થ થતાં બોલી, 'કેમ કે હું તેની મા હતી, ના, ના....તમે તે લાગણીને નહીં સમજી શકો. "ફરી તે બોલી, "કેમ કે હું તેની મા હતી."

બસ, એટલું બોલતાં બોલતાં જ એલીસ ઢળી પડી. તેના પ્રાણ ચાલ્યા ગયા.

આપણે ભગવાનને કહીએ, "હે ભગવાન! આટલું

કષ્ટ આપે શા માટે સહન કર્યું? કેટલા સીતમ, કેટલાં કષ્ટો, કેટલો ત્રાસ, આ બધું શા માટે? કોને માટે? પેલી વ્યન્તરીએ ઠંડુ હીમ જેવું પાણી વાળમાં નાખી, તમારા પર ઝાપટ મારી, પણ આવા ઉપસર્ગ શા માટે સહ્યાં? આ બધું પારાવાર દુઃખ શા માટે સહન કર્યું? આપ તો કેવળજ્ઞાની થવાના જ હતા. હવે અહીં શું રહી જવાનું હતું? હવે કયાં કર્મ ખપાવવાનાં હતાં? આ બધું કોને માટે? શા માટે? કહો, આપણા પ્રશ્નનો ભગવાન શો જવાબ આપે? પ્રભુ જો ભાવાવેશમાં આવતા હોત તો જરૂર એમ કહેત કે, "શું તમે મને પૂછો છો કે મેં શા માટે આ બધું સહન કર્યું? કેમ કે હું તમારી મા છું."

મા કેવી હોય? દીકરાનું દુઃખ જોઈ ભૂખ ભૂલી જાય. દીકરો તાવથી ધગધગતો હોય તો ચોવીસે કલાક તેની પાસે જ બેસી રહે. ઉજાગરા કરે. તેની બેન કહે: "ઊઠ હવે થોડી ઊંઘ લે, આરામ લે, જરા ખા" તો તે ઊઠે નહિ. તે સહુને કહેશે, "તમે જાઓ. હું અહીં જ બેઠી છું. મને કશું થતું નથી," આ છે માતાનો અસીમ પ્રેમ.

પરમાત્માને સર્વ જીવો માટે અસીમ, અપાર પ્રેમ હતો. પોતે અપાપી છે, પણ પાપી પ્રત્યે ય અસીમ કરુણા વહાવે છે. જન્મ જન્મનાં સંભવિત દુઃખો જોઈને આંખમાંથી આંસુ આવે છે. જ્યારે સંગમને પાછો વળતો જુએ છે ત્યારે સંગમને જોઈને પ્રભુને કરુણા આવે છે. તેઓ મનોમન બોલી ઊઠે કે, "આનું શું થશે?" સંગમનાં દુઃખોથી પોતે

દુઃખી થાય છે. "તારૂં શું થશે ?" જેણે પોતાના પર છ માસ ઉપસર્ગ કર્યા–એક રાતમાં ૨૦ ૨૦ ઉપસર્ગ કર્યા, કાળચક્ર ફેરવ્યું, ગોચરી દોષિત કરી, પાણી દોષિત કર્યું, તૃષા અને ભૂખથી પ્રભુને ત્રાસ આપ્યો. ઉપસર્ગ સહન કરતાં છ છ માસ ફરે છે. કયાંય દોષરહિત ગૌચરી નહીં, વિરામ નહીં અને છતાંય "મારું શું થઈ રહ્યું છે !" આવો વિકલ્પ પણ એમના અંતરમાં ઊઠતો નથી. ઉપરથી પ્રભુ તેના પ્રત્યે અસીમ કરૂણા વહાવે છે.

આવા પ્રભુએ વૈશાખ સુદ દશમનાં રોજ વીતરાગ બન્યા, પછી સર્વજ્ઞ થયા. વીતરાગ બન્યા પછી અંતર્મુહૂર્તમાં સર્વજ્ઞ બને. અંતર્મુહૂર્ત એટલે આંખનો પલકારો મારો તેટલો જ જાણે સમય.

જ્ઞાન પ્રગટયું, મૌન ગયું. ભગવાન બોલ્યા. ભગવાને પ્રથમ દેશના આપી, પણ પ્રથમ દેશના નિષ્ફળ ગઈ.

**નિષ્ફળ દેશનાનું સફળ રહસ્ય**–શાસ્ત્રો કહે છે કે ભગવાનની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ. કારણ કે તે વખતે કોઈએ સર્વવિરતિ ધર્મ સ્વીકાર્યો નહીં ! તે ભગવાનમાં કેવી પ્રચંડ તાકાત હતી ! તિર્યંચથી માંડી પંચેન્દ્રિય જીવો તેમની દેશના સમજી જાય વગેરે ૩૫ અતિશયોથી યુક્ત વાણી હતી. ભલભલાનાં છાતીનાં પાટિયાં બેસી જાય તેવી એ દેશના હતી. છતાં કોઈ તૈયાર ન થાય તે આશ્ચર્ય ! કોઇ પણ આત્મા સર્વવિરતિનો સ્વીકાર કરવા તૈયાર નહીં. પહેલી જ વખતે આવું બન્યું ! શા માટે ? ભગવાનને

વિરતિ ધર્મવાળાની જરૂર શી ? કયાં બીજા ઓછા હતા ? ઈન્દ્રો હતા, દેવો હતા,. સત્તાધારી રાજા મહારાજા, ચક્રવર્તી હતા, શ્રીમંતો હતા. ઈન્દ્રોનો વૈભવ કેવો ? તેઓ કેવા શ્રીમંત ? તેમની એક મોજડીમાંનાં રત્નોની કિંમત આખા જંબુદ્વીપનાં રત્નોના ઢગલાની કિંમત કરતાં વધુ ! આવા શ્રીમંતો અને બેજોડ સત્તાધારીઓ હતા. પણ ભગવાનને તેમની જરૂર ન હતી. ભગવાનને શાસન ચલાવવું હતું. શાસનને ટકાવનાર વિરતિ ધર્મવાળાની જરૂર હતી. પ્રભુ જ્ઞાનબળે જાણતા હતા કે વિશ્વનું કલ્યાણ સત્તાધારી, દેવો કે ઇંદ્રો કદી કરી ન શકે.

વિશ્વકલ્યાણ માટે સત્તા અને સંપત્તિ પણ સાચાં માધ્યમ નથી. સર્વસંગ ત્યાગી સાધુનું સૂક્ષ્મબળ જ એક પ્રચંડ શકિત છે, એ જ વિશ્વકલ્યાણનું સાચું માધ્યમ છે.

ધનાદિથી જો વિશ્વનું કલ્યાણ થતું હોત તો દેવો, દાનવો અને સત્તાધારીઓ તે દેશનામાં ઘણા હતા. દેવ-દાનવોને પ્રભુએ કહ્યું હોત કે સોનૈયા ઘેર ઘેર વરસાવો, અને કહો કે, જે જૈન ધર્મ સ્વીકારશે તેને સોનૈયા આપવામાં આવેશે.”

ત્યાં કેટલાય વ્યંતર દેવો હતા, તેમણે પણ ક્ષણવારમાં ચારે તરફ સોનાનો વરસાદ વરસાવી દીધો હોત, અને લાખો લોકો જૈન ધર્મનો સ્વીકાર કરી દેત. એથી જૈન ધર્મનો જયજયકાર મચી જાત. સોનાથી શું આવું ન થઈ શકત ? જરૂર થઈ શકત.

પણ ના....પ્રભુને તેવો તેવો ધર્મ ખપતો નથી. તેમણે આ શ્રીમંતો અને સત્તાધારી તરફ નજર ફેંકી ન ફેંકી અને તેઓ ચાલી નીકળ્યા. ધન કે સત્તાનાં માધ્યમોની બોલબાલા ઉપર જાણે કે તેઓ થૂંક્યા.

પ્રભુને તો વિરતિ ધર્મ દ્વારા જ વિશ્વનું કલ્યાણ જણાતું હતું જીવમાત્રના દુઃખનો નાશ, જીવ માત્રમાં પાપનો નાશ.

વિરતિ વિના વિશ્વકલ્યાણ સંભવિત જ નથી એ પરમાત્મા જાણતા હતા. એટલે સર્વવિરતિ ધર્મ સ્વીકારનારા ન મળ્યા, તેથી દેશના પડતી મૂકીને પ્રભુ ચાલી નીકળ્યા.

આ શું બતાવે છે? ધર્મ એ સત્તાનો કે સંપત્તિનો ગુલામ નથી. સત્તાથી અને સંપત્તિથી સાચો અને ચિરસ્થાયી ધર્મ ફેલાવી શકાય નહિ.

આવો જ પ્રસંગ કુમારપાળનો આવે છે.

કુમારપાળે એક વખત હેમચંદ્રાચાર્યને કહ્યું, "ગુરૂદેવ, જૈન ધર્મ ફેલાવવા માટે સોનું વહેંચીએ તો? કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના ગુરૂ દેવચંદ્રસૂરિ હતા. પોતાની જવાબદારી વહન કરી શકે તેવા વિદ્વાન વિચક્ષણ શિષ્ય હેમચંદ્રાચાર્યને શાસનની ધૂરા સોંપી પોતે એ જવાબદારીથી નિર્લેપ રહેતા. દૂર દૂર ગામડામાં રહેતા અવધૂત-ખાખી બાબા-ફક્ત પોતાની સાધનામાં મસ્ત. તેમની પાસે સુવર્ણસિદ્ધિ હતી.

એક દિવસ કુમારપાળે કહ્યું, "ગુરૂદેવ, આપના ગુરૂ

પાસે સુવર્ણસિદ્ધિ છે. તેનો પ્રયોગ કરીએ તો સોનું ખૂબ મળે અને પછી ૧૮ દેશમાં ઘરે ઘરે આપીએ તો ૧૮ યે દેશના લોકો જૈન થઈ જાય."

હેમચંદ્રાચાર્યજી–"બહુ સારું. તારી જેવી ઇચ્છા. ગુરૂદેવને વિનંતિ કરીને અહીં તેડી લાવ."

હેમચંદ્રાચાર્યની આજ્ઞાથી કુમારપાળ પહોંચ્યા દેવચંદ્રસૂરિ પાસે. સંત મહાત્મા ધ્યાનધારણમાં મગ્ન હતા.

"ગુરૂદેવ ! હેમચંદ્રાચાર્ય ગુરૂદેવ, આપને યાદ કરે છે." કુમારે વિધિપૂર્વક કહ્યું.

દેવચંદ્રસૂરિ–"શું કરવા ?"

કુમારપાળ–"ખાસ કામ પડ્યું છે. આપ પધારો."

દેવચંદ્રસૂરિજી–"સારું. આવી જઈશ."

તેમના આગમનનો દિવસ નક્કી થયો. જે દિવસે તે આવવાના હતા તે દિવસે તેમના સ્વાગત માટે ભવ્ય તૈયારીઓ થઈ. આ તો ગુરૂદેવના પણ મહાન ગુરૂદેવ હતા. દાદા ગુરૂ ! પછી કેટલો ઉત્સાહ હોય ? અને તૈયારીમાં કાંઈ ખામી હોય ? પણ દેવચંદ્રસૂરિજી તો પાછલે બારણેથી પેસી ગયા ઉપાશ્રયમાં.

દેવચંદ્રસૂરિજી : બોલ, શું વાત છે ? શું કામ પડ્યું ?

હેમચંદ્રાચાર્યજી : ગુરૂદેવ, આપ બેસો, થોડું વાપરો. ઘણા આગ્રહ પછી, વિનંતિ પછી ગુરૂદેવ શાંતિથી બેઠા. કુમારપાળ ઉપાશ્રયે આવ્યા. પછી એક જગ્યાએ એ ત્રણેય

ખાનગીમાં બેઠા. પછી હેમચંદ્રાચાર્યજીએ વાત કરી કે "ગુરૂદેવ, આ કુમારપાળ ચાહે છે કે આપની પાસે સુવર્ણ-સિદ્ધિ છે. તેનાથી સોનું બનાવાય અને તે ૧૮ દેશમાં વહેંચાય તો અસંખ્ય લોકો જૈન બની જાય. ભારતભરમાં જૈન ધર્મનો પ્રચાર થઈ જાય.

"લોકો સોનાથી કયાં નથી લલચાતા? છૂટે હાથે સોનું વહેંચો કે લોકો જૈન ધર્મ અપનાવશે.

આ સાંભળતાં જ દેવચંદ્રસૂરિજીનું મગજ ગયું. મુખમુદ્રા બદલાઈ ગઈ. તેમણે કુમારપાળને બહાર જવા કહ્યું. કહેવાય છે કે પછી તો હેમચંદ્રાચાર્યનો એવો તો ઉધડો લીધો કે હેમચંદ્રાચાર્ય ડઘાઈ ગયા, રડી પડ્યા. માફી માગી. શું કહ્યું તેમણે? સાંભળો!

"હેમચંદ્રાચાર્ય! શું તું ધનથી વિરાગની પ્રતિમા ખરડવા માગે છે? રાગ ને દ્વેષરહિત ધર્મ મહાન કે રાગ-દ્વેષ સહિત ધન મહાન? લક્ષ્મી દ્વારા ધર્મ વેચાતો હોય તો પ્રતિષ્ઠા કોની? ધર્મની કે ધનની? ધર્મથી અર્થ અને કામની પ્રતિષ્ઠા કરવાની છે કે મોક્ષની પ્રતિષ્ઠા? તારે ધનથી ધર્મને વેચવો છે? ધનને મહાન જાહેર કરવું છે? હેમચંદ્ર તને આ શું સૂઝયું?

"તારા હાથે તીર્થંકરની આશાતના તો નથી થઈ ગઈ ને? તેં પ્રભુના ધર્મને ધન કરતાં હીણો ગણ્યો! પ્રભુ પાસે શું સંપત્તિમાનો ઓછા હતા? તેમની પાસે કોડો દેવો ન હતા? અઢળક સંપત્તિ ન હતી? શાસનના રસિયા

ધનથી નથી બનાવાતા, આધ્યાત્મિકતાથી બનાવાય છે. તને આ બુદ્ધિ સૂઝી ક્યાંથી? રાગ-દ્વેષને જીતનારા પાસે તારા કરતાં તો અનંતગણી વધુ શક્તિ હતી."

ગુરૂદેવ તરફથી સારો એવો ઉધડો લેવાતાં હેમચંદ્રાચાર્યે ખૂબ પશ્ચાત્તાપ કર્યો. માફી માગી અને દેવચંદ્રસૂરિજી પાછા વિદાય થઈ ગયા. કેવું મહાન સત્ય! કે ધનના માધ્યમથી ધર્મ ન ફેલાવાય.

સત્તાના કે સંપત્તિના માધ્યમથી ધર્મ નથી ફેલાતો. આપદ્ ધર્મ ખાતર તેનો ઉપયોગ થાય, પણ તેનું સર્વોપરિત્વ સ્થાપિત ન થાય.

ધર્મની રક્ષા સર્વવિરતિધરોથી થાય. પ્રભુનો ધર્મ વિષય-કષાયની વાસનાને દૂર કરવાનો ધર્મ છે.

પ્રભુની પહેલી દેશના વખતે સભામાં એ અંગે ઉત્સાહ-ઉમંગ ન દેખાયો. વિરતિની તૈયારી કોઇની ન હતી. માટે ભગવાને દેશના પડતી મૂકી, અને તેથી પ્રથમ દેશના નિષ્ફળ ગઈ એમ કહેવાય છે. પણ તે નિષ્ફળતામાં સફળતાનું અદ્ભુત રહસ્ય છુપાયું છે. આ રહ્યું તે રહસ્ય—

સત્તા અને સંપત્તિ ધર્મ માટે વામણાં છે, તેમની ચશમપોશી, ગુલામીની જરૂર નથી. તેવા વિચારમાં જરાય ફસાયા કે ખલાસ.

આજે તેવા કેટલાક સાધુ દોરાધાગા કરી સંપત્તિમાનને ખુશ કરે છે. પછી તેમનાં સંપત્તિનાં માધ્યમથી

ઓચ્છવ કરાવે, મહોત્સવ કરાવે, ધામધૂમ મચાવે. આવા ભગતની આવી સંપત્તિ રાક્ષસી કે ડાકણ સમાન છે. આ ઓચ્છવમાં તે સંપત્તિરૂપી ડાકણનાં જ ડાકલાં બેસી જાય છે. દૂરથી દેખાતો ધર્મ વસ્તુતઃ ધર્મનો ફુગાવો છે. સુવિહિત સાધુ આવું ન ચલાવે. ધન ખર્ચાવે પણ ધનને શ્રેષ્ઠત્વ ન આપે. આમ કરતાં ધર્મ પણ ઓછો થાય તેથી ગભરાવું નહિ. ધર્મ કાંઈ રસાતાળ જવાનો નથી. હજુ ૨૧,૦૦૦ વર્ષ સુધી ધર્મશાસન અવિચ્છિન્નપણે ચાલવાનું છે.

આજે ધનવાનો અને પ્રધાનોના ધર્મોત્સવોની પાછળ તેમના ફોટા, તેમના હાથે ઉદ્ઘાટન, તેમનાં જ ભાષણો, તેમની જાહેર ખબરો, ટી. વી., રેડિયો, રેકોર્ડોના બૂમબરાડાઓનો જ પ્રચાર થાય છે. આ બધુ ધર્મના ફેલાવાના ઓઠા પાછળ કુલ્યુંફાલ્યું છે.

પોતાની પાસે આવેલા માણસના અંતરમાં ધનનો મહિમા વધારવાને બદલે ધર્મનો મહિમા જે સાધુ વધારે અને ધનના મહિમાના તો ભુક્કા જ કાઢી નાખે તે સાચો સાધુ.

ધર્મ ભલે એટલો ને એટલો રહે! વધારે થાય તો વધુ સારું. કદાચ દેખીતો ધર્મ થોડો ઓછો થાય તો ય વાંધો નહિ. ધનનો મહિમા વધારવા પૂર્વક ધર્મપ્રાપ્તિ એ પાપ છે. ધન પાપ છે એવું જેના હૃદયમાં સ્થિર થઈ જાય તે અમારા ભક્તો, અને અમે તેના સાધુ. આવું બેધડક કહેનારા જ પ્રભુશાસનના સાચા સાધુ છે.

## વિરતિનું સૂક્ષ્મ બળ

સર્વવિરતિ ધર્મમાં સ્વકલ્યાણ સાથે પરકલ્યાણ સમાયેલું છે. ગાડી, લાઈટ, માઈક. પ્લેટફોર્મ, પ્રેસ વગેરે તો કલ્યાણોનો નાશ કરનારાં છે.

અધ્યાત્મનાં સૂક્ષ્મ બળોનું સર્જન કરવાથી પ્રભાવ પડે. આવો પ્રભાવ ફેલાવવા માટે જેમની શક્તિ વામણી પડે છે તેવા સત્ત્વહીન સાધુઓ પ્રચારનાં વમળોમાં ફસાયા છે. તેઓ કહેતા હોય છે કે "શું થાય ભાઈ! ધર્મપ્રચાર માટે માઈક તો વાપરવું જ પડે ને! પ્લેટફોર્મનો ઉપયોગ કરવો જ પડે ને? ગાડીમાં ય બેસવું પડે અને મોટરમાં દોડવું ય પડે. સભાઓ ગજવવી પડે." વાતે વાતે અપવાદની વાતો કરનારા અને ઉન્માર્ગનો આશ્રય લેનારા સત્ત્વહીન માણસો શી રીતે ધર્મની સેવા કરી શકશે?

પ્રભાવકો હવે દરેક વર્તુળના આગ્રણીઓને–ક્રીમને જ પકડે, આથી તેમની શકિતનો વધુ પડતો વ્યય નહિ થાય અને પ્રચારનાં ખોટાં સાધનોનો તેમને સહારો લેવો નહિ પડે. જો ક્રીમસ્વરૂપ વ્યકિતઓ ધર્મ પામી જશે તો ઘણું કામ થઈ જશે. બીજા લાખો લોકો પેલા થોડા ક્રીમની પાછળ જશે. ત્રણની પાછળ ત્રણસો જશે, કારણ તેઓ ભોળા છે, સરળ છે, બગાડ બધો ચાવીરૂપ સ્થાને બેઠેલા માણસોથી જ ફેલાય છે. તે સુધરે તો બાકીનાઓને સુધારતાં વાર લાગતી જ નથી.

કોઈ પ્રોફેસર જાતીય બદીમાં સપડાયેલ હોય તો તે SEX નું જ ભાષણ આપશે. અન્યને ખાડામાં નાખશે.

બેંકનો કર્મચારી જો ભ્રષ્ટ હશે તો તે બધાને ખરાબ કરશે. મૂળ ખરાબ હોય તો થડ–પાંદડા સારાં ક્યાંથી હોય ? સારા બનવા માટે બધાએ સારો પ્રયત્ન કરવો પડશે. આજે પ્રચારનાં અનેક સાધનો થઈ ગયાં છે. માઈક, એમ્પલીફાયર, પ્લેટફોર્મ, વાહનો, મોટર, પ્લેન વગેરે, પણ આટલાં બધાં સાધનોનો સહારો સૂક્ષ્મનો સ્વામી લઈ શકે નહિ. એમ કરવામાં તે પોતે જ કદાચ ઊથલી જાય.

ફક્ત 'ક્રીમ'ને પકડો. માતાને સમજાવવાથી દીકરીઓ આપમેળે સમજશે. પિતા હાથમાં હશે, તો દીકરા પર અંકુશ રાખી શકશે. શાળાના શિક્ષકને સંયમી બનાવી દેવાશે તો વિદ્યાર્થીઓ પર સારી અસર ફેલાવી શકાશે. બધા ઉપર સીધો એપ્રોચ ન કરો. મુખ્ય થોડાને જ હાથમાં લો. એ થોડાઓ અનેકોને યોગ્ય રસ્તે લઈ જશે.

સૂક્ષ્મનું બળ ઘણું છે. પણ જો તે બળમાં વિશ્વાસ ન મૂકતાં લોકહેરીમાં આપણે તણાયા તો ખલાસ. ઘાતકી બળો આજે કામ કરી રહ્યાં છે. ધર્મનો ઘાત કરી રહ્યાં છે. બધું ખલાસ કરવા બેઠા છે. વિશ્વનું કલ્યાણ સત્તાધારી નહીં કરી શકે, પણ વિરતિધારી જ કરી શકશે. આરાધનામય જીવનપદ્ધતિને જે પચાવે–તે સાધુ–તે જ સાચો સ્વપર કલ્યાણનો આરાધક.

આજે આપણને ઉતાવળ છે. તાર, ટપાલ વગેરેનો ખૂબ જ ઉપયોગ કરીએ છીએ. પ્રચાર માટે ધમાલ કરીએ છીએ. જરાય સંકોચ નથી રાખતા.

કોઈ સુખવિજયજી મહારાજ હતા. 'વર્ષમાં એકાદ પોષ્ટકાર્ડ ક્યારેક જ લખે. અને ત્યાં સુધી તો લખે જ નહીં, પણ નછૂટકે ખૂબ ખૂબ જરૂર હોય ત્યારે લખે. લખ્યા પછી કેટલોય સમય તો રાખી મૂકે. બે માણસ આવે ચાર માણસ જાય પણ તે પોષ્ટકાર્ડ આપે નહીં. આપવા માટે લે અને પાછું મૂકી દે, લે અને મૂકી દે. તેમને થાય કે આ કેવી રીતે આપું? કોને આપું?

પછી ત....ત....પ....પ....કરતાં કહે, ' તમે કઈ બાજુ જવાના છો? ક્યારે જવાના છો? તે બાજુ ટપાલનો ડબ્બો આવે છે?' જો તમે હા પાડો તો વળી માંડમાંડ તે પોષ્ટકાર્ડ ડબ્બામાં નાંખવા આપે. વળી પાછો વિચાર કરે કે એ ડબ્બામાં નાંખશે ત્યારે ધબ દઈને તે અંદરના ભાગમાં નીચે પડશે. હાય! એ વખતે કેટલા વાયુકાય જીવોની હિંસા થશે? ત્યાં નીચે જયણા શું? ત્યાં જીવાત પણ હોવા સંભવ છે. અરે! આટલું પાપ મારાથી થઈ જશે? આવું વિચારતાં તે મહાત્મા ખૂબ દુઃખી થઈ જતા. આરાધનાઓ અને કાળજીઓમાં ધરબાયું છે; સૂક્ષ્મનું બળ. આ સૂક્ષ્મનું બળ પ્રાપ્ત થાય પછી તો કાંઈ જ નથી તેવું લાગે. પ્રચારનાં તૂતોમાં તો તેવો મહાત્મા કદી ન ફસાય.

સર્વવિરતિનું આવું સૂક્ષ્મ બળ હોય તો બેડો પાર થઈ જાય. ચૌદ રાજલોકમાં અમારિનો પડહ એક ક્ષણમાં બજાવતાં સર્વવિરતિ ધર્મના સૂક્ષ્મ બળની તો શી વાત કરવી?

## સદા જયવંતુ જિનશાસન

[૪]

જયવંતુ વર્તો; જિનશાસન! અમર તપો; એ મહા-શાસન! કોટિ કોટિ વંદન હો; એ પ્રભુશાસનને!

વિશ્વના સર્વ જીવોનું સર્વથા હિત આરાધવાની અસીમ તાકાત એ શાસનમાં પડેલી છે.

સર્વે જીવોના સઘળા ય પ્રશ્નોના સાંગોપાગ ઉકેલો એની પાસે છે.

વિરાટ એનું વ્યક્તિત્વ છે, વિશાળ એનું તત્ત્વ છે; વ્યાપક એનું વર્તુળ છે. અપ્રતિહત એનું સામર્થ્ય છે.

હણ્યું એ હણાતું નથી; ચોર્યું એ ચોરાતું નથી; તોડ્યું એ તોડાતું નથી, બાળ્યું એ બળાતું નથી.

માટે જ એની રક્ષાનો કોઈ સવાલ ઉપસ્થિત થતો નથી. એ ભયમાં જ નથી; પછી એની રક્ષા શાને?

હા....એ સર્વતોવ્યાપી શાસનના કેટલાક વાઘાવસ્ત્રો

જરૂર છે. એથી એની શોભા પણ ઝૂમી ઊઠે છે. એ વસ્ત્રો છે મંદિરો, ઉપાશ્રયો, તીર્થો, જ્ઞાનભંડારો વગેરે....

કદાચ એ વસ્ત્રોને કોક ફાડી નાંખે; પરંતુ વસ્ત્ર ફાટયે અંગ થોડું જ ફાટી ગયું ગણાશે ?

બાહ્ય ધર્મ-સાધનો શાસનના અભિવ્યંજકો છે. એમનાથી એની અભિવ્યક્તિ થાય છે. બાળજીવોને એ જ અત્યંત ઉપકારક બની રહે છે.

બાહ્ય છે વ્યવહાર-શાસન.

અંતરંગ છે નિશ્ચય-શાસન.

અસીમોપકાર વ્યાપ્યો છે; વિશ્વ ઉપર બેયનો.

જિનમંદિરોએ અનેક પાપાત્માઓનાં પાપ ધોયાં છે. ઉપાશ્રયોએ અનેક આત્માઓને સર્વવિરતિના પંથે ચડાવ્યા છે. તીર્થો અનેકનાં તારણહાર બની ચૂકયાં છે.

બાહ્ય દ્વારા જ અંતરંગમાં પ્રવેશ થાય, માટે બાહ્યની રક્ષા કરવી જ જોઈએ.

પણ સબૂર ! 'રક્ષા' શબ્દ વાપરતાં કલમ અચકાય છે. મંદિરોની રક્ષા કરનારા અમે તે કોણ ? એ અમારી રક્ષા કરે કે અમે તેમની રક્ષા કરીએ ?

અહીં શેઠ-ચોકીદારનો ન્યાય લાગુ કરવો ઘટે. ચોકીદાર શેઠની રક્ષા કરે છે ને ? પણ તે કયારે બને ? શેઠ ચોકીદારના સમગ્ર જીવન-વ્યવહારની રક્ષા કરે છે માટે ? ચોકીદાર શેઠની રક્ષા કરે છે-બાકી કયાં ચોકીદાર અને કયાં શેઠ ?

પ્રભુશાસનનાં બાહ્ય અંગોની રક્ષા કરનારા પુણ્યાત્માઓ ચોકીદારના સ્થાને છે. વસ્તુતઃ તો શેઠ જ જેમ ચોકીદારની રક્ષા કરે છે તેમ શાસન જ સર્વની રક્ષા કરે છે.

**શાસન – રક્ષા :**

હવે વિચારીએ શાસન–રક્ષાને. 'શાસન–રક્ષા' શબ્દથી આપણે અંતરંગ શાસનની બાહ્ય સંપત્તિઓ [મંદિરો વગેરે] સંઘ, [ચતુર્વિધ] શાસ્ત્રો [દ્વાદશાંગી આદિ) અને ધર્મ (મોક્ષ પ્રાપ્ત્યુદ્દેશ) સમજવાના છે.

આ બાહ્ય અંગોની રક્ષા દ્વારા પણ હકીકતમાં તો આપણી જ રક્ષા કરી લેવાની છે.

આ જીવ કેવા ભયોથી વ્યાપ્ત છે? એની સામે કેટકેટલા ચોર–લુંટારુંઓ ટાંપીને બેઠા છે? ન જાણે કેટલાય શત્રુઓ દગાખોરીની પળ સાટે રાહ જોતાં મૈત્રીનો સ્વાંગ લઈને જીવની આસપાસ ચોપાસ ભમી રહ્યા છે?

આવો જીવ બીજાની શું રક્ષા કરશે? એ જ ભયમાં છે ત્યાં?

પણ અહીં જ ખૂબી પડી છે. 'જાત'ને લક્ષ બનાવવામાંય જાણે શુભ–સ્વાર્થ પોષાઈ જતો હોય માટે 'સ્વ'ની રક્ષાનું ફળ મેળવવા માટેનો પ્રયોગ કરવાનો તો 'પર' ઉપર જ.

શાસનની રક્ષાનું અનુષ્ઠાન! અને થઈ જાય સ્વની રક્ષા! અચૂક.

કરવાનો પ્રભુજીને પ્રક્ષાલ! અને ધોવાઈ જાય પ્રક્ષાલ કરનાર જીવનો જ આંતર-મળ!

ધરવાની ધૂપસળી પ્રભુના નાકે; પણ મળી જાય સુગંધ ભક્તને.

ધરવાનો દીપ પ્રભુજીની પાસે; પણ પથરાઈ જાય પ્રકાશ પૂજકના અંતરે. આવું જ છે; રક્ષાના વિષયમાં. રક્ષા કરવાની શાસનની; પણ તેથી રક્ષા થઈ જાય સ્વની.

સ્થૂળ અને સૂક્ષ્મ પરિબળો :—

હાથી ઘણો સ્થૂળ છે; મહાવત સૂક્ષ્મ છે. મહાવત કરતાં ય અંકુશ વધુ સૂક્ષ્મ છે. પણ હાથીથી ચડિયાતા મહાવત કરતાં ય અંકુશ વધુ ચડીઆતો પુરવાર થયો છે. પરન્તુ તે અંકુશ કરતાં ય મહાવતની બુદ્ધિ ચડિયાતી છે; કેમકે અંકુશને યોગ્ય સ્થળે મારવાનું કામ બુદ્ધિ કરે છે. પરંતુ તે બુદ્ધિ કરતાં ય સૂક્ષ્મ આત્મા છે. આત્માની તો શી વાત કરવી? એ ચૌદે ય રાજલોકમાં વ્યાપવાનું સામર્થ્ય ધરાવે છે માટે તે સૌથી મોટો છે, મહતો મહીયાન્!

એક સોયના અગ્ર ભાગના અનંતમા ભાગની જગામાં પણ રહી શકે છે માટે તે સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે. અણોરણીયાન્!

વૈજ્ઞાનિકો કહે છે કે, "વસ્તુના જેમ ટુકડાઓ, ટુકડાના પણ ટુકડાઓ થતા જાય તેમ તેની શક્તિ વધતી જાય. 'એટમ' ઘણો નાનો ટુકડો છે માટે તેનામાં ઘણી વિરાટ શક્તિનો પ્રાદુર્ભાવ થયો છે. એક એટમના કણમાં ઇલેકટ્રોન, ન્યુટ્રોન અને પ્રોજીટોન પડેલા છે. જે દરેક

સેકંડે છ અબજ વખત પરસ્પર અથડાય છે, આ અથડામણમાંથી જ એટમમાં વિશિષ્ટ શક્તિ ઉત્પન્ન થાય છે.”

ભયંકર વેગે વ્યાપતો જતો; મોટા વડલાઓને ઊંચકીને આકાશમાં ઉછળતો વંટોળ કેટલો બધો સ્થૂળ છે? કેટલી વિરાટ એની શકિત દેખાય છે? પણ તમે જાણો છો કે એ વિરાટ શક્તિના પ્રાદુર્ભાવનું મૂળ એક ખૂબ જ નાની રજકણમાં હતું!

સહરાના કોક રણમાં પડેલી રેતીનો સૂક્ષ્મ કણ જે બેઠી શાંતિથી પડેલો છે એ બેઠી શાન્તિ જ વંટોળની ભયંકર સક્રિયતાનું ઉદ્ગમ બને છે. બહુ જ ધીમે એ સૂક્ષ્મ કણ ઘૂમરી લેવાનું શરુ કરે છે. પહેલાં તો આસપાસની બે ચાર રજકણોને જ ઘૂમરીની બાથમાં લે છે; પરંતુ પછીથી ધીમે ધીમે તેનો વ્યાપ વધતો જાય છે. છેવટે ૧૦૦ કિલોમીટરના ભયાનક વેગે ધસમસતા વંટોળમાં એ ફેરવાઈ જાય છે. વંટોળ અત્યંત સ્થૂલ! પણ પેલી સૂક્ષ્મ કણ અત્યંત સૂક્ષ્મ!

વડલો ખૂબ મોટો! પણ એનું બીજ ખૂબ નાનું!

તાકાત સૂક્ષ્મમાં છે; સ્થૂલમાં નથી. સૂક્ષ્મની તાકાત વિનાનું સ્થૂળનું સંચરણ કરી કારગત નીવડતું નથી; એટલુ જ નહિ પણ બહુધા નિષ્ફળ જાય છે.

દશ હજાર માણસોની સભાના કારમા કોલાહલને શાન્ત કરવા માટે સ્થૂલનો જ કોક સ્વામી રાડો પાડી પાડીને થાકી જશે અને તો ય કદાચ સભા શાન્ત નહિ થાય.

પણ સૂક્ષ્મ બળનો સ્વામી મંચ ઉપર આવીને કદાચ હાથ ઊંચો કરીને શાન્ત રહેવાનો સંકેત કરવા દ્વારા સભાને શાન્ત કરી દેશે.

પરંતુ વિશિષ્ટ સૂક્ષ્મનો સ્વામી તો મંચ ઉપર માત્ર ઊભો જ રહેતાં સભામાં નિઃસ્તબ્ધ શાન્તિ છાઈ જશે.

'હરમીટ ઇન હિમાલયાઝ' પુસ્તકમાં તેના લેખક પોલ બ્રન્ટોને કહ્યું છે, "સ્ટીલનેસ ઇઝ સ્ટ્રેન્થ–સ્થિરતા એ જ તાકાત છે."

આ યુગ પોલિશ (એકબીજાની ખુશામતખોરી) પબ્લિસિટી (જાહેરાતો) અને પ્રોપેગેન્ડા (પ્રચાર) નો ગણવામાં આવે છે. જેને આ ત્રણમાંથી એકાદ પણ ન આવડે તેનો ધંધો હોય તો ધંધો ન ચાલે; અને ધર્મ હોય તો ધર્મ ન ચાલે એમ મનાય છે.

જ્યારથી 'પ્રચાર'ની મહત્તા સ્થપાઈ છે ત્યારથી 'પ્રભાવ' અર્થશૂન્ય અને બિનજરૂરી મનાવા લાગ્યો છે. રેડિયો, ટી. વી., અખબારો વગેરે પ્રચારનાં સાધનો છે. આજે એમની જ બોલબાલા છે.

'પ્રચાર'ના આ ઘોડાપૂરમાં 'પ્રભાવ' પોતાનું અસ્તિત્વ ટકાવવા ઝૂમે એ તદ્દન સહજ છે.

ગમે તેમ હો, પણ એક વાત ત્રિકાલાબાધ્ય છે કે જે કામ પ્રભાવ કરી શકશે તે કામ 'પ્રચાર' કરી શકશે નહિ. 'પ્રચાર'ની દેખીતી અસરોમાં ભલે કદાચ થોડા ઝાક-

ઝમાળ દેખાઈ જશે; પરંતુ એ બધુ સપ્તરંગી પરપોટા જેવું કે બાવન પત્તાના મહેલ જેવું હોય છે. પ્રચારનાં માધ્યમોથી જે કાંઈ સિદ્ધિ પ્રાપ્ત કરાય છે તે કદી દીર્ઘજીવી બની શકતી નથી. આથી જ એક ભાઈએ સાચું જ કહ્યું છે કે, "All propeganda is foolish"–"પ્રચાર માત્ર બોગસ છે."

ખૂબ કમનસીબીની વાત છે કે અર્થ, કામ કે રાજ્યનાં વર્તુળોમાં તો 'પ્રચાર'નું ભૂત ફેલાયું છે પરંતુ હવે ધર્મ-ક્ષેત્રોમાં પણ તે ભૂત વ્યાપકતાથી અને ઉગ્ર વેગથી ફેલાતું જાય છે.

ધર્માનુષ્ઠાનોના જે પ્રસંગો માત્ર આરાધ્ય છે, જેના દ્વારા તે ને તે જ આંતરમળોનું વિસર્જન, ભાવશુદ્ધિ પામીને કરી દેવાનું છે તે જ પ્રસંગો ફિલ્મો લેવામાં, ફોટાઓ પાડવામાં કે અનેક લોકોને બોલાવીને 'પોતે કરેલો ધરમ' દેખાડવામાં જ ચરિતાર્થ થઈ જતા જ્યારે જોવા મળે છે ત્યારે હૈયામાંથી ભારે દુઃખની તીણી ચીસ નીકળી જાય છે.

જે ધર્મ પોતાના પ્રભાવથી વિશ્વમાત્રમાં વ્યાપક બનવાની તાકાત ધરાવે છે એ ધર્મ તેના અનુયાયી વર્ગમાં પણ વ્યાપી શકતો નથી. તેની પાછળ મુખ્ય કારણ આ જ લાગે છે કે ધર્મને પ્રચારનું માધ્યમ બનાવીને સાવ જ નબળો અને કંગાળ બનાવી દીધો છે.

અચ્છા અચ્છા ગણાતા ધર્મક્ષેત્રોના કેટલાક રૂસ્તમો 'પ્રભાવ'ના પ્રભાવને વીસરી ગયા છે. તેની તાત્કાલિક અસરનો

અભાવ જોઈને અધીરા બનીને પ્રચારનાં માધ્યમો તરફ આકર્ષાયા છે. એમની વિશિષ્ટ શક્તિઓ પ્રચારની નિર્માલ્ય સિદ્ધિઓમાં ક્ષીણ થઈ ગઈ છે.

ક્યાં જઈને અંતરની આ વેદના રડવી? એ જ સમજાતું નથી.

સાચે જ કઠોર છે; પ્રભાવનું ઉત્પાદન કરી આપતું જીવન! પણ તેથી શું તે જીવનના આરાધકો અને ચાહકો પણ એ કઠોરતાથી કાયર બનીને ભાગવા લાગશે? અને પછી પેલા 'પ્રચાર'ના સુંવાળા, સગવડિયા અને માનપાનિયા જીવનની ધરતી ઉપર લપસી પડશે? એટલી હદે નઠોર પણ થશે કે પ્રભાવક જીવન જીવતાં પુણ્યાત્માઓની ઠેકડી ઉડાવશે? પોતાની વામણી લીટીને મોટી દેખાડવા માટે બીજાની મોટી લીટીને કાપવાનો પ્રયત્ન એ શું હીણા માણસોનો જ પ્રયત્ન નથી? આવું મોટા સજ્જન કહેવાતા લોકો કદી કરી શકે ખરા?

બેશક; સૂક્ષ્મનાં પ્રચંડ બળોનું ઉત્પાદન ક્યારેક સ્થગિત રાખીને પ્રચારના સ્થૂળ બળ ઉપર પણ કામ કરી લેવું પડે એ સંભવિત છે. પરન્તુ તેમ કરનારા પુણ્યાત્માઓના હૈયે તો સૂક્ષ્મનો પ્રભાવ જ પ્રતિષ્ઠિત થયેલો હોવો જોઈએ. સૂક્ષ્મનાં બળોનો જ એ પક્ષપાતી હોવો ઘટે.

**સૂક્ષ્મનો સ્વામી : અણગાર :**

સાધુ એટલે સૂક્ષ્મનો સ્વામી. 'મુનિજીવન દ્વારા વિશ્વકલ્યાણ થઈ શકે' એ શાસ્ત્રપ્રવચન એ જીવનની વિરલતા

આજ્ઞાપાલકતા–સૂક્ષ્મ બળ તરફ સીધી નજરપૂર્વકનું જ છે. વિરતિ [દેશ કે સર્વ]ધર્મના પાલનની જે બેઠી તાકાત છે એ તાકાત પેલા સહરાના સૂક્ષ્મ રજકણ જેવી શાન્ત [સ્ટેટિક] છે.

જે પોતે શાન્ત છે. એનામાં જે પ્રચંડ આંદોલન ઉત્પન્ન કરવાની તાકાત ધમાધમ મચાવનારા માણસની કદાપિ હોતી નથી.

વસ્ત્રાહરણ વખતે ધમપછાડા કરતાં ભીમનો દૂર્યોધનને જેટલો ભય ન હતો તેટલો ભય સાવ શાન્ત બેસી રહેલા અર્જુનનો હતો.

જો વિરતિધર મહાત્મા આજ્ઞાપાલન દ્વારા સૂક્ષ્મનાં બળોનું ઉત્પાદકકેન્દ્ર જીવંત કેન્દ્ર બની જાય તો થોડાક જ આજે છે તેટલા જ વિરતિધરો સમગ્ર વિશ્વમાં મોટી હલબલ મચાવી દે, જેનાથી વિશ્વમાત્ર સુખ અને શાન્તિ પામી શકે. એને માટેની આનુષંગિક જરૂરિયાતોને પણ હાંસલ કરી શકે. દુષ્કાળો, ધરતીકંપો, ગરીબી અને બેકારીના પ્રચંડ પ્રકોપમાંથી વિશ્વ છૂટકારો મેળવી શકે.

વિશ્વને જો 'ડાયનેમિક' બનાવવું હોય તો વિરતિધરોએ 'સ્ટેટિક' બનવું જ પડશે.

પરમાત્માની મૂર્તિ 'સ્ટેટિક' છે માટે જ દર્શક ભક્તના હૈયે એ સાનુકૂળ ઝંઝાવાત ઉત્પન્ન કરી શકે છે.

ધરતી 'સ્ટેટિક' છે માટે જ માનવો અને યન્ત્રો એની ઉપર દોડાદોડ કરી શકે છે.

સિદ્ધ ભગવંતો સ્ટેટિક છે તો અરિહંત ભગવંત ડાયનેમિક છે.

સ્ત્રી 'સ્ટેટિક' ન રહે તો પુરૂષ 'ડાયનેમિક' મટી જઈને પોતાનું પૌરુષ ખોઈ જ બેસે.

'સૂક્ષ્મનાં બળોમાં જ સ્વની અને સર્વની તારકતા સમાઈ છે.' એ મહાસત્યમાં પૂર્ણ વિશ્વાસ ધરાવતો મુનિ અત્યંત અનિવાર્ય સંયોગ વિના સૂક્ષ્મનો સંગાથ કદી ત્યાગે નહિ.

ભલે આ જગતનાં સ્થૂળ બળોના સ્વામીઓ સ્વાધ્યાય કરતા મુનિને નિષ્ક્રિય કહે; ગુરુસેવા કરતા મુનિને જડ કહે, કોઈ ગ્લાન-વૃદ્ધના ગળફા ઝીલી લેતા મુનિને 'એકવર્ડ' કહે, નીચા મોંએ જોઈને ચાલ્યા જતા એ મુનિવરને ચૌદમી સદીનો પછાત કહે.

ભલે કહે....પણ એ મુનિવર જિનાજ્ઞાપાલનનાં સૂક્ષ્મ બળોને જ આરાધે.

મને કહેવા દો કે એવા મુનિની નિષ્ક્રિયતામાં જ પ્રચંડ સક્રિયતા પડેલી છે.

મને કહેવા દો કે એ મુનિના પ્રભાવક જીવનની પાસે વિશ્વનાં ૩૦ અબજ માણસોનો ધર્મપ્રચાર પણ પાણી ભરે છે.

મને કહેવા દો કે એના સ્વાધ્યાય, ધ્યાન કે ગુરુ-સેવાના વાયુમંડળનો પ્રત્યેક પરમાણુ ૨૦૦ મેગાટનનો એટમ

એમ છે કે જે ભારે કર્મી જીવોના આત્મપ્રદેશોમાંથી મોહનીય કર્મનાં દુર્દમ જંગલો ઉપર ત્રાટકીને એક જ પળે સાફ કરી દેવાનું સામર્થ્ય ધરાવે છે.

ધ્યાનસ્થ મુનિ નિષ્ક્રિય હોવાથી નકામો–બેકાર–ગણાય છે, લોકવ્યવહારમાં ન આવે માટે તે જડ ગણાય છે; સમાજના મંચ ઉપર ઉપસ્થિત ન થાય, ભાષણ ન આપે એટલે તે પછાત ગણાય છે. અને....જેઓ મોટરમાં, પ્લેઇ-નમાં કે ટ્રેઈનોમાં દોડાદોડી કરે છે તે બધા સક્રિય ગણાય લોકોમાં આવીને બેસે છે માટે સારા ગણાય છે. ખૂબ મોટેથી બોલે છે માટે વિદ્વાન્ ગણાય છે. ઘણી યોજનાઓ કાગળ ઉપર ઘડે છે માટે વિચક્ષણ ગણાય છે.

દોડાદોડીમાં સક્રિયતા !
સક્રિયતા સારી !
ધ્યાનાદિમાં નિષ્ક્રયતા !
નિષ્ક્રિયતા ખોટી !
આ તે કેવું અણઘડ ગણિત છે !

ખૂબ ખાય તે સક્રિય ! ઉપવાસ કરે તે નિષ્ક્રિય ! અને જે.... નિષ્ક્રિય તે નકામો !

દોડાદોડીમાં અને ખૂબ ખાવામાં, લોકોને લૂંટવા–છેતરવામાં જ સક્રિયતા સમજનારા બુદ્ધિજીવી માણસો જ નિષ્ક્રિય મુનિઓને નકામા કે 'બિચારા' ગણે છે.

જો આ રીતે ત્યાગીઓ નિષ્ક્રિય ગણાતા હોય તો

સિદ્ધ ભગવંતોને કેટલા નિષ્ક્રિય ગણવા પડશે ? તે કશું જ કરતા નથી. ખાતા નથી, પીતા નથી, બોલતા નથી, હાલતા–ચાલતા ય નથી !

આ વિચાર બરોબર નથી. પણ ખાવા, પીવા, લૂંટવામાં જ જે યુગ સક્રિયતાનું દર્શન કરતો હોય તેને આવો વિચાર આવે તેમાં કશું આશ્ચર્ય નથી.

ખરી વાત એ છે કે આ જગતની કોઈ માતા બનેલી સ્ત્રી પણ ખાવા કરતાં ખવડાવવામાં, પહેરવા કરતાં પહેરાવવામાં વધુ આનંદ પામતી હોય છે.

સિદ્ધ ભગવંતો તો સર્વોચ્ચ કક્ષાના આત્માઓ છે. તેમણે પોતાનું અસ્તિત્વ જ એવું બનાવીને સ્થિર કરી દીધું છે કે એમની તરફ જે કોઈ પણ આત્મા સારી રીતે અભિમુખ થાય કે તે આત્મા વિશિષ્ટ પુણ્યનો ભાગી બની જ જાય. એથી એને ખાવાનું, પીવાનું, પહેરવા–ઓઢવાનું બધું મળી જાય.

હવે કહો કે સિદ્ધ ભગવંત સ્વયં ખાતા નથી, પણ ખવડાવે તો છે જ ને ? પીતા નથી પણ પીવડાવે તો છે જ ને !

હા.... તેઓ તેવી ઇચ્છા કરતા નથી, પરન્તુ જેની દુઆથી જ કામ પતી જાય તે ફકીર દવા શા માટે દે ! તેમ જેના સૂક્ષ્મતમ અસ્તિત્વના સંબંધમાત્રથી આત્માનું કાર્ય સિદ્ધ થઈ જાય તો તેમને તે આત્માના હિતાહિતની ચિંતા પણ શા માટે કરવી પડે ?

સિદ્ધ ભગવંતોના આ સૂક્ષ્મતમ બળની જેને પિછાણ થઈ છે એ આત્માઓ તો 'નમો સિદ્ધાણં' પદનો જય કરતાં જ ઝૂકી પડશે તે સૂક્ષ્મતમ બળના સ્વામીઓને.

અજીબની વાત તો એ છે કે, સૂક્ષ્મના સુવિશુદ્ધ બળનું જે પુણ્યાત્માઓમાં ઉત્પાદન થાય છે તેઓ માત્ર સ્વનું જ હિત કરતા નથી. પરન્તુ એમના વિશિષ્ટ પુણ્યના માધ્યમથી અનેકોનું હિત કરે છે. આ ઉપરથી એમ કહી શકાય કે અનેકોનું હિત પણ પોતાના સાચા હિતકરણમાં જ સમાયેલું છે. બધાય પુણ્યાત્માઓનું સાચું હિત સર્વના હિતમાં કદાચ ન પરિણમે તો ય અનેકોના હિતમાં તો આવશ્ય પરિણમે. આ કાંઈ નાની સૂની આનંદની બાબત નથી. તેમાં ય સર્વરક્ષાના હિતમાં જ જેમનાં તન, મન જોડાયેલાં છે એવા મહાત્માઓના માટે તો આ સત્ય અપૂર્વ આત્મવિશ્વાસ વધારી દેનારું બને છે.

પ્રવરદેવ નામનો નિર્ધન જે તે ખાતો તેથી તેને ભયંકર કોઢ થયો. કોઈ જ્ઞાનીએ તેને ત્યાગનો મહિમા સમજાવ્યો. તેણે તે દિવસથી એક જ અન્ન, એક જ વિગઈ, એક જ શાક અને અચિત્ત જલપાનનો આજીવન નિયમ કર્યો.

એ પછી એની આર્થિક સ્થિતિ સુધારતાં કોડાધિપતિ થઈ ગયો. પણ તો ય તેણે તે પ્રતિજ્ઞાઓને અખંડિતપણે પાળી. આથી વિશિષ્ટ કક્ષાનું પુણ્ય બાંધ્યું. એનું મૃત્યુ થયું અને તેવા નગરમાં તેનો જન્મ થયો જે નગરના

રાજા પાસે પૂર્વના જ દિવસે બાર વર્ષના ઘોર દુષ્કાળની આગાહી કોઈ નૈમિત્તિક કરી ગયો હતો. આ પુણ્યાત્માનો જન્મ થતાં જ બારવર્ષી દુકાળ તો ન પડ્યો, પણ બારે ખાંગે મેઘ વરસ્યો.

રાજાએ સઘળી સાચી હકીકત યુગન્ધર નામના જ્ઞાની મહાત્મા પાસેથી મેળવી. તેણે ત્યારે જ જાણ્યું કે એક વ્યક્તિનું સૂક્ષ્મ પુણ્યબળ અનેકો ઉપર કેટલી સુંદર અસર કરી શકે છે !

સાધના જેમ સૂક્ષ્મ થતી જાય તેમ સ્થૂળ બળો તરફનો રસ ઘટતો જાય. ઉત્તમ કક્ષાનું મુનિજીવન આરાધતાં મહાત્માઓ પરકલ્યાણની પ્રવૃત્તિરૂપે ભવ્યાત્માઓને પ્રતિબોધ આપે છે ત્યારે હાથ, આંખ કે મોંના અભિનયો કરવાનાં સ્થૂળ બળોને ત્યાગે છે. પ્રવચનમુદ્રામાં એવા સ્થિર બેસે છે કે એવા અભિનયોને સ્થાન જ મળતું નથી.

શ્રોતાઓને મન્ત્રમુગ્ધ કરી દેવાની ક્ષુદ્ર મનોવૃત્તિમાંથી જ અભિનયો અને મસાલેદાર પ્રવચનોના 'બ્લેસીંગ' જન્મતા હોય છે. જે મુનિવરો આ પરકલ્યાણમાં ય સ્વાધ્યાયરૂપ સ્વકલ્યાણને જ આરાધી લેવાની કળા સિદ્ધ કરી ચૂક્યા છે તેમને તો કોઈને મન્ત્રમુગ્ધ કરવાની ઈચ્છા પણ રાખતા નથી, કે ચટાકેદાર પ્રવચનોની પૂર્વતૈયારીઓ કરવી પણ પડતી નથી.

સૂક્ષ્મના સ્વામીઓના શબ્દોમાં પ્રચંડ શક્તિ પડેલી હોય છે: માટે જ તેઓ બોલે છે થોડું અને તેનું પરિણામ આવે છે ઘણું. પરમાત્મા મહાવીરદેવે ચંડકૌશિકને "બુજ્ઝ

બુજઝ ચંડકોસીઆ !" એટલું જ કહ્યું પણ તેમાં તો તે નાગના જીવનમાં કેટલી મોટી ઉથલાપાથલ મચી ગઈ !

વિવેકાનંદના શિષ્ય બિભૂતાનંદ નામના સંન્યાસીએ 'મા! તેરે કુ કુછ લે કે હી જાના પડેગા.' એટલા જ શબ્દો કહ્યા તેમાં તે સ્ત્રીનો કામ શાન્ત થઈ ગયો અને તે પોતાના પાપ બદલ પશ્ચાત્તાપ કરતી ધ્રુસકે રડવા લાગી !

સૂક્ષ્મના સ્વામીઓનું જીવન 'આઇસ-બર્ગ' જેવું હોય છે. એ હિમખંડ જેટલો બહાર તરતો દેખાય છે તેટલો જ પાણીની અંદર અદૃશ્ય હોય છે. મહાત્માઓનાં ભીતરી જીવન કદી કોઈને કહેવાતાં નથી અને કદી કોઈ લખી શકતું નથી. એમના બાહ્ય જીવનપ્રસંગોના વર્ણન દ્વારા જ એમને સમજવા—ઓળખવાની આપણે કોશિશ કરવી પડે છે.

એવા મહાત્માઓની કૃપા કે એમનો શક્તિપાત પ્રચંડ પ્રભાવકતા ધરાવતા હોય છે.

સૂક્ષ્મની શક્તિ હવે પણું જો સમજાઈ હોય તો તેના પ્રાદુર્ભાવ માટે મથવું જ જોઈએ. સ્થૂલની દુનિયામાં પૂરેપૂરા ડૂબી ન જવું પરન્તુ ન-છૂટકે તેમાં જેટલા ઊંડા ઊતરવું પડે તેટલા જ ઊંડે જવું.

સ્થૂલનું કામ પતી જાય કે તરત સૂક્ષ્મમાં ચાલ્યા જવાનો મહાવરો પાડી દેવો જોઈએ.

સૂક્ષ્મનું સહેલાઈથી સર્જન કરી આપે છે ઈશની

શરણાગતિ. એટલે જેવા 'સ્થૂલના ચોગાનમાંથી છૂટયા કે તરત જ આ શરણાગતિના ખોળે ચાલ્યા જવું જોઈએ. અરિહંતના ચરણોમાં વારંવાર શરણ લઈ લેવાની કળા જે મુનિઓ સિદ્ધ કરી લેતા નથી તેમનું જીવન સ્થૂળ બળોના ફાસલામાં આવી જઈને રહેંસાઈ ગયા વિના રહેતું નથી.

એ જીવન અત્યંત દયનીય બની જાય છે. એવા પ્રચારકોનાં જીવન રાજકારણી પ્રધાનો જેવા ધમાલીઆ, ભાષણીઆ અને ગંદવાડીઆ થઈ જતા હોય છે.

કરોળીઓ પણ પોતાની જાળમાં પોતે જ ન ફસાઈ પડે તે માટે કેટલાંક પ્લેટફોર્મ બનાવી લે છે અને તેની ઉપર નિર્ભયપણે બેસી રહે છે.

ઈશનું શરણ એ આપણા જેવા કરોળીઆ માટે 'પ્લેટફોર્મ'ની ગરજ સારે છે. જો આવું 'પ્લેટફોર્મ' આપણી પાસે તૈયાર ન હોય તો પ્રશસ્તના નામે ઘણા ખરા તાણાવાણા અપ્રશસ્તમાં રૂપાંતરિત થઈને આપણું જ ગળું એમાં ઘોંટી નાંખનારા બની જાય છે.

દર કલાકે એક મિનિટ, કે દર દિવસે એક કલાક, અથવા દર મહિને એક દિવસ છેવટે દર વર્ષે એક માસ અને દર પાંચ વર્ષે એક વર્ષ સૂક્ષ્મના બળનું સર્જન કરવા માટે પલાંઠી વાળીને બેસવા પાછળ કાઢવો જ જોઈએ. એ સમયમાં શક્ય એટલું બધું ય જીવન જિનાજ્ઞાપાલનનું જ બનાવી દેવું જોઈએ. છાપાછૂપી છોડવાથી માંડીને

નિર્દોષ ગોચરી સુધીના તમામ વિધિ-નિષેધોને અમલી બનાવી દેવા જોઇએ. ટૂંકમાં એમ કહી શકાય કે એ સમયમાં મુનિએ જાણે નવી દીક્ષા જ સ્વીકારી લેવી જોઈએ. જેમાં અષ્ટ પ્રવચન માતા–પાલન આદિ તમામ યોગો એકદમ જીવંત બની ગયા હોય.

સ્થૂળ જીવનમાંથી એકદમ સંપૂર્ણપણે નિવૃત્ત થઈ શકાય, [તેમ કરવું પણ ઉચિત નથી.] તો ય આવું તો કાંઇક કરવું જ જોઈએ, જેથી સ્થૂળના ક્ષેત્રોમાં સફળતા હાંસલ કરવા માટેનું બળ આ સૂક્ષ્મની સાધનાઓમાંથી અવારનવાર મળતું રહે.

મધ્યમ વર્ગના માણસને સપ્તાહમાં એક વાર મળી જતા [સ્વામિવાત્સલ્ય આદિના આયોજનો દ્વારા] 'ન્યુટ્રીશન' જેવું આ સૂક્ષ્મનું બળ છે. અથવા તો સ્થૂળના સંચાઓમાં આ બળ તેલનું કામ કરે છે.

વજ્રસ્વામીજી જેવા યુગપ્રધાન સૂરિભગવંતોને કામબોજ કેટલો રહેતો હશે! પણ તેને કેવો હળવો બનાવી દીધો હશે! સૂક્ષ્મની તાકાતના પ્રભાવે જ ને!

રે! પેલી રૂપવતી કન્યા રૂક્મિણી એમની પાછળ પાગલ થઈ ગઈ તો ય આ મહાત્માએ તેને વીરના શાસનની મહા–સાધ્વી બનાવીને મૂકી દીધી! સ્વના સૂક્ષ્મબળના પ્રભાવે જ ને!

શાહજહાંની શાહજાદી પંન્યાસ સિદ્ધિચન્દ્રજી ઉપર મુગ્ધ થઈને લગ્ન કરવાની જીદ લઇને બેસી ગઈ તે વખતે

શાહજહાંએ પંન્યાસજીને પોતાના જમાઈ બનવા જણાવ્યું અને તેનો ઇન્કાર કરવામાં જાનનું જોખમ પણ સમજાવી દીધું.

અને તો ય.... એ મસ્તરામ દેશ છોડીને ચાલ્યા ગયા. એમ કહેતાં કહેતાં કે, "આ વીરનો ભેખ રૂપની આગમાં ખાખ કરી દેવા માટે મેં સ્વીકાર્યો નથી. શાહજહાં! તારી મારવાની ધમકીઓ બેકાર છે; અમરને કોઈ મારી શકતું જ નથી!

કેવી અદ્‌ભુત છે સૂક્ષ્મની તાકાત! આ તાકાતના સ્વામીને સહજ રીતે વીર્યનું ઉર્ધ્વરેતાપણું સિદ્ધ થાય છે; બ્રહ્મચર્યનાં ઓજ અને તેજ સ્વાભાવિક રીતે એના લલાટે સંતાકૂકડી રમતાં જોવા મળે છે. કોઈને પણ ઇર્ષ્યા આવે એટલી મસ્ત શુદ્ધિ એનાં અંગોમાંથી સતત નીતરતી હોય છે.

આવા સૂક્ષ્મ સમ્રાટને શિર્ષાસનની કે પ્રાણાયમોની કશી જરૂર રહેતી નથી. જેની પાસે સૂક્ષ્મની તાકાત નથી એવા જ ગૌતમોને અહલ્યાઓ પછાડે છે, પછી ભલે ચાલે તેટલા શ્વાસ ઊંચા–નીચા તેઓ કરતા જ રહે કે ધરતીમાં દટાઈને સમાધિ લગાવતા રહે.

હઠયોગ તો માત્ર સાધન છે; સૂક્ષ્મ સમ્રાટ બનવા માટેનું.

પણ.... એ એકાંતિક અને આત્યન્તિક સાધન તો નથી જ. એ છે; રાજયોગ.

## સૂક્ષ્મ સમ્રાટની શાસન-સ્થાપના

તારક તીર્થંકરદેવ એટલે સૂક્ષ્મ બળના બેતાજ સમ્રાટ! વિશ્વમાત્રનું એકાંતિક અને આત્યન્તિક કલ્યાણ કરી દેવાની તીવ્રતમ કરુણાનું એ સંતાન! મહાવીરદેવની માતા ત્રિશલા હતાં; આદિનાથજીનાં માતા મરુદેવા હતાં અને પાર્શ્વનાથ પ્રભુજીની માતા વામાદેવી હતાં. પણ તીર્થંકરદેવની માતા ત્રિશલા, મરુદેવા કે વામા નથી. એ તો છે માત્ર કરુણાદેવી.

જ્યારે જેમના તીર્થંકરનામ-કર્મનો વિપાકોદય થાય છે ત્યારે તે તારક આત્મા તીર્થંકર બને છે. તેઓ વિશ્વ-માત્રનું કલ્યાણ કરવાનું અપ્રતિહત સામર્થ્ય ધરાવતાં તીર્થની સ્થાપના કરે છે. તીર્થની સ્થાપના એટલે તિરોભૂત તીર્થનું પ્રાગટ્ય જ; વિશ્વકલ્યાણકર શાસનનો આવિર્ભાવ જ; ઉત્પાદન તો નહિ જ. કેમકે તે પૂર્વે હતું જ; અને ભાવિમાં પણ સદા રહેશે જ. શાસનનો તિરોભાવ અને આવિર્ભાવ જ થયા કરે; નાશ અને ઉત્પાદ નહિ.

તીર્થંકર પરમાત્મા મહાવીરદેવે વૈ. શુ અગીઆરસના દિવસે ધર્મશાસનની જ સ્થાપના કરી હતી. હા... જિન આ ધર્મના સ્થાપક હતા માટે તેને ભક્તોએ જૈન ધર્મ કહ્યો. આ ધર્મ આંતરશત્રુઓને જીતવા માટેનો ધર્મ હતો. બીજા કેટલાક કહેવાતા ધર્મો સ્વર્ગાદિની કામનાઓની પૂર્તિ માટે પણ ચાલતા હતા. એમાં તો આંતરશત્રુઓનું સીધું પોષણ જ હતું એટલે એ ય ધર્મ અને આ ય ધર્મ....આથી તો

ભારે ગેરસમજ ઊભી થાય. આ ગેરસમજનું નિવારણ કરવાને પરમાત્માએ પ્રકાશેલો ધર્મ 'જૈન ધર્મ' કહેવાયો. ત્યાર બાદ દિગંબર મત નીકળ્યો [શ્વેતામ્બર મત જ પ્રાચીન છે એની સાબિતી બૌદ્ધોના ત્રિપિટકોમાં જૈન-સાધુઓ માટે 'શ્વેત-પટિક' વપરાએલો શબ્દ છે.] એટલે તેનાથી જુદા પડવા જૈન ધર્મને શ્વેતામ્બર જૈન ધર્મ કહેવાયો. અને જ્યારે શ્વેતામ્બરોમાં ય અમૂર્તિપૂજકો પાક્યા ત્યારે તેમનાથી જુદા થવા શ્વેતામ્બર જૈન ધર્મને શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન ધર્મ કહેવામાં આવ્યો.

## શાસન વગેરે પાંચ અંગો

શાસન વગેરે અંગોને સમજવા માટે આપણે 'દવાખાના' ઉપર પાંચ વાતો વિચારીએ. [૧] દવાખાનું એ સંસ્થા છે; [૨] તેનું સંચાલન ડોક્ટર, કંપાઉન્ડર વગેરે કરે છે. [૩] તબીબીવિદ્યા અંગેનાં પુસ્તકો એનું સાહિત્ય છે. [૪] દવાખાનાની રૂમ, ટેબલ, ખુરશી, બાટલી વગેરે એની સંપત્તિઓ છે. [૫] દર્દીને આરોગ્યપ્રાપ્તિ એ એનો ઉદ્દેશ (ધર્મ) છે.

કોઈ પણ સંસ્થામાં આ પાંચ બાબતો હોય છે. 'નગરપાલિકા' ઉપર આ પાંચ અંગોને વિચારીએ. [૧] નગરપાલિકા એ સંસ્થા છે. [૨] મેયર, સભ્યો વગેરે તેના સંચાલકો છે. [૩] તે સંસ્થાના નીતિ-નિયમોનું બંધારણ એ તેની માર્ગદર્શિકા છે. [૪] નગરપાલિકાનું મકાન વગેરે તેની સંપત્તિઓ છે. [૫] નગરની આબાદી એ તેનો ઉદ્દેશ (ધર્મ) છે.

અહીં દવાખાનું કે નગરપાલિકા-જે સંસ્થા છે તે અવ્યક્ત છે. જેને દવાખાનું વગેરે કહેવાય છે તે વસ્તુતઃ દવાખાનાની સંપત્તિ છે, દવાખાનું વગેરે નથી.

આ રીતે [૧] વિશ્વમાત્રનું કલ્યાણ કરનારી તીર્થંકરદેવ-પ્રસ્થાપિત 'શાસન' નામની સંસ્થા છે. [૨] શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ એ તેનું સંચાલક 'બોડી' છે. [૩] દ્વાદશાંગી સ્વરૂપ શાસ્ત્રો તે સંસ્થાના સંચાલન અંગેની માર્ગદર્શિકા છે, ગાઈડ છે. [૪] સાત ક્ષેત્રો વગેરે તેની સંપત્તિઓ છે. [૫] મોક્ષપ્રાપ્તિ એ ઉદ્દેશ (ધર્મ) છે.

શાસન નામની આ સંસ્થા વ્યાપક છે; અવ્યક્ત છે. તેનો નાશ કોઈ કરી શકતું નથી, કશાયથી થઈ શકતો નથી. હા....તેની સંપત્તિઓ, તેનો સંઘ, તેની નિયમાવલિ સ્વરુપ દ્વાદશાંગીના અંશોનો કોઈ નાશ કરી શકશે પણ તેથી શાસનનો સમૂલ નાશ થયો તેમ નહીં કહેવાય.

આવા ધર્મશાસનના સંચાલક તરીકે મુખ્યત્વે સંસાર-ત્યાગી-સર્વવિરતિધર્મધર સાધુ-સાધ્વીજી મહારાજો જ છે. તેમાંય મુખ્ય આચાર્ય ભગવંતો છે.

પણ જેઓ પોતાના જીવનને આ સર્વવિરતિના માર્ગે વહેલી તકે આરૂઢ કરવાનો પરિણામ ધરાવે છે તે શ્રાવકો અને શ્રાવિકાઓ પણ આ શાસન-સંચાલક-સંઘના ગૌણીભૂત અંગો બની જાય છે. આથી જ આ સંઘ દ્વિવિધ ન રહેતાં ચતુર્વિધ બને છે.

જેઓ શાસ્ત્રાજ્ઞાને શિરોધાર્ય કરે છે [પાલનમાં કદાચ

ઓછા-વત્તા પણ હોય] તેઓ જ આ સંઘના સભ્યો છે. જન્મનું જૈનત્વ એ કાંઈ આ સંઘના સભ્યપદની લાયકાત નથી.

તીર્થંકરની ગેરહાજરીમાં તેમના પ્રતિનિધિના સ્થાને સંવિગ્ન-ગીતાર્થ આચાર્ય આવે છે. તેમણે શાસનનું સંચાલન કરવાનું છે; પરંતુ મનફાવતી રીતે તેઓ સંચાલન કરી શકતા નથી. તેમને શાસ્ત્રાજ્ઞાને આધીન બનીને જ તે સંચાલન કરવાનું હોય છે.

કોર્ટમાં ન્યાયાધીશ કેસ ચલાવે છે ત્યારે તેનો ન્યાય તે મનફાવતી રીતે આપી શકતા નથી; પરંતુ કાયદાની કલમો પ્રમાણે જ આપે છે. જેમ ન્યાયાધીશ કાયદાની બહાર જઈ શકે નહી, તેમ આચાર્ય શાસ્ત્રાજ્ઞાની બહાર જઈ શકે જ નહીં. એવા આચાર્યની આજ્ઞામાં જ ચતુર્વિધ સંઘે રહેવાનું હોય છે. જો ક્યારેક આચાર્ય ભૂલ કરી બેસે તો સ્થવિર-મુનિવરો તેને તે પદેથી દૂર કરી શકે છે; અથવા શ્રીસંઘ તેમને પ્રાયશ્ચિત્ત આપી શકે છે.

શ્રીસંઘના તમામ સભ્યોએ સાચા આચાર્યની આજ્ઞામાં રહેવું જ જોઈએ. દેશ, કાળ કે જમાનાના કેફમાં ચડીને એલ-ફેલ બોલનારા માણસો શ્રીસંઘના સભ્યો છે એમ કદી કહી શકાય નહીં. એવા બુદ્ધિજીવીઓને શ્રીસંઘનાં મહત્ત્વનાં ચાવીરૂપ સ્થાનો ઉપર કદી બેસાડી શકાય નહીં. અન્યથા શ્રીસંઘને ખતરનાક રીતે છિન્નભિન્ન કરી નાંખવામાં તેઓ સજજડ નિમિત્ત બન્યા વિના રહે નહી.

સાતક્ષેત્રોની સંપત્તિઓમાં જેટલી વૃદ્ધિ થાય તેટલી શાસન-સંસ્થાની વધુ પ્રગતિ થાય. બાળજીવોના વિકાસમાં આ સંપત્તિઓ જ ખૂબ મહત્ત્વનું પરિબળ બની રહે છે.

પૂજા, પૂંજણી, મંજીરા, સંઘ, ઉપધાન, ઉજમણાં વગેરે શાસનનાં અંગોમાં પ્રાણ પૂરતી ભવ્યતમ સંપત્તિઓ છે.

સંપત્તિઓના ઝાકઝમાળમાં જિનશાસનનો ઝાકઝમાળ તેની ખાનાખરાબી કે હાનિમાં જિનશાસનની ખાનાખરાબી અને હાનિ.

શાસન-સંસ્થામાં જોડાયેલા તમામ સભ્યોનો ઉદ્દેશ એકમાત્ર મોક્ષપ્રાપ્તિ હોવો ઘટે. સ્વર્ગાદિસુખો કે આલોકનાં સુખાદિની પ્રાપ્તિ યા દુઃખાદિનો નાશ આ ધર્મસંસ્થાના કોઈ પણ અંગની આરાધના દ્વારા લક્ષ્ય બનાવી શકાય નહીં.

દવાખાને ચડનારા તમામ દર્દીઓનો ઉદ્દેશ આરોગ્ય-પ્રાપ્તિ જ હોવો ઘટે, ચાર આનાની ભેળ લેવાના ઉદ્દેશથી કોઈ આદમી ત્યાં જાય તો તેને પાગલ જાહેર કરવો પડે.

## શાસ્ત્રમતિ : બહુમતિ :

જૈન શાસન વિશ્વકલ્યાણકર શાસન છે. ભગવાને શાસનની સ્થાપના કરી, તે પછી તે ચલાવવા માટે સંચાલક તરીકે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. તે માટે જરૂરી-સંપત્તિરૂપે સાત ક્ષેત્રોની સંપત્તિ વગેરેની વ્યવસ્થા કરી. વળી કોઈ પણ સંસ્થા ચલાવવી હોય અને કોઈ પ્રશ્નો ઊભા થાય તો તેના માટે બંધારણ જોઈએ. તેવું બંધારણ આપણાં

શાસ્ત્રો છે. આમ પ્રભુએ સંચાલક સંઘને કામ કરવા માટેની બંધારણીય મર્યાદા નક્કી કરી આપી. સંઘના દરેક સભ્યે-સંઘપતિ આચાર્યે પણ-એ બંધારણની કલમો મુજબ જ વર્તવું પડે. શાસ્ત્રાનુસારી દેશ-કાળ જો તેને મળે તો તે મુજબ પરિવર્તન પણ ક્યારેક કરી શકે. પરંતુ સમયાનુસાર પરિવર્તન કરવાનો કોઈનેય લેશમાત્ર અધિકાર નહીં.

કોઈ કહે કે, 'આયંબિલ વખતે ચા પીવાની છૂટ આપો તો આયંબિલ કરનારાઓની સંખ્યા વધી જશે." તો તેને તેવી વાતમાં કદી સંમતિ ન અપાય. કેમકે તેમાં શાસ્ત્રાજ્ઞા મળતી નથી.

કોઈ કહે કે "આ બાબત સર્વાનુમતે પસાર થઈ છે' તોય રજા ન અપાય. કેમકે અહીં એક માત્ર શાસ્ત્રમતિ ચાલે છે.

ન્યાયાધીશો પણ કાયદા પ્રમાણે ન્યાય આપે છે. ભલે તેમને પૂર્વગ્રહ હોય, છતાંય ન્યાયાલયમાં જે નિર્ણય તેને લેવો પડે તે કાયદાને અનુસરીને, કાયદા પ્રમાણે જ લેવો પડે.

કદાચ પૂર્વગ્રહથી પીડાતા ન્યાયાધીશ નિર્ણય આપી દે તો તે સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ થઈ શકે છે. ત્યાં નથી કોઈ પૂર્વગ્રહ, ફક્ત બંધારણ અને કાયદો. ઘણીવાર સુપ્રીમ કોર્ટમાં રૂલીંગ અપાય છે કે "હાઈકોર્ટ કે નીચલી કોર્ટે કાયદા પ્રમાણે ન્યાય નથી આપ્યો. તે જજે આપેલ ન્યાય બરાબર નથી. કાયદા પ્રમાણે સુસંગત ન્યાય નથી. પૂર્વગ્રહથી ન્યાય આપી દીધેલ છે."

આ કાળમાં બહુમતિનું રાજ્ય ચાલે છે એમ કહેવાય છે, તેમાં ફસાયા તો સમજજો કે ખલાસ થયા. ધર્મસંસ્થાના ટ્રસ્ટીઓ જો બહુમતિ પ્રમાણે નિર્ણય લે ત્યારે શાસ્ત્ર આજ્ઞા તેને અનુકૂળ ન થતી હોય તો તે નિર્ણયને ફગાવી દેવો જોઇએ.

હજુ ધાર્મિક સ્વાતંત્ર્યની કલમ જીવતી છે. માટે ધર્મશાસ્ત્રોની આજ્ઞા મુજબ કોર્ટમાં ચુકાદો અપાય છે. દરેક ધર્મની આજ્ઞા મુજબ હજી ત્યાં નિર્ણય લેવાય છે.

કોઈ જગ્યાએ Riot (હુલ્લડ) થાય, તો શસ્ત્રબંધી ફરમાવવામાં આવે છે. પણ તો ય શીખ લોકો તો કિરપાણ સાથે ફરી શકે છે. કારણ? શીખ ધર્મમાં કિરપાણને સદા સાથે રાખવાનું ધાર્મિક ચિહ્ન ગણેલ છે. માટે તેને સાથે રાખવાની–લઈ જવાની શીખોને છૂટ છે. હુલ્લડ વખતે શસ્ત્ર-બંધી બીજા બધા માટે ખરી, ફક્ત શીખને કિરપાણ રાખવાની છૂટ. કિરપાણ દૂર કરી શકાય નહીં. આમ શીખ ધર્મશાસ્ત્રની આજ્ઞા મુજબ તેની છૂટ મળે છે.

કોઈ ટ્રસ્ટીઓ બહુમતિથી નક્કી કરે કે "આ દેરાસરનો પૈસો સ્કૂલના શિક્ષણ માટે વાપરવો." તો બહુમતિ કે સર્વાનુમતિ ત્યાં હોય છતાં પણ કોર્ટમાં તે પડકારી શકાય છે; અને કોર્ટ ધાર્મિક આજ્ઞા પ્રમાણે તેનો ચુકાદો આપવાને હજી બંધાયેલી છે.

કોઈ કહે કે 'ભાઈ, જમાનો બદલાયો છે. જમાનાના ધોરણે ચાલવું જોઈએ.' દેવદ્રવ્યની રકમ દેવ અને દેરાસર

સિવાય અન્યત્ર કદાપિ વપરાય નહીં. આમાં કોર્ટ ટ્રસ્ટીઓની સર્વાનુમતિ કે બહુમતિને માન્ય નહીં રાખે. ત્યાં શાસ્ત્રોને જ માન્ય રાખશે. આટલી ધાર્મિક સ્વતંત્રતાના વાતાવરણમાં આપણે હજી શ્વાસ લઈ શકીએ છીએ.

પણ જો આ ધાર્મિક સ્વાતંત્ર્ય ગયું તો પછી કોર્ટે જવાશે નહીં. પછી તો દેવદ્રવ્યનો ઉપયોગ ગમે ત્યાં કરવામાં આવશે. કતલખાના માટે પણ તે રકમનો ઉપયોગ થશે. કદાચ એ વખતે અમારે કહેવું પડશે કે "ભંડારમાં પૈસા નાંખવાના હવે બંધ કરો, ઉછામણી બોલવાની બંધ કરો. જે કરવું હોય તે હાથે તે સાથે-એ રીતે કરી લો. તમારા હાથે તમે જ ધર્મ કરી લો. અમારે ન-છૂટકે જ આવું કહેવું પડશે. કારણ કે તે વખતે શાસ્ત્રાજ્ઞા પ્રમાણે દ્રવ્યનો ઉપયોગ થવાનો નથી.

સંચાલકોએ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ચાલવાનું છે. શાસ્ત્રો બધી guidance આપે છે. આચાર્યો પણ પોતાની બુદ્ધિ પ્રમાણે ચાલી-વર્તી શકતા નથી. નહીંતર તેમને ક્યારેક પારાંચિત નામનું ઉત્કૃષ્ટ પ્રાયશ્ચિત્ત પણ વહન કરવું પડે. મહાવિદ્વાન આચાર્ય શ્રી સિદ્ધસેનસૂરિજીએ નવકાર મંત્રને સંસ્કૃત ભાષામાં ફેરવ્યો અને તે સમયની હવા પ્રમાણે બધાં અર્ધમાગધીમાંનાં સૂત્રો સંસ્કૃતમાં ફેરવવાનો વિચાર કર્યો તો કેટલું પ્રાયશ્ચિત્ત કરવું પડ્યું ? "તીર્થંકરોને શું આવો ખ્યાલ ન હતો કે તમને ખ્યાલ-સંસ્કૃતીકરણનો ખ્યાલ-આવ્યો !" સિદ્ધસેનસૂરિજી મહાન આચાર્ય હતા. આ નાની ભૂલ કરી. તે ખૂબ મોટી ગણાઈ અને એમને પારાંચિત પ્રાયશ્ચિત્ત લેવું

પડ્યું. બાર વર્ષ સંઘની બહાર ગુપ્ત રહેવાનો નિર્ણય થયો અને શ્રીસંઘે રડતા કકળતા હૈયે શ્રી સિદ્ધસૂરિજીને વિદાય આપી.

આ આભિપ્રાયિક ભૂલ હતી-નાની ભૂલ જણાતી હતી, પણ પ્રાયશ્ચિત્ત મોટું હતું. કાયદા પ્રમાણે-શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ચાલ્યા નહીં માટે સ્તો!

આ શ્રીસંઘ પ્રભુના શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે ચાલે છે. શાસ્ત્રો એટલે દ્વાદશાંગી. તે પ્રમાણે ચાલવાનું નિશ્ચિત હોય છે. આચાર્યો હોય કે મોટા શ્રીમંત જૈન હોય, પણ તેમણે પોતાની મરજી મુજબ ચાલવું જોઈએ નહીં. આજે સંઘની જે તે આંતરિક બાબતોમાં કોર્ટનો આશ્રય લેવાની એકદમ ઉતાવળ થઈ જાય છે તે યોગ્ય જણાતું નથી. આમ કરવાથી તો 'પારકા' ઘરમાં પેસશે અને પગ પહોળા કરીને પેટ ચીરી નાખશે. એવા વિવાદસ્પદ પ્રશ્નોના નિરાકરણ માટે શ્રી સંઘના અગ્રણી ગૃહસ્થોએ પરિશ્રમ વેઠીને પાંચ ગીતાર્થ આચાર્ય ભગવંતોની એક સમિતિ નીમવી જોઈએ. એમના તરફથી જે સર્વસંમત અભિપ્રાય મળે તે સહુએ માન્ય કરવો. તેવી શિસ્ત દાખલ કરવી જોઈએ. સર્વસંમત નિર્ણય લાવવા જેટલી ઉત્કંઠા તેઓમાં પણ હોવી જોઇએ, એ અસંભવિત પણ નથી. જો સર્વનાશના આરે, આંતરવિગ્રહ સહુને લઈ જઈ રહ્યો છે એ સત્ય આંખેઆંખ દેખાતું હોય તેમ શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે ચાલવાનો આપણે સહુએ નિર્ણય કરવો જોઇએ. એના વિનાના દેખીતા જમાનાવાદી લાભોને

જતા કરવા જોઈએ. જમાનો શબ્દ જ અહીંથી કાઢી નાખવો જોઈએ. જમાના પ્રમાણે નહીં કિન્તુ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે જ ચાલવાનો આપણે સહુ સંકલ્પ કરીએ.

શાસ્ત્રો guidance છે. તે બંધારણ છે. આ બંધારણ god-made છે. તેમાં લેશમાત્ર ફેરફાર ન થાય. તે દિલ્હીના બંધારણ પ્રમાણે man-made નથી. man-made બંધારણમાં સમય પ્રમાણે સુધારા-વધારા થઈ શકે.

કેટલાક બંધુઓ કહે છે કે "જમાના પ્રમાણે વર્તશો નહીં તો દિગંબરો આગળ વધી જશે, તમે ફેંકાઈ જશો." આવી વાતોમાં તથ્યાંશ નથી. હું પણ શ્રીમંતોની ખુશામત કરું, તો મને પણ લાકડાની નહીં, સોનાની પાટ બેસવા મળે. લાલચ, આકર્ષણ, પ્રલોભન, માન મળે. પણ મેં શાસનનું નિમક ખાધું છે. આપણે નિમકહલાલ બનવું જોઈએ, નિમકહરામ કદાપિ નહીં. શાસ્ત્રાનુસારી પરિવર્તન કબૂલ છે. સમાધિ ન રહેતી હોય તો સાધુ પણ એકાસણાને બદલે નવકારશી કરી શકે છે, આ પરિવર્તન શાસ્ત્રાનુસારી ગણાય. પણ બહુમતિના ધોરણે ચાલતા જમાનાની રૂએ કોઈ છૂટછાટ ન અપાય.

આજે તો વાતે વાતે જમાનાના નશામાં બોલાય છે કે આજે શરીર કેવાં છે? આવું તપ કેમ થઈ શકે? આજ્ઞા પ્રમાણે બધું થાય જ શી રીતે? છૂટછાટો તો આપવી જ જોઈએ ને?

આપણે જમાનાના ભૂતથી બાર ગાઉ છેટા રહો. બંધારણીય આજ્ઞાઓને જ વફાદાર રહો.

હવે ચોથી બાબત 'સંપત્તિ' અંગે વિચારીએ—

શાસનને (તીર્થને) ભગવાન નમસ્કાર કરે છે. વહીવટ માટે પૈસાની જરૂર પડે. પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવા માધ્યમ જોઈએ. સર્વ જીવોને અભયદાનનું પ્રતીક છે કટાસણું. સર્વજીવો પ્રત્યે કરૂણાભાવ દર્શાવવા માટે છે મુહપત્તિ. દરેક સિદ્ધાન્તને અભિવ્યક્ત કરવા માટે માધ્યમની જરૂર છે.

બાહ્ય સંપત્તિ આંતરિક શક્તિના વિકાસ માટે છે. ઉલ્લાસથી તીર્થયાત્રા કરો. શેરીશા જાવ, શત્રુંજય જાવ, ચાલતા ચાલતા પર્વત ચઢો, ઉલ્લાસથી ઉપર જાવ. સ્વદ્રવ્યથી પૂજા કરો. ઉલ્લાસથી દર્શન, વંદન, ચૈત્યવંદન કરો.

આજે લોકો કહે છે કે 'જમાનાનો પોકાર છે કે ધર્મની એકતા કરો.' પણ એકતા ક્યાં છે ? એકતા છે શું ? જીવોની રૂચિ જ જાતજાતની હોય છે. કોઈને રોટલી તો કોઈને થપેલાં, કોઈને પરોઠા તો કોઇને રોટલા ખાવા જોઈએ છે. કોઇને દાળ તો કોઈને કઢી, કોઈને આ શાક તો કોઈને પેલું શાક. કોઈને તુરિયાં, કારેલા ભાવે તો બીજાને ભીંડા વગેરે ભાવે. આમ વિવિધ–અનેક રૂચિઓ ઘરમાં પણ જોવા મળે છે. ત્યારે જગતની તો વાત જ શી? જગતમાં કોઈ પણ સારી એકતા થઈ શકતી નથી, તો ધર્મોની એકતા કેવી રીતે થઈ શકે ?

બધે એકતા કરવા પ્રયત્ન કરો તો ?

બધાનાં એક સરખાં ગાઉન, બધાનું એક જ રંગનું કાપડ. એક જ જાતનું કાપડ, બધાની કટ એકસરખી—આમ એકતા કરીએ તો ? વળી બધાની ક્રિયામાં એકતા કરીએ તો ? આ બધી વિવિધતા-ભિન્નતા ખોટી છે; એમ કહીને બધે એકતાનો પવન ફુંકીએ તો ?

ભલા ! બધાના ટેસ્ટ જુદા જુદા છે, ઇચ્છાઓ જુદી છે, વાસના જુદી છે, પહેરવેશ જુદા છે, પહેરવાની રીતિ જુદી છે. ખાવાનું, પહેરવાનું, ઓઢવાનું, ચાલવાનું બધું જુદું છે. વ્યક્તિ વ્યક્તિની અભિરૂચિ જુદી છે. કોઈ કહે છે કે આ તો generation gap છે. પણ ઘરમાં જુઓ-પિતા અને પુત્ર વચ્ચે ૨૦-૨૫ વર્ષનું અંતર અને પિતાની અભિરૂચિ જુદી. પુત્રની અભિરૂચિ જુદી. પણ શું પિતા-પુત્ર વચ્ચે જ generation gap છે? રે ! એક ભાઈ ૧૬ વર્ષનો હોય બીજો ૧૪ વર્ષનો હોય છતાંય બન્નેનો test જુદો એટલે ત્યાંય generation gap. ૧૦ અને ૧૨ વર્ષની બે બેનો હોય તો તેમનામાં ય કપડાની પસંદગી પણ જુદી જુદી જ હોય છે.

દરેકની અભિરૂચિ જુદી. ખાવાની, પીવાની, રહેવાની, પહેરવાની, ઓઢવાની....રે ! રમવાની પણ રૂચિઓ જુદી. એકને કેરમ ગમે તો બીજાને ચેસ, એકને રેડિયો ગમે તો બીજાને ટી. વી. ગમે.

જો આ બધામાં એકતા નથી. જો આ બધા એક થઈ

શકતા નથી, તો બધા ધર્મો એક થાય શી રીતે? પરસ્પર લડાવીને પ્રાણુપદાર્થોના છેદ ઉડાડીને સર્વનાશ કરવાનું એક કાવતરું ચાલે છે, વસ્તુતઃ એકતાના નામે સામાયિક, પ્રતિક્રમણુ વગેરે ધર્મયોગમાં એકતા શે' થાય ? કોઈને સામાયિક ગમતું હોય તો કોઈને પ્રતિક્રમણ. કોઈને જિન-પૂજામાં અત્યંત આનંદ આવતો હોય, તો કોઈને વ્યાખ્યા-નમાં રસ પડતો હોય.

માનવતામાં જે માનતો હોય તે જો જિન–પૂજાવિધિને ન વખોડે તો તેનો ઝાઝો વાંધો લેવો નહિ. કોઈની અભિરૂચિ ભક્તિ પ્રત્યે હોય તો તે માનવતા પ્રત્યે નફરત ન દર્શાવે. માનવતાવાદી પ્રભુને પથ્થર ન કહે. ભક્તિનો રસિયો માનવતાવાદીને ન ધિક્કારે.

બધાની અભિરૂચિ જુદી, માટે સંપત્તિ જુદી. દહેરાસર, ઉપાશ્રય, કટાસણું, ઓઘો, ચરવળો, ચાલ્લો, મુહપત્તિ–આ બધી સંપત્તિ છે.

દહેરાસરમાં નાના છોકરા હાથમાં મંજીરાં લઈ વગાડતા હોય, તો તેને વગાડવા દો. તેને ગમે તેવા પણ વગાડવા દો.

કોઈ તબલાં ઠોકવા લાગે તો તેને ઠોકવા દો. તે તેની અભિરૂચિ છે. આ અભિરુચિથી એને આગળ આવવા દો. દહેરાસરમાં કોઈ ઊંચા સ્વરે બોલતા હોય, કોઈ રાગ કાઢી ગાતા હોય– અવાજનું વાતાવરણ હોય તો કોઈના નાકનું ટેરવું ચઢી જાય. તે બરાડી ઊઠે કે 'આ શું ?

કેટલો અવાજ ? અશાંતિ કેટલી ? છે કાંઈ ક્રિશ્ચિયન દેવળ જેવી શાંતિ કે શિસ્તતા ? ત્યાં કેટલી શાંતિ ! કેટલી શિસ્તતા ? અને અહીં ધમાધમ !!!"

આવા બંધુઓને માટે કહેવું છે કે આ દેખાતી અશાંતિમાં અમારી શાંતિ છે. પ્રત્યક્ષ શિસ્તતામાં પરોક્ષ અશિસ્તતા છે. આ તો પ્રાચીન પરંપરા છે. ભગવાન સામે લાડ લેવાય છે. એમની રીતરસમ તેવી છે. આપણી રીત જુદી છે. ધર્મનો નાશ કરવા માટે પદ્ધતિસર કેટલાક શિસ્તાદિના સુરસુરીઆં છોડવામાં આવ્યાં છે. આપણે તેમાં ફસાવું ન જોઇએ.

સાત ક્ષેત્રાદિની સંપત્તિથી જૈન ધર્મ ટકેલ છે. દેરાસર સંપત્તિ, ઉપાશ્રય સંપત્તિ, ચરવળા ને પૂંજણી પણ સંપત્તિ, જ્ઞાનભંડાર સંપત્તિ.

**ધર્મ : ઉદ્દેશ :**

સૌથી મહત્ત્વનું શું છે ? સૌથી મહત્ત્વનો છે ઉદ્દેશ.

આ શાસનનો ઉદ્દેશ શો છે ? જૈનશાસનનો ઉદ્દેશ છે મોક્ષપ્રાપ્તિ. અર્થ અને કામપ્રાપ્તિનો ઉદ્દેશ નથી.

દવાખાનામાં તમે શા માટે જાવ છો ? ત્યાં જવાનો ઉદ્દેશ શો છે ?

દવાખાને જવામાં આરોગ્યપ્રાપ્તિ એ ઉદ્દેશ છે.

ધર્મનો–શાસનનો ઉદ્દેશ છે બંધનનો નાશ, સંસારના

સુખ–દુઃખની વાસનામાંથી છૂટકારો, તેનો નાશ; આ છે ઉદ્દેશ.

શાસન તો વિશ્વકલ્યાણકર સંસ્થા છે. We are the members of this great institution. આ જો ન હોય તો કેવો ઉપદ્રવ ઊભો થાય ?

અર્થ–કામ પ્રાપ્ત થવાં તે પુણ્યની વાત છે. અર્થ એ કામની મીઠી ચળ છે. ડુક્કર–ભૂંડને પણ ચામડા સાથે સંબંધ છે. અમે lions ! અમે "Rotarian !" એવું જેમ તે તે માણસો બોલે છે એવા જ ગૌરવ સાથે તમે બોલો કે અમે તો શાસનના મેમ્બર્સ છીએ. શાસનના પ્રેમી કદાપિ અર્થ–કામની યાચના ન કરે. તેમનો મુખ્ય ઉદ્દેશ તો એક જ અને તે મોક્ષપ્રાપ્તિ.

ભગવાન આ શાસનને સ્થાપે છે, અને પોતે પ્રકાશેલ શાસનને "નમો તિત્થસ્સ" કહીને નમસ્કાર કરે છે. શા માટે ? આ શાસનના કારણે જ ભગવાન, ભગવાન થયા છે. ભગવાન મહાવીરે કોના સમયમાં નિકાચિત કર્મ બાંધ્યું ? નયસારના ભવમાં.

તે વખતે કોનું શાસન હતું ? શાસન વગર કોઈ ચીજ થઈ શકે નહીં. નયસારના ભવથી—સમકિતથી માંડીને તે સત્તાવીશમા ભવે તીર્થંકર થયા તે શાસનનો ઉપકાર છે. તેથી ભગવાન શાસનને નમસ્કાર કરે છે.

ત્યાર પછી તીર્થંકર ભગવાન સમવસરણમાં બિરાજે છે, ત્યારે ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા દે અને, "નમો તિત્થસ્સ" કહ્યા પછી દેશના દે.

તીર્થંકર કરતાં અપેક્ષાએ શાસન મહાન છે. શાસને અનંતા તીર્થંકરો પ્રગટ કર્યા. આજે ૨૪ તીર્થંકરો છે. તે બધાય તીર્થંકરોની માતા છે શાસન, તેથી તીર્થંકરો તેને નમસ્કાર કરે, તેને વફાદાર રહે.

આ અંગે 'જિન શાસનરક્ષા'નું પુસ્તક વાંચવું આવશ્યક છે.

# કલ્યાણકર જિનશાસન

## [૫]

કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રીમદ્ હેમચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજા સાહેબે વીતરાગસ્તોત્રમાં તીર્થંકર પરમાત્માનું, સિદ્ધભગવંતોનું અને મુનિભગવંતોનું તો શરણ સ્વીકાર્યું; પરંતુ તીર્થંકરદેવે સ્થાપેલા શાસનનું પણ શરણ સ્વીકાર્યું.

જેટલા શરણ્ય તીર્થંકરદેવ એટલું જ શરણ્ય એમનું શાસન. તીર્થંકરદેવો પણ આ શાસનને (તીર્થને) નમસ્કાર કરીને જ સમવસરણમાં દેશના આપે છે કેમકે એમની ઉપર પણ એ જ ધર્મશાસનનો ઉપકાર થયો છે.

જો આ 'શાસન' અમને ન મળ્યું હોત તો? "તો... અમે અનાથ બનીને વિષય-કષાયના અંધકારમાં જ્યાં ને ત્યાં અથડાતા-ટીચાતા હોત; દુર્ગતિઓમાં જ આંટા-ફેરા મારતા હોત." એમ સૂરિપુરંદર આચાર્ય ભગવંત શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ કહ્યું છે.

ક્યાં ક્યાં ઉપકાર નથી પહોંચ્યો સર્વકલ્યાણકર

જિનશાસનનો ? હરિબળ જેવા માછીમારને ય પહેલી પકડાયેલી માછલીને છોડી મૂકવાની પ્રતિજ્ઞા દેવડાવીને એનુંય કલ્યાણ કર્યું.

ઘોર પાપી અર્જુનમાળીનો એણે ઉદ્ધાર કર્યો. રોહિણીઆ ચોરને એણે બચાવ્યો. ડાકુ દઢપ્રહારીને તે જ ભવે મોક્ષ એણે અપાવ્યો.

નર્તકીના મોહપાશમાં ફસાયેલા શ્રેષ્ઠીપુત્ર ઈલાચી કુમારને એણે બચાવી લઈને; વાંસ ઉપર જ કૈવલ્યદશાની ભેટ કરી દીધી.

સુસીમાના ખૂની ચિલાતીપુત્રને ઘોર પશ્ચાત્તાપ કરાવીને મુક્તિપંથનો અંત એણે જ બતાવ્યો.

દુર્વાસાના અવતાર જેવા—અતિક્રોધી ચંડરુદ્રાચાર્યને વીતરાગદશા એણે બક્ષી.

રૂપકોષા ગણિકાના તનબદનમાં જ પોતાના સ્વર્ગ અને મોક્ષને જોતાં કામાંધ સ્થૂલભદ્રને અકામ અણગાર એણે જ બનાવ્યા.

ગર્વથી ધમધમી ઉઠેલા બાહુબલિજીની મૂઠી ભરત ઉપરથી ફેરવાવી લઈને પોતાના જ માથે મુકાવનાર એ જ શાસન ! લોચ કરાવીને સમરાંગણને સમતાંગણ બનાવનાર એ જ શાસન ! અગાર મટાડીને અણગાર બનાવી દેનાર પણ એ જ શાસન !

ગોશાલક જેવા મહાપાપીને માટે ય મુક્તિની મંગળમાળા નક્કી કરી આપનાર એ જ ધર્મશાસન છે.

ઈન્દ્રભૂતિના અરમાન એણે ઉતાર્યા. સિદ્ધસેનના જ્ઞાનમદને એણે ઓગાળી નાખ્યો.

ક્યાં ક્યાં નથી પહોંચ્યું આ ધર્મશાસન ! લગ્નની પહેલી જ રાત્રિથી સંયોગવશાત્ આજીવન બ્રહ્મચારી બની જતાં દંપતી—વિજય અને વિજયા—ને અખૂટ બ્રહ્મ-બળ પૂરું પાડ્યું આ જ જિનશાસને ! અને ભગવાન નેમનાથ-જીએ પેલી રાજુલને ચોરીમાં હાથ ઉપર હાથ ન આવ્યો તો : દીક્ષા સમયે મસ્તક ઉપર હાથ લેવડાવીને રાજુલનો વિજયવાવટો ફરકાવ્યો; આ જ શાસને.

પિતાએ એના નસીબમાં કોઢીઓ પતિ ફટકાર્યો તો પણ હસતે મોંએ એનો હાથ પકડી લેવા સજ્જ બની ગયેલી મયણાની ખુમારી આ જ શાસનની દેણગી હતી.

કામાંધ જેઠ દ્વારા મરણતોલ રીતે ઘાયલ થયેલા પતિને કઠણ હૈયું કરીને સુંદર ધર્મ કરાવીને સદ્ગતિમાં મોકલનાર મહાસતી મદનરેખા આ જ જિનશાસનનું ફરજંદ હતી.

મહામુસીબતે મેળવેલા દેવકુમાર જેવા બત્રીસ પુત્રોને યુદ્ધમાં એકી સાથે ખોઈ નાંખવા છતાં માતા સુલસાના અંતરે અદીનતાનો ધ્વજ ફરકાવતું આ જ શાસન હતું.

રામચંદ્રજી દ્વારા સતીશિરોમણી સીતાને એકાકિની વનમાં મુકાવી દેવા છતાં; ધર્મનું શરણ સ્વીકારીને માત્ર પોતાનાં દુષ્કર્મોને દોષ દેવાની અનોખી કળા આ શાસને જ એને શીખવી હતી.

૨૨-૨૨ વર્ષ સુધી ત્યક્તાની સ્થિતિમાં રહેલી અંજના-સુંદરીને આર્ત્તધ્યાનની ભયંકર આંધીમાંથી ઉગારી લઈને કલ્યાણપંથે ચડાવી દેનાર પણ આ જ પ્રભુશાસન.

રે ! દુષ્ટોને એણે ઉગાર્યા !

અબળાને એણે સાચા અર્થમાં સબળા બનાવી ! એ તો ઠીક પણ પશુઓને ય આ શાસને તારક-પંથની વાટ ચીંધી ! મગધરાજ શ્રેણિકના પગ તળે કચડાયેલા દેડકાને એણે દેવ બનાવ્યો.

તીર્થંકરદેવ ભગવાન્ મુનિસુવ્રતસ્વામીજીને નિમિત્ત બનાવીને ઘોડાને એણે તાર્યો.

ચંડકોશીઆ નાગનું કલ્યાણ એણે કર્યું. ગરૂડરાજ (જટાયુ) ને દેશવિરતિધર્મ પણ એણે આપ્યો.

રે ! ઉદેપુરના મહારાજાના પ્રાણપ્યારા સિંહને પંદર દીમાં જ માંસ છોડાવીને દૂધપાક પીતો એણે કરી દીધો !

અહો ! સૌથી નોખું અને સાવ અનોખું, કેવું અદ્ભુત છે; તીર્થંકરદેવોનું ધર્મશાસન.

કંદમૂળમાં રહેલા અનંતજીવોની રક્ષા કરવાનું પણ એ કરે.

માનવ-માનવને જ ચાહવાની સ્વાર્થભરી વાતો એ કદી ન કરે; એ તો જીવમાત્રના હિતની જ વાત કરે. મામકા અને પરાયાના ભેદ એ ભુલાવે.

'જીવો અને જીવવા દો' ના લૌકિક સૂત્રથી પણ

આગળ વધીને "અરીને પણ જીવવા દો"ના અલૌકિક પાઠ એ ભણાવે.

કોઈની મનથી પણ હિંસા કર્યા વિના જીવન જીવવાની કળા સર્વવિરતિધર્મનો પંથ બતાડીને એ જ શીખવે. આલોક–પરલોકનાં પૌદ્‌ગલિક સુખોની જીવલેણ ભૂરકીમાંથી ઉગારી લઈને પરમલોકનાં અનંત સુખનાં ગીત સુણાવીને જીવનની બધી ગતિ–વિધિઓને એ જ પલટી શકે.

આથી જ કેટલાય બાળને એણે અબાળ બનાવી દીધા!

કેટલીક કુમારિકાઓને મોહરાજના સંગ્રામની શૂરવીર-રજપૂતાણી બનાવી દીધી!

ભોગપંથે ડગ માંડતી કેટલીય તમણી નવોઢાઓને સંસારનો ભોગરસ ઓકાવી દઈને વિરતિધર્મની યોગિની બનાવી દીધી.

એણે સહુને તાર્યા... ગરીબોને અને અમીરોને; વાંઢાઓને અને કોઈ કામિનીના કંથોને; વિધવાઓને અને વિધુરોને; કામીઓને અને ક્રોધીઓને; માનવોને અને દાનવોને; દેવોને અને દેવેન્દ્રોને! પાપીઓને અને ઘાતકીઓને.

અનંતકાળથી એકધારી રીતે; એક યા બીજા ક્ષેત્રમાં આ ધર્મશાસને અગણિત ઉપકારોની એકધારી પરંપરા ચલાવી છે.

એથી જ એ સદા જયવંતુ બની રહ્યું છે. એની સ્વયંભૂ વિરાટ શક્તિથી એ આજે ય મેરુની જેમ અપ્રકમ્પ બનીને ઊભું છે.

સચરાચર સૃષ્ટિના ધારક–તારક એ ધર્મશાસનને લાખ લાખ વંદન ! જીવમાત્રના યોગ અને ક્ષેમના કારક એ જિનશાસન અમારું સહુનું કલ્યાણ કરો.

દુઃખિતો અને પાપીઓનું પણ ઉદ્ધારક એ યોગ-શાસન સર્વત્ર જયવંતુ વર્તો.

## શાસનરક્ષાનો જંગ

ભગવાન મહાવીરદેવ અને ભગવાન પાર્શ્વનાથદેવના શાસન વચ્ચે લાંબો ગાળો નથી. ૨૫૦ વર્ષો પણ નથી. ભગવાન પાર્શ્વનાથના સાધુઓથી પણ મહાવીરદેવનાં શાસન-કાળમાં ઉપકેશ નામનો ગચ્છ ચાલ્યો છે. તેમાં યક્ષદેવસૂરિજી નામનાં એક મહાન આચાર્ય થઈ ગયા. એક વખત તેઓ મહુવામાં રહ્યા હતા. મધ્ય એશિયાના મ્લેચ્છો તે વખતે ભારત પર ત્રાટક્યા હતા. તેઓ જ્યાં ત્યાં લૂંટફાટ કરતા, મૂર્તિઓ તોડતા, દેરાસર તોડતા, બધું ખેદાનમેદાન કરતા.

આ મહુવા તે વખતે 'મધુપુરી' નામથી પ્રસિદ્ધ હતું. આ મ્લેચ્છો લૂંટ કરતાં મધુપુરી ઉપર ત્રાટકવાની તૈયારીઓ કરવા લાગ્યા. જ્યાં ખબર પડી કે થોડા સમયમાં મહુવા ઉપર તૂટી પડશે, એટલે આચાર્ય મહારાજે દેવીની આરા-ધના કરી. દેવી હાજર થઈ. દેવીને પૂછ્યું કે, "મ્લેચ્છો ક્યાં સુધી પહોંચ્યા છે, ક્યારે અહીં આવે તેમ છે? વગેરેની તપાસ કરી આવો." આ દેવી તે સ્થાનની રક્ષિકા દેવી હતી. દેવી તપાસ કરવા ગઈ, પણ દેવી નબળી નીકળી.

મ્લેચ્છો પાસે પણ મલીન દેવદેવીઓ હોય. [પીર વગેરે] મ્લેચ્છોની દૈવી શક્તિ બળવતી નીકળી. એથી આ દેવી પકડાઈ ગઈ. દુષ્ટો સામે સજ્જનો લડતા નથી. ગુંડા સાથે ગુંડાને જ ક્યારેક લડાવવા પડે છે. આ દુષ્ટ તત્ત્વના હાથમાં દેવી ફસાઈ ગઈ. આ બાજુ યક્ષદેવસૂરિજી રાહ જોતા હતા. દેવી આવતી નથી. ત્યાં તો સમાચાર મળ્યા કે મ્લેચ્છો આવતી કાલે આ ગામ પર છાપો મારનાર છે. ચારે તરફ ધમાચકડી મચી ગઈ. સૌ પોતે પોતાનું બચાવવા માટે દોડધામ કરવા લાગ્યા. હવે આડી એક જ રાત રહી. " આ દેરાસરની પ્રતિમાજીઓનું શું ? " આચાર્યે મનોમન પ્રશ્ન કર્યો અને પછી તરત સંઘને બોલાવ્યો. તેમને આ વાત પૂછી. શ્રાવકોએ કહ્યું, " અમે જ ગભરાયેલા છીએ, ત્યાં આ અંગે શું બોલીએ ?

આચાર્ય મહારાજે વિચાર્યું કે મૂર્તિ તો ગમે તેમ કરીને બચાવવી જોઈએ. પાંચ–પચીસ યુવાનો તેમની વહારે આવ્યા. તેમને માથે મૂર્તિઓ ઉપડાવી, અને કહ્યું કે ચાલવા જ માંડો, જ્યાં મ્લેચ્છોનો ઉપદ્રવ ન હોય તે દિશામાં નીકળી જાઓ. ૫–૨૫ મૂર્તિઓ ઉપડાવી તે બચી ગઈ, પણ હજુ તો ઘણી પ્રતિમાઓ બાકી હતી. તેનું શું કરવું ? આપત્કાળે મર્યાદા રહેતી નથી. જે કાર્ય જે કાળે કરવાની જરૂર પડે તો ગીતાર્થે અવશ્ય કરવું, એવી શાસ્ત્રની આજ્ઞા છે. જે વખતે ધર્મરક્ષાનો પ્રશ્ન ઊભો થાય ત્યારે આપદ્ધર્મ તરીકે કેટલુંક કરી લેવું જ પડે. આચાર્યશ્રીએ

બધા સાધુઓને ભેગા કર્યા. એકને માથે એક મૂર્તિ મૂકી અને કહ્યું કે, "અત્યારે અંધકારમાં ચાલ્યા જાઓ." બધા સાધુઓ રાત્રે મૂર્તિ ઉપાડી ચાલ્યા ગયા. આવા સમયે સાધુ રાત્રે ગામ પણ છોડી શકે; માથે મૂર્તિ પણ ઉપાડી શકે. આ શાસનની રક્ષાનો પ્રશ્ન-પ્રતિમારક્ષાનો પ્રશ્ન છે.

બીજો દિવસ થયો અને મ્લેચ્છો ગામ પર તૂટી પડ્યા. આખું ગામ ખાલી થઈ ગયું હતું. બધું વેરવિખેર હતું. મ્લેચ્છો ઉપાશ્રયે-દેરાસરે પહોંચ્યા. તે દેરાસર આખું ખાલી હતું. પ્રતિમાઓ તોડવી હતી પણ પ્રતિમાઓ હતી જ ક્યાં?

યક્ષદેવસૂરિજી ઉપાશ્રયમાં બેઠા હતા. મ્લેચ્છો ત્યાં પહોંચ્યા. તેમને મારવા લાગ્યા. આ મૂંડીઆએ જ આ ધંધા કર્યા છે. આણે જ મૂર્તિઓ મોકલી દીધી છે, સંતાડી છે. એમ વિચારીને મ્લેચ્છો યક્ષદેવસૂરિજીને મારવા લાગ્યા. પછી તેમને થાંભલા સાથે બાંધ્યા. "ખૂન કરો આનું, જાનથી ઉડાવી દો." એકે કહ્યું. ત્યારે બીજો બોલ્યો કે, "એમ નહીં, રિબાવી રિબાવીને મારી નાંખો. બે-ત્રણ દી ભૂખે મરવા દો. પછી મારી નાખો." છેવટે મહારાજ સાહેબને કચકચાવીને બાંધ્યા.

મુછાળાની મૂછનાં પાણી ઊતરી જાય; બુદ્ધિ બહાવરી બની જાય તેવા વિકટ પ્રસંગોમાંથી પણ ધર્મશાસન હેમ-ખેમ નીકળી ગયું છે. જ્યાં આપણી બુદ્ધિ પણ કામ ન કરે, તર્ક પણ કુંઠિત થાય, ત્યાં દૈવી બળ વહારે આવે. કદાચ થોડું મોડું થાય, પણ સફળતા તો મળે જ.

મ્લેચ્છોએ સૂરિજીને બાંધ્યા. તેમનું ધ્યાન રાખવા એક યવનને મૂકીને ચાલ્યા ગયા, અને તેને કહેતા ગયા કે "આ સાધુ મરવા પડે તે દી તેને મારી નાંખજે." બધા ચાલ્યા ગયા. પહેલાં ઘણા શિષ્યો મૂર્તિ માથે ઉપાડી ચાલ્યા ગયા. થોડા ઘણા પાછળ હતા તેમને મ્લેચ્છોએ કાપી નાખ્યા હતા. બધાના ચાલ્યા ગયા બાદ પેલો યવન બોલ્યો, "મહારાજ સાહેબ, મત્થએણ વંદામિ."

મહારાજ—"અલ્યા તું કોણ?"

જવાબ-"વાણિયો!"

મહારાજ-"તું વાણિયો? મ્લેચ્છ નહિ?"

વાણિયો-હાજી, વાણિયો છું. પણ મ્લેચ્છ થઈ ગયો છું.

"હું ગરીબ, ભૂખ-તરસથી પિડાતો હતો. આ મ્લેચ્છોએ મારી કૂટીને મને મ્લેચ્છ બનાવી દીધો. પણ હું છું તો "જૈન વાણિયો."

જૂઓ આટલી મોટી સેનાએ આજે જ મને આપની રક્ષા કરવા મૂક્યો. છે ને કમાલ ધર્મમહાસત્તાની! હું આપને જાણું છું. આપને હવે અભય છે. આચાર્યશ્રી છૂટા થઈ ગયા. આમ શાસનનો થયો જયજયકાર.

આચાર્ય ગયા. તેઓ વિહાર કરીને પહોંચ્યા બાજુના ખપૂટ નગરમાં. ત્યાં તેમણે પ્રવેશ કર્યો, સંઘને ખબર પડી. તેમને થયું મહારાજ એકલા કેમ? તેમને ખબર પડી હતી કે મહુવામાં યવનો ત્રાટક્યાં છે એટલે શ્રાવકોએ માન્યું કે મહારાજ પોતાનો જીવ બચાવવા ભાગી છૂટયા છે. પણ

છેવટે સાચી માહિતી મળી. પછી તેઓ તેમને ઉપાશ્રયે લઈ ગયા. મહારાજે કકળતે હૈયે બધી વાત કરી કે, કેટલાક શ્રાવકો અને સાધુઓ બધા પ્રતિમાજીઓ ઉપાડીને લઈ ગયા, ઉપાશ્રયમાં સાધુઓની કતલ થઈ. મડદાં ત્યાં જ પડયાં છે, પોતે બંધાયા—મારો રક્ષક મ્લેચ્છને બદલે વાણિયો નીકળ્યો. મને બંધનમુકત કર્યો અને હું અહીં આવ્યો. આચાર્યદેવની આ વાતો સાંભળીને સંઘની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં.

શિષ્ય-પરંપરા હોય તો શાસન ચાલે. સંઘે તરત જ ૧૪ તેજસ્વી છોકરા શોધી કાઢયા. તેમનાં માબાપે રાજીખુશીથી શાસનને સમર્પિત કર્યા, દીક્ષા આપી. શિષ્ય પરંપરા ચાલુ રહી.

આમ આ પ્રભુશાસન જીવતું-જાગતું રહ્યું છે. ખામોશ! ગાંડાતૂર થઈને જો કૂદી પડશો, શાસનરક્ષાના જંગમાં, તો રક્ષાને બદલે તેની અવહેલના થશે. પેલી તો કાપાકાપી હતી, આજે બદમાશી અને ચાલબાજીનો યુગ છે.

આજે અનેકોના હોઠે જ શાસન છે, હૈયે તો પક્ષ જ છે. એટલે શાસનરક્ષાની વર્તમાન સ્થિતિ અત્યંત નાજુક છે. ભારે કૌશલથી આપણે કામ લેવાનું છે.

તરતબુદ્ધિ તરકડો કહેવાય છે. અગમબુદ્ધિ વાણિયો કહેવાય છે. કટોકટી પછી યુગ આખો પલટાઈ ગયો છે.

શાસન-રક્ષકોએ અગમબુદ્ધિથી કામ લેવું જ પડશે. તમે વાણિયા છો ને? ઉતાવળ નહીં, અપરિપકવતા નહીં, જોઈ વિચારીને જ કામ કરજો.

## ગીતાર્થતાની તાતી જરૂર :

જીવાનંદસૂરિજી નામના એક આચાર્ય થઈ ગયા. તે સમયે બૌદ્ધોનું જોર હતું. તેમણે બૌદ્ધ ધર્મનો અભ્યાસ ઊંડાણથી ન કર્યો. પોતાનાં શાસ્ત્રોનો સારો અભ્યાસ હતો તેથી તેમને થયું કે, "આ બૌદ્ધોને હું પળવારમાં હરાવી દઉં."

પહેલાંના જમાનામાં વાદ ઘણા ચાલતા હતા. તેમણે બૌદ્ધ સાધુને આહ્વાન આપ્યું. શરત મૂકવામાં આવી કે "જે હારે તેણે દક્ષિણ ગુજરાત છોડી દેવું." આચાર્યશ્રીને વધુ વિશ્વાસ હતો કે 'એમાં શું ? આમ ચપટીમાં હરાવી દઉં.' પણ તેઓ થાપ ખાઈ ગયા. સ્યાદ્વાદનો ઊંડો અભ્યાસ કરીને તૈયાર થયા હતા છતાં 'ઘોદો ઘાલે ધમ' કરવા ગયા અને હારી ગયા. શરત પ્રમાણે દક્ષિણ ગુજરાત છોડવું પડ્યું. પછી તેમને થયું કે 'હું હારી ગયો ! હવે બરાબર અભ્યાસ કરું.' પુનઃ બૌદ્ધ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. વધુ પડતા આત્મવિશ્વાસથી તેમણે ફરી પડકાર ફેંક્યો કે, "આવી જાઓ વાદ કરવા." પ્રતિપક્ષી તો તૈયાર જ હતા.

જે હારે તેણે આખુ ગુજરાત છોડી જવું. એકલાએ નહીં, શિષ્ય-પરિવાર સાથે, સંઘ આખા સાથે એવી શરત નક્કી થઈ. અને અફસોસ ! બીજી વાર પણ હાર્યા. ગુજરાત છોડીને આખા જૈન સંઘને ચાલ્યા જવું પડ્યું. કેવી ભયંકર સ્થિતિ ? ભૂલ એકની અને ભોગવવાનું આખા સંઘને. પણ શું થાય ? જીવાનંદસૂરિજીને હવે ભયંકર આઘાત લાગ્યો. પછી તો બૌદ્ધશાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. બૌદ્ધોને

રાજ્ય આશ્રય હતો. સૂરિજીએ સ્વ-સમયનો પર-સમયનો અભ્યાસ સારી રીતે કર્યો. ફરી આહ્વાન કર્યું. હારે તેને આખું હિન્દુસ્તાન છોડી દેવાનું-સંઘ શિષ્ય પરિવાર સાથે-એવી શરત થઈ.

અત્યાર સુધીમાં જૈન સંઘને, દક્ષિણ ગુજરાત-ઉત્તર ગુજરાત એમ ગુજરાત છોડવું પડયું હતું. હવે આખું હિન્દુસ્તાન છોડવાનું આવે તો થાય શું? આ દેરાસરો ઉપાશ્રયો-ધર્મસ્થાનો વગેરેનું શું થાય? આ ગંભીર સાહસ હતું. ખેર, ત્રીજો રાઉન્ડ શરૂ થયો. આચાર્યશ્રીએ વાદ શરૂ કર્યો. બૌદ્ધ સાધુઓને હરાવ્યા અને હિંદમાંથી બૌદ્ધને બહાર કાઢયા.

આપણી નીતિ જૈન શાસનની રક્ષા કરવાની છે. 'લગાવ' "ઠોકી ઘાલો' એ નીતિ ન ચાલે, પણ આગળથી પૂરેપૂરા તૈયાર થાઓ, વ્યવસ્થિત Planning કરો. કાબા સાથે કાબા થાવ. બરાબર ટક્કર ઝીલો જુઓ. આખા વિશ્વમાં ચારેકોર કેવી વ્યવસ્થિત રાજરમત રમાઈ રહી છે! વખત આવશે તો વિદેશીઓ ગમે તે કરી દેશે. પાસા બરાબર ગોઠવાઈ રહ્યા છે. વિદેશીઓ અદ્ભુત દાવ રમી રહ્યા છે.

હવે ભોળા ભાભા ન રહેતા. તેમ અધીરા, આછકલા પણ ન બનતા. આપણે આંતરબળથી જ દરેક કાર્ય સિદ્ધ કરવું પડશે. માત્ર વાતો કરવાની નથી. શાસનરક્ષા માટે બરાબર કટિબદ્ધ થવાનું છે.

યક્ષદેવસૂરિજીએ જેમ કરી બતાવ્યું તેમ આપણે

પણ કરી દેખાડવાનું છે. તમે સો છો પણ દરેક એકે હજારો બને. પછી તમે એક નથી, તમે હજાર છો. એકસો નથી એક લાખ છો. સહસ્રયોધી બનો. વ્યવસ્થિત રીતે સંગઠિત થાઓ. સંગઠિત થઈને વ્યૂહો ગોઠવો અને વિજય મેળવીને જ જંપો.

સહુ એક સાથે બોલો:

શ્વાસમાં અમારો સંઘર્ષ;

ઉચ્છ્વાસમાં અમારો વિજય.

કર્તવ્ય જ આચરવાનું અમારું કામ નહિ; વિજય મેળવીને જ અમારે જંપવાનું.

પેલા શ્રીકૃષ્ણના અર્જુનને ઉદ્બોધેલા શબ્દો યાદ આવે છે; "પાર્થ! નબળો થા મા! હું તારી સાથે છું."

## માનવગતિનું મૂલ્ય

[૬]

તીર્થંકરદેવ કેવળજ્ઞાની થયા. તેમને ચાર ગતિનું દર્શન થયું. ચારે ગતિમાં માનવગતિને શ્રેષ્ઠ જોઈ. બાકીની ત્રણ ગતિની અપેક્ષાએ માનવગતિ ઉત્તમ છે. ત્રણ ગતિનો સાક્ષાત્કાર પ્રભુને થયો. તે ત્રણે ગતિઓને વામણી જોઇ. માનવગતિ ઉત્તમ છે, મહાન છે! એમ પ્રભુએ કહ્યું. માનવ-જીવનની પણ ચાર ગતિ–દેવગતિ, નારકગતિ, તિર્યંચગતિ ને માનવગતિ. આ ચાર ગતિમાં માનવગતિ જ મહાન છે એમ કેમ કહેવાય? આપણે તેનો સાક્ષાત્કાર કર્યો નથી–તે ચારે ગતિનો આપણે હાલ અનુભવ કર્યો નથી. ત્રણેય ગતિ તો દેખાતી જ નથી. તો આ ચાર ગતિમાં માનવગતિ મહાન કેમ કહી શકાય? એક લીટી મોટી છે એમ ક્યારે કહેવાય? એક લીટી દોરો અને કહો કે આ મોટી છે–તો કોણ માનશે? પણ તેની સાથે બીજી ત્રણ નાની લીટી દોરો અને કહો કે આ ત્રણ લીટીની અપેક્ષાએ આ ચોથી લીટી મોટી છે. માનવગતિ આપણે જોઇએ છીએ. તિર્યંચ-

ગતિ પણ અંશતઃ જોઈએ છીએ. પણ નારકગતિ અને દેવ-ગતિ ક્યાં જોઈ છે? ત્રણ ગતિ કરતાં ચોથી માનવગતિ મહાન છે; તે કેમ કહેવાય?

અહીં બે રસ્તા છે. કાં તો ચારે ગતિનો સાક્ષાત્કાર થાય, અથવા જેને સાક્ષાત્કાર થયો છે તે કેવળી ભગવંતનાં વચનો ઉપર શ્રદ્ધા રખાય.

આપણને ચાર ગતિનો સાક્ષાત્કાર થયો નથી. કેવળી ભગવંતને તે થયો છે તો તેમને શરણે જવું. તેમનાં વચનો પર શ્રદ્ધા રાખવી. કદાચ આપણને તે અંગે જ્ઞાન ન પણ હોય, પરંતુ જ્ઞાન કરતાં શ્રદ્ધા વધુ મહાન છે. શ્રદ્ધાથી જ્ઞાનને આત્મસાત્ કરી શકાય. ભગવાનને ચાર ગતિનો સાક્ષાત્કાર થયો છે, તેથી તે જે કહે તે ઉપર શ્રદ્ધા રાખવી જરૂરી છે. કારણ કે આપણને તેવો સાક્ષાત્કાર થયો નથી. આપણને જ્ઞાન થવું તે જ મહાન્ નથી, પણ શ્રદ્ધા રાખવી તે ય મહાન છે.

ભગવાને કહ્યું, "હે માનવ તું મહાન છે. મણુઆ ! तुममेव सच्चं ।"

ભગવાન પર પૂર્ણ શ્રદ્ધા હોવી જરૂરી છે. જેનો સીધો સાક્ષાત્કાર નથી, તેનો શ્રદ્ધા દ્વારા સાક્ષાત્કાર કરી શકાય છે. જ્ઞાનની આંખો દ્વારા જાણી સમજી શકાય છે.

આપણને સંપૂર્ણ જ્ઞાન નથી. આપણને સાક્ષાત્કાર થયો નથી. તો જેને સાક્ષાત્કાર થયો છે, જેને સંપૂર્ણ જ્ઞાન છે, તેવા કેવળી ભગવંત પર સંપૂર્ણ શ્રદ્ધા આવશ્યક છે.

બટાટામાં અનંત જીવો છે; તેમ પરમાત્માએ કહ્યું. શું તમે તે જીવો જોઈ શકો છો? પરમાત્માએ તે જીવો જોયા અને કહ્યું. માટે જ તેમની ઉપરના વિશ્વાસથી તમે ય તેમ જ કહો છો ને?

તમે કહો કે, 'બટાટામાં અનંતા જીવો છે,' તો કોઈ તમારું માનશે? તેઓ કહેશે કે, 'શું બોલો છો? ક્યાં જીવ છે? બતાવો તો ખરા?'

પણ આપણે જે બોલીએ તે આપણું છે? ના.

જેવું ભગવાનનું વાક્ય છે કે, "બટાટામાં અનંતા જીવો છે." તેવું અક્ષરશઃ આપણું વાક્ય છે. 'બટાટામાં અનંતા જીવો છે.' તેમાં કાનો માત્રા કે અલ્પવિરામ વગેરેમાં ક્યાંય ફેરફાર નહીં.

ભગવાન કહે જ્ઞાનથી અને તેને આપણે કહીએ શ્રદ્ધાથી. આથી જ કહેવાય છે કે, 'શ્રદ્ધાવાન તે સર્વજ્ઞ સમાન છે.'

તમને પ્રશ્ન થાય કે શ્રદ્ધાવાન શી રીતે સર્વજ્ઞ સમાન? હા, શ્રદ્ધાવાન તે સર્વજ્ઞ સમાન છે. સર્વજ્ઞે જે કાંઇ કહેલ છે તે પર સંપૂર્ણ શ્રદ્ધા, તેનું સંપૂર્ણ પાલન, તે પ્રતિ અપ્રતિમ ભક્તિ.

પરમાત્માએ કહેલ છે કે નારકી સાત છે. તો તમે શુ કહેશો? નારકી સાત કે આઠ? જરૂર કહેશો નારકી સાત છે. દેવલોક? તો તેમની જેમ જ કહેશો કે બાર.

આ બધું તમે જોયું છે? ત્યાં તમે ગયા હતા?

ના?

તો આમ કેમ બોલો છો?

શ્રદ્ધાથી.

સર્વજ્ઞ પરમાત્મા પર સંપૂર્ણ શ્રદ્ધાથી તેવું કહીએ છીએ.

સર્વજ્ઞે જેના જે પ્રકારો કહ્યા છે તેનું તે જ નિરૂપણ આપણે કરવાના. તેમાં એક પણ શબ્દ આપણે ફેરફાર કરવાને તૈયાર નહીં. માટે શ્રદ્ધાવાન સર્વજ્ઞ સમાન કહેવાયો.

પરમાત્માએ કહ્યુ, "માનવ મહાન છે" તેથી આપણે પણ કહીએ છીએ. 'માનવગતિ મહાન છે.' નારકગતિમાં પારાવાર દુઃખ, અપાર પીડા, ભયંકર ત્રાસ, યાતના....દુઃખ ને દુઃખ.

તિર્યંચગતિમાં પારાવાર પરાધીનતા.

બે ગતિનો તો આપણને સાક્ષાત્કાર થાય છે. તે બે ગતિ છે; માનવગતિ અને તિર્યંચગતિ. આંખેથી તે જોઈ શકીએ છીએ. તિર્યંચ ગતિનો સાક્ષાત્કાર થાય છે. ઢોરની દશા કેવી પરાધીન? તેનામાં અનંત શક્તિ છે; છતાં તે પશુ જેવો કેમ? તેનામાં વિકાસ કેમ નથી? આપણો વિકાસ શકય છે. પશુનો વિકાસ શકય નથી. પશુ જેવું જીવન તમે જીવતા હો તો લોકો કહેશે : પશુ જેવો કેમ? ઢોર જેવો કેમ રહ્યો છે? આવું તો ઢોર કરે ઢોર.' એટલે આ માનવજીવન ઢોર કરતાં મહાન છે. પશુનું જીવન

તુચ્છ લાગે છે. પરિપકવ નથી. પશુની વિષયવાસનાની ક્રિયા જાહેરમાં હોય છે, માનવ પશુ નથી. માનવ પશુ કરતાં ઊંચો છે. માનવને ઢોર જેવા થવું ગમતું નથી. તમને કોઈ ગધેડા જેવો કહે તો ? તમે કૂતરા જેવા છો એમ કહે તો ? તે તમને ગમશે ? તમે કૂતરા-ગધેડા કહેવડાવવા તૈયાર નથી; કેમકે તમે માનવ છો. પશુ કરતાં ઊંચા છો.

આમ બે ગતિ—તિર્યંચ અને માનવમાં માનવગતિ મહાન છે. નારકમાં પારાવાર દુઃખ, પીડા, આપત્તિ છે. તેથી નારકગતિ કરતાં માનવગતિ ઉત્તમ છે જ. વધારે છે, પણ મહાનતા તો માનવમાં જ વધારે છે.

## દેવગતિમાં ત્રાસ

દેવલોકમાં સાચું સુખ હશે ખરૂં ? ના.

ત્યાં સાચું સુખ નથી.

સુખનો અર્થ આપણે શું કરીએ છીએ ? સુખ એટલે સાધનસામગ્રીની પ્રાપ્તિ માનીએ છીએ.

કોઈને બંગલો છે. માટે માનીશું કે તે સુખી છે. કારણ કે, સુખની સામગ્રી આપણે બંગલામાં જોઈએ છીએ. પણ તેનામાં સુખની લાગણી છે ખરી ? કદાચ બિચારો બંગલામાં બેસી કેટલી હાયવોય કરતો હશે ? કેટલો હેરાન થતો હશે ? એરકંડિશનમાં બેસીને હૈયે કેટલી ગરમી અનુભવતો હશે ? શું છે તે ખરેખર સુખી ? દેખાય છે જરૂર સુખી; બંગલાની સામગ્રીને લીધે.

બે-ચાર ગ્રાહકો આવ્યા. કમાણી સારી થઈ. તેથી માનીએ કે, તે ધંધામાં સુખી છે. પણ ના, તે સુખી નથી. ધન આવ્યું તેથી સુખી ન મનાય. તે સુખ લાગે છે, સુખની સામગ્રીના સાન્નિધ્યને લીધે.

દેવલોકમાં સુખની અઢળક સામગ્રી છે, પણ તેઓ સુખી નથી. દેવલોકમાં સુખ ન હોવાનાં બે મુખ્ય કારણો છે. એક છે ઈર્ષ્યા ને બીજું અતૃપ્તિ.

ત્યાં ભયંકર ઈર્ષ્યા છે. સામાન્ય દેવોને મહર્ધિક દેવની, ઈન્દ્રો વગેરેને એક બીજાની સમાન કક્ષાની જોરદાર ઈર્ષ્યા સંભવિત છે. 'આની સ્થિતિ ઊંચી, મારી સ્થિતિ નીચી, આની કક્ષા મોટી, મારી કક્ષા નાની; આનું સ્થાન ઉપર, મારૂં સ્થાન નીચે; આને મોટું વિમાન, મારે નાનું વિમાન; વગેરે જોઈને કે વિચારીને કેટલાય દેવો બળી બળીને ખાખ થઈ જતા હોય છે. બીજાનું સુખ જોઇને તેઓ તરફડિયાં મારતા હોય છે.

આપણાં ખાસડાંના ખીલા સારા, પણ દેવ-મોજડીનાં રત્નો ખોટાં. અઢળક સંપત્તિ-વૈભવ છતાં ઈર્ષ્યા તેમને બાળી બાળીને ખાખ કરી મૂકે છે. અનેક દેવીઓ રૂપ-લાવણ્યમાં એક એકથી ચઢિયાતી-તેવા ઉત્કૃષ્ટ રૂપ ભોગવીને અતૃપ્તિ જાગે. તે અતૃપ્તિની જ્વાળામાં બિચારો દેવ બળીને ખલાસ થાય.

આમ ઈર્ષ્યા અને અતૃપ્તિના દાવાનળમાં ઘણા દેવો

સતત સળગ્યા કરતા હોય છે, બળી બળીને શેકાતા હોય છે, ખાખ થતા હોય છે. વળી તેમની વિદાયપળની વ્યથા અત્યંત દુઃખદાયી હોય છે. તેમને પોતાના મૃત્યુકાળની આગાહી થતી હોય છે. મૃત્યુને છ માસ બાકી રહે, એટલે દેવદેવીઓની માળા કરમાવા માંડે. જ્યાં માળા કરમાઈ ત્યાં તેમને જીવન નિરસ લાગવા માંડે. "બસ ! છ જ માસ રહેવાનું ? શું આ દેવી ચાલી જશે ?" આ વિચારો તે દેવદેવીઓનાં અંતરને કોરી ખાવા લાગે છે. જેમ જેમ દિવસો પસાર થાય, તેમ તેમ વલખાં વધતાં જાય, તેઓ ઝૂરી ઝૂરીને રડે. તે દેવદેવી એકબીજાની પાસે જ બેસી રહે, એકબીજા સામું જોયા કરે. "તું જતી રહીશ ? હાય ! હું કેવી રીતે જીવીશ ? તું જઈશ પછી આ વાપી, આ સ્થાનનું શું થશે ? તારાથી મારા વિના કેમ જીવાશે ? હાય ! કેટલો ભયંકર વલોપાત !" ઇત્યાદિ કરુણ વિલાપ, વિદાય લેતી વ્યક્તિ કરતી હોય છે.

જ્ઞાનસારમાં યશોવિજયજી મહોપાધ્યાયે આ પ્રસંગનું વર્ણન કરેલ છે. તે વલોપાત, તલસાટ, ઝંખનાનું વર્ણન વાંચતાં થાય કે ખરેખર દેવ કરતાં માનવ ખૂબ મહાન છે.

આમ દેવદેવીઓ કરુણાજનક આક્રંદ–વિલાપ વલોપાત કરતાં હોય, ઝુરી ઝુરીને મરતાં હોય અને તો'ય કાંઈ કરી શકે નહીં. કોઇ તેમને અટકાવી શકે નહીં. કોઈ તેનો ઉપાય નહીં. બસ, તે રડે ને બીજા ટગર ટગર જોયા કરે. બીજાં દેવદેવીઓ તેમને ઝુરતાં, ત્રાસ પામતા, "ત્રાહિ ત્રાહિ"

પોકારતાં ભયંકર વિરહવેદનાનો, વિલાપ કરતાં જુએ. રે! છાતીફાટ રૂદન-વ્યથા-વિરહની વેદના જોનારાની પણ છાતી ફાટી જાય એટલું કરુણ કલ્પાંત હોય છે.

તેથી જ ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે કે, હે પ્રેક્ષક દેવો ! તમે તો ગજબ છો; તમારી છાતી ગજવેલની લાગે છે કે આવું કરૂણ કલ્પાંત જોઈ શકો છો ! એ વિરહની વેદનાને જોઈ શકો છો ! મને લાગે છે કે તમારું હૃદય ગજવેલનું બનેલું હશે.

દેવીનું આયુષ્ય ઓછું હોય, દેવનું આયુષ્ય વધારે હોય, દેવી વારંવાર બદલાય, તો'ય કેટલાય સમય સુધી રહે. તેથી જ્યારે દેવી ચાલતી જાય ત્યારે દેવને તીવ્ર વિરહ વેદના, કરૂણ કલ્પાંત, કારમો વલોપાત થાય. આમ તેના જીવનમાં સુખ નહીં. વળી ત્યાં પણ મારામારી, કાપાકાપી, લૂંટફાટ ચાલે.

આપણે ત્યાં વાસના છે, વિકાર છે. આપણે ત્યાં વિરહવ્યથા છે, કલ્પાંત છે, રૂદન છે, મારામારી અને કાપાકાપી છે. પણ આપણે ત્યાં તેના નિવારણના જેટલા સક્રિય ઉપાયો છે; તેટલા દેવલોકમાં નથી.

મસ્કતી મારકીટમાં બે દુકાનો સામસામી આવી હોય. એકની દુકાને સારી ઘરાકી રહેતી હોય, જ્યારે બીજો બેઠો બેઠો હવા ખાતો હોય. તેને ચાપાણીનો ખરચો પણ માથે પડતો હોય, પેલાની ઘરાકી જોઇને, વેપાર જોઈને, બીજો વેપારી બળી બળીને ખાખ થઈ જાય અને બબડે કે, "બધા

ઘરાક એને ત્યાં? મારે ત્યાં કોઈ નહીં! બસ, ઉખેડી નાખું તેને.” આમ તે ત્રાસ અનુભવે, પણ છેવટે ય આ દુનિયામાં ઉપાય છે. તેને થાય કે આ દુકાન કાઢીને મારકીટમાં દુકાન નાખું. પછી ત્યાં જોવાનું નહીં, ને જાણવાનું નહીં, બળવાનું નહીં, ને દાઝવાનું નહીં.

આમ માનવલોકમાં તો સ્થાન બદલવાથી પણ ઈર્ષ્યાની પીડા જાય, પણ દેવલોકમાં તો સ્થાન બદલાતું નથી. ત્યાં જે Proper સ્થાન હોય ત્યાં જ રહેવાનું. નક્કી કરેલ વિમાન વાપરવાનું. આથી ઈર્ષ્યા, ઈર્ષ્યા ને ઈર્ષ્યા! બીજાનું જોઈને બળી બળીને મરવાનું.

જરૂર, માનવ કરતાં દેવને વધુ સુખ મળ્યું, સુખનાં સાધનો વધુ મળ્યાં પણ તે દેવો દુઃખી કેટલા?

માણસમાં પણ ઈર્ષ્યા અને અતૃપ્તિ છે—તેથી તે દુઃખી થાય છે, પણ તે દુઃખ દૂર કરવાનો ઉપાય તેની પાસે છે. “ઘર તે બદલી શકે, રે! છેવટે ઝેર ખાઈને મરી પણ શકે.” દેવથી આમાંનું કશું થાય નહિ.

બીજાને મારા કરતાં વધુ સુખ મળ્યું છે તે વિચારે પોતાનું સુખ જેને સુખ ન લાગે. તે વધુ સુખના વિચારે બળી બળીને ખાખ થાય.

“મારા કરતાં આને વધારે? મારી પાસે એક લાખ અને આની પાસે પાંચ લાખ?” આ બીજાને વધુપણાનું દુઃખ — એનું જ નામ ઈર્ષ્યા.

"જે મળ્યું તે મને ઓછું પડે છે. આપણને લાખ, તેને પાંચ લાખ.' આ પોતાને ઓછાપણાનો વિચાર પણ દુઃખી કરી મૂકનારો બને છે.

બીજાને વધુ મળ્યું તેની ઈર્ષ્યા—

પોતાને ઓછું મળ્યું તેની અતૃપ્તિ —

"પોતાને ઓછું મળ્યાનો વિચાર બીજાને વધારે મળ્યાનો વિચાર કરવો ન જોઈએ. મને ૧૫૦ તેને ૨૦૦ મને ૩૦ ઓનસ, તેને ૫૦ ઓનસ. આમ બીજાના વધુ, પોતાના ઓછા"–આવા લાવારા નહિ કરતાં, ડાહ્યા માણસે "પોતાને જે મળ્યું તે બરોબર જ છે." આ વિચારમાંથી જ સંતોષનું પરમ સુખ અનુભવવા મળે છે.

દેવલોકમાંથી બીજા સ્થાને ભાગી જવાનું સંભવિત નથી, આપણે ત્યાં તે છે. એક સ્થાન ન ગમ્યું, તો બીજે સ્થાને. આપણે સ્થાન બદલી શકીએ છીએ. દેવો સ્થાન બદલી શકતા નથી.

આપણે ઝેર લઇ મરી શકીએ. તેથી આપણને મરી જવાનું સંભવિત છે. દેવો તે રીતે મરી શકતા નથી.

દેવો ભારતમાંથી પાંચ કીલો ઝેર લઈ જાય ને તે ખાઈ જાય તોય તે મરવાના નથી, જીવતા જ રહેવાના. કેવી ભયંકર સજા! હવે તમે જ બોલો કે દેવોની રત્ન-જડિત મોજડી પણ ખરાબ! માનવોનાં ખીલા ભરેલાં ખાસડાં સારાં!

પણ હવે તો ભારતમાં ઝેર ખાનારા મરતા નથી અને દૂધપાક ખાનારા મરી જાય છે!

હમણાં એક વાત છાપામાં આવી કે એક માણસે ઝેર ખાધું, પણ તે મર્યો નહીં. કારણ? ઝેર સેળભેળવાળું હતું. તેને થયું કે ઝેર ખાધું છતાં ન મર્યો, તો ચાલો લગ્ન છે ત્યાં જઈએ. તે ભાઈ ત્યાં ગયા. ત્યાં બન્યો હતો દૂધપાક. દૂધપાક ખાધો–ઝાડા થયા–કોલેરા થયો અને ખલાસ થયો.

ઝેરે જીવાડયો અને દૂધપાકે માર્યો.

તે ઝેરથી મર્યો નહીં. કારણ ઝેરમાં ભેળ હતો. તે દૂધપાકથી જીવ્યો નહીં. કારણ દૂધપાકમાં ભેળ હતો.

ભારતમાં સાચું ઝેર ન મળે તો દેવો મરવા માટે આફ્રિકાથી ઝેર લાવે અને તે ખાય તો ય તે મરી શકે નહીં.

માનવગતિ કરતાં દેવલોકમાં સુખનાં સાધનો ઘણાં છે. પણ આવાં દુઃખ પારાવાર છે.

દેવલોકમાં ડાહ્યા દેવો પણ ઘણા છે. તેમને આવાં ઈર્ષ્યા, અતૃપ્તિ નથી કે ભોગસુખોની સામગ્રીના આકર્ષણો પણ નથી કે જે તેમને મૂંઝાવે, અટકાવે. તેઓ સતત માનવ-ગતિની ઝંખના કરતા હોય છે.

આમ ત્યાંના ડાહ્યા દેવો માનવગતિ સતત ઝંખે છે. અહીંના ડાહ્યા માનવો, દેવગતિ કદી પસંદ કરવા કરતા નથી, 'અમે ક્યારે મુક્તિ પામીએ?' એવી જ ઝંખના કરતા હોય છે.

દેવોને મોક્ષે જવું હોય તો તો દેવોને માનવ થવું પડે. માટે જ તેઓ સતત ઝંખ્યા કરે છે કે, "ક્યારે દીક્ષા લઉં, ક્યારે આરાધના કરું ? ક્યારે આત્મકલ્યાણ સાધું ? ક્યારે મોક્ષમાં જઉં ?"

ઈર્ષ્યા ઉપર એક પ્રસંગ યાદ આવે છે. અહીં જ તેનો ઉલ્લેખ કરી દઉં.

બે પાડોશી હતા. એક કમાયો અને બંગલો બંધાવ્યો. બીજો તેવો ને તેવો રહ્યો. પેલાનો બંગલો જોઈને બળીને ખાખ થઈ જવા લાગ્યો. તેનું ધનોત પનોત કાઢી નાંખવા સુધી થાય તેટલો પ્રયત્ન કર્યો પણ કાંઈ કારી લાગી નહીં, છેવટે મરતી વખતે તેણે પોતાના દીકરાઓને બોલાવ્યા. તેણે કહ્યું, 'બેટાઓ ? મારી એક ઈચ્છા પૂરી કરશો ?'

દીકરાઓ–જરૂર, જરૂર, પિતાજી !

પિતા–ગમે તેવી ઈચ્છા હોય તોય પૂરી કરશો ?

દીકરાઓ–કહો તો ખરા, એમાં પ્રશ્ન શા માટે ?

પિતા–ના, પહેલાં હા કહો, પછી કહીશ.

દીકરાઓ–પિતાજી, જરૂર તમારી ઈચ્છા પૂરી કરીશું. વચન આપીએ છીએ.

પિતા–તો બરાબર સાંભળો. હું મરી જઉં, પછી મારા શરીરનો અગ્નિસંસ્કાર ન કરશો.

દીકરાઓ–હેં ! તો શું કરવાનું ?

પિતા-મૂંઝાઓ નહીં. તમારે મારા શરીરના ટુકડે

ટુકડા કરવાના. હાથ કાપવાનો, પગ કાપવાના, શરીરના થાય તેટલા ટુકડા કરવાના. માથું કાપવાનું, ધડ જુદું કરવાનું.

દીકરા–પિતાજી, આ શું કહો છો? આવું તે થાય?

પિતા–જુઓ, તમે મારી ઇચ્છા પૂર્ણ કરવાની હા પાડી છે, વચનભંગ ન કરશો.

દીકરા–ભલે, આપની આજ્ઞા પ્રમાણે વર્તીશું. પછી!

પિતા–પછી તે ટુકડા આ પાસેના બંગલામાં કમ્પાઉન્ડમાં જુદી જુદી જગ્યાએ દાટી દેજો.

દીકરા–દાટી દેવાનાં? પાસેના બંગલામાં? શા માટે? બંગાલાવાળાએ આપણું શું બગાડ્યું છે?

પિતા–મને કાંઈ પૂછો નહીં. ગરબડ ન કરો. હું કહું તેમ કરજો.

દીકરા–સારું. પછી?

પિતા–પછી સવાર થાય ત્યારે હોહા કરી મૂકજો કે, "અમારા બાપા ગૂમ થયા. કોઈએ અપહરણ કર્યું!" પોલિસમાં ખબર આપજો. ને કહેજો કે અમને આ પડોશી પર વહેમ છે. કદાચ તેણે ખૂન કર્યું હોય.

દીકરા–પછી!

પિતા–પછી, પોલિસ આવશે. ચારે બાજુ તપાસ કરશે. પછી ધીમેથી કમ્પાઉન્ડ ખોદાવશે. અને શરીરના ટુકડા પકડાતાં તે ખૂની ઠરશે. તેને સજા થશે. તે જેલમાં સબડશે. બસ. પછી મારા આત્માને સંતોષ થઈ જશે. તેને

જન્મટીપ મળશે કે ફાંસી મળશે. હાશ. પછી મારી અવગતિ નહિ થાય.

દીકરા—આપણે આવું શા માટે કરવું જોઈએ?

પિતા—જીવતાં તો એના તરફથી ઈર્ષ્યાથી બળી બળીને ખાખ થયો, પણ તેને હેરાન ન કરી શકયો. હવે મારા મર્યા પછી 'તે હેરાન હેરાન થશે' તે વિચારે મને ખૂબ શાંતિ—આનંદ થશે."

જોઈને? ઈર્ષ્યાની કારમી આગ?

પુણ્યવાનો! આપણને ભગવાનનું શાસન મળ્યું છે એ ખૂબ સારું થયું છે. જેથી આવી વિષય-કષાયની આગ ભભૂકતી નથી. વાસનાની આગમાં આપણે ખાખ થતા નથી. તપ સંયમ પ્રત્યે કાંઈક પણ જાગ્રત છીએ—આ કોનો ઉપકાર?

ભગવાનનાં શાસનનો. તેણે આ સંસારનાં દુઃખોનું સ્વરૂપ સમજાવ્યું છે, વિષય-વાસનાના વિકારોથી યુવાનોને કાળાં કર્મ કરતાં અટકાવ્યા છે. નહીંતર તમે કે હું અહીં હોત ખરા? અત્યાર સુધીમાં કેટલીય વાર ઈંડાં—દૂધ ગટગટાવી ગયા હોત! માંસાહાર પણ થયો હોત! હું કયાં હોત? તમે કયાં હોત? આ બધું નથી થયું તેમાં એક માત્ર પ્રભાવ કામ કરી ગયો છે; જિનશાસનનો.

મર્યા પછી પણ વેર વાળવાની ભયંકર વૃત્તિ! પોતાના

શરીરના ટુકડા! પેલાને જન્મટીપ? શું આવી હોઇ શકે છેલ્લી ઇચ્છાઓ? અસ્તુ–હવે મૂળ વાત ઉપર આવીએ.

પ્રભુની આજ્ઞાઓને ધારે તેટલી માનવ જ પચાવી શકે છે. તેથી જ માનવ મહાન છે.

મારા એક પુસ્તકમાં દેવલોકમાં મહાવીર ભગવાનનો આત્મા ચિંતન કેવી રીતે કરે, તે કાલ્પનિક ચિત્ર દર્શાવેલ છે. સ્વગત તીર્થંકર ભગવાન બોલતા હોય. તે વખતે દેવો આવે, દેવીઓ આવે, અને ભગવાનનો આત્મા ત્યાંથી ચાલ્યો જાય છે. ત્યારે પેલા કહે છે–એય જડભરત, આ ક્યાં ચાલ્યો? ત્યાં ચર્ચા થાય છે. ત્યાં દેવીઓનાં રૂપ, સ્નેહ વગેરે હોય. ભગવાનનો આત્મા નિઃસ્પૃહી છે. તે અંગે વિચાર ન હોય. ભગવાન મહાવીર દેવનો આત્મા દેવલોકમાં ય વિરક્ત હોય.

ટૂંકમાં, મનુષ્ય–જીવન મહાન છે. કેમકે દેવલોકના ડાહ્યા લોકની તીવ્ર ઝંખના છે, માનવલોકમાં જન્મ લેવાની. માનવલોકના ડાહ્યા લોકોની લગીરે ઝંખના નથી; દેવલોકમાં જન્મ લેવાની. આથી જ દેવગતિ, નારકગતિ અને તિર્યંચ ગતિ કરતાં માનવગતિ મહાન છે, ઉત્તમ છે.

## માનવ જીવનની બે રીતે બરબાદી

આ માનવ જીવનને બરબાદ કરનારાં બે તત્ત્વો છે. તે માટે આપણે ઉત્તર પ્રદેશમાં વાનર પકડવાની રીત જોઈએ. ઉત્તર પ્રદેશમાં વાનરો ખૂબ હૃષ્ટપુષ્ટ હોય છે. મોટા દૈત હોય છે. તેમને પકડવા માટે છાટકાં ગોઠવવામાં આવે છે.

ભૂંડની માફક તે સહેલાઈથી પકડાતા નથી. તેથી તેમને પકડતાં શિકારીઓ લોખંડનાં વાસણ તૈયાર કરે છે, તેનું પેટ પહોળું અને મોઢું સાંકડું; 'જગ' જેવું. તે સાથે લઈ જાય, અને મોટી ઝોળી ભરીને ફળફળાદિ લઈ જાય. જ્યાં મોટા મોટા વાંદરા ઝાડ ઉપર બેઠા હોય ત્યાં જાય. વાંદરાઓ ઉપર બેઠા બધું જોયા કરે. શિકારીઓ વાસણો ગોઠવે–તેમાં જામફળ, દાડમ વગેરે ફળો નાંખતા જાય. વાંદરા દેખતા હોય તે રીતે તે ફળ અંદર નાખે અને સાંકડું મોઢું હોવાથી માંડ માંડ તે નીચે ઉતારે. વાંદરાને દેખાડી દેખાડીને ખૂબ જ મુશ્કેલીથી તે વાસણમાં ફળો ઉતારે એટલે ફળોને જોઈ વાંદરા લલચાઈ જાય.

તે માણસોને બરાબર ગોઠવીને શિકારીઓ આઘાપાછા થઈ જાય, ઝાડ ઓઠે સંતાઈ જાય, ચૂપચાપ બધું જોયા કરે. જેવા શિકારીઓ દૂર થઈ જાય કે 'હૂપ હૂપ' કરતાં છલાંગ મારતા, કૂદતા વાંદરા નીચે ઊતરે. અને તે વાસણો પાસે આવે. ધબ થઈને હાથનો પંજો નાંખે પેલા વાસણમાં –માંડ માંડ નીચે જોરથી ઉતારે. પછી કોઈના હાથમાં કેળું, કોઈનાં હાથમાં જમરૂખ કે દાડમ આવે, તે હાથમાં લઈને, હાથ બહાર કાઢવા મહેનત કરે. ખૂબ ધમપછાડા કરે, પણ હાથ બહાર નીકળે નહીં. જે ખાલી હાથ અંદર જ માંડ માંડ ગયો હોય તે હાથ હવે ફળ સાથેનો શી રીતે બહાર નીકળી શકે? એવામાં પેલા શિકારીઓ ધીમે પગલે હસતા હસતા આવે. અને એ વખતે વાદરાને ખ્યાલ આવી જાય

અને મનોમન બોલી ઊઠે કે, "અરે ! આ તો મોત આવ્યું. સાક્ષાત્ યમરાજ આવ્યો." હવે ખબર પડી કે, "આ તો આપણને પકડી જવાના ! આપણે મરી જવાના !" શિકારીઓએ ગોઠવેલ છટકામાં વાંદરા ફસાઈ ગયા. જો એ વાંદરાઓએ હાથ બહાર કાઢીને ભાગી છૂટવાનો પ્રયત્ન કર્યો હોત તો તેઓ ઉગરી જયા હોત; પણ હાથમાં પકડેલું ફળ તેમનાથી છોડાયું જ નહિ. ત્યાં શું થાય ? જેને પકડેલું છૂટતું નથી તે છે વાનર. અને જે પકડેલું છોડી દે છે; તે છે નર.

વાનરો બે રીતે ખતમ થયા. મોતના ગોઠવાયેલા છાટકાના અજ્ઞાનથી અને છેલ્લે પકડાએલા પદાર્થની તીવ્ર આસકિતથી.

મનુષ્ય જીવન પણ અજ્ઞાનતા કે આસક્તિથી બરબાદ થાય છે. માનવજીવન ખૂબ મહાન છે. તેની પળે પળે ખબર રાખવાની છે, તે વેડફી નાંખવાની નથી. તેનો દેહ અને તેની સાતે ય ધાતુઓ નાશ કરવા માટે નથી. એક મણ ખોરાકમાંથી એક શેર લોહી થાય છે. એક શેર લોહીમાંથી એક જ તોલો વીર્ય બને છે.

નાહક સંસારની ચિંતા કરી શા માટે લોહી બાળો છો ? વિચારો, એક મણમાંથી એક શેર વીર્યનું પણ જતન કરો. તેની રક્ષા માટે મરી ફીટો. લોહી ન બાળો, અને વીર્યનાશ ન કરો.

એક મણે એક શેર લોહી, એક તોલો વીર્ય. આ બીનાને વારંવાર યાદ કરો. નાશ થાય ત્યારે કેટલો થાય ?

અઢી તોલા વીર્યનો! એક મહે થાય એક તોલો; જે વીર્ય તૈયાર થાય તેનો એક જ વારમાં નાશ થાય અઢી તોલા!

આ રીતે લોહી–વીર્યની બરબાદી કરનારને શરીર ટકાવવા માટે વ્યસનો ઉપર જીવવું પડે છે. મિથ્યા આનંદ મેળવવા માટે સિનેમા જોવાં પડે. કારણ કે આંતરિક આનંદની અનુભૂતિ જ નથી. અંદર બધુ ખલાસ છે, માટે જ શરીરને ટકાવવા માટે બીડી પીઓ છો; સીગારેટ ફૂંકો છો, સિનેમા જુઓ છો. બાહ્ય સાધનો પર જીવન ટકાવવા માંગો છો– આવી છે કફોડી, કરુણ સ્થિતિ આજના સંસારી જીવની.

એક વાર અમે શત્રુંજય પર ચઢતાં હતાં. ત્યાં કેટલાક યુવાનો ટ્રાન્ઝીસ્ટર વગાડતાં ઉપર જતા હતા. મેં કહ્યું, 'ભાઈ, અહીંના પવિત્ર અણુ પરમાણુને શા માટે તમે ભ્રષ્ટ કરો છો?' તેમણે અમારી સામે જોયું અને ટ્રાન્ઝીસ્ટર બંધ કરી દીધું. ચૂપચાપ થોડું આગળ ચાલ્યા. ત્યાં એક જણ બોલ્યો, "હવે ઉપર પહોંચાશે કેવી રીતે?" મેં પૂછ્યું, "ભાઈ! એમ કેમ બોલો છો?"

જવાબ મળ્યો, 'આના વિના ટાંટિયામાં જોર નહીં રહે." અને આમ બોલીને લથડતે પગલે તેઓ આગળ વધ્યા.

કેવું નશીલું બન્યું છે જીવન માનવનું! જીવનમાં કોઈ રીતે ય બિચારાને ટકવું તો રહ્યું જ. માનવ-જીવનને ઉર્ધ્વગામી બનાવો. તે માટે રાજયોગ નક્કર પ્રક્રિયા છે. હઠયોગ છ માસે સિદ્ધ થાય તો રાજયોગ છ મિનિટમાં

સિદ્ધ થાય. રાજયોગમાં ધ્યાન, કાયોત્સર્ગ, ગુરૂસેવા, ગુરૂકૃપા આવે. હઠયોગમાં આસન, પ્રાણાયામ વગેરે આવે. પણ તેથી ધીમે ધીમે કાર્યસિદ્ધિ થાય.

આપણે આપણા જીવનને બચાવવાનું બે બાબતથી—

(૧) અજ્ઞાનતામાંથી (૨) આસક્તિમાંથી.

તે માટે એક મણ, એક શેરઃ એક શેર એક તોલો—યાદ કરો ને નાશમાંથી બચો. તેમાંથી પાછા હઠો—પાછા હઠો.

આ ભાવ વારંવાર દોહરાવશો તો તે ભાવ સ્વભાવ જેવો થઇ જવા લાગશે, વીર્યનું ઉર્ધ્વીકરણ એ તમારો ભાવ છે. ભાવ, કરતાં કરતાં સ્વભાવ થઈ જાય. ભલે ભૂલ થઈ જાય. પતન થઇ જાય, પણ પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત દ્વારા બીગડી સુધારી શકાય છે. વળી પાછા ભાવને સ્વભાવ તરફ વાળવાની સાધના દોહરાવી શકાય છે. ભૂલથી કદી નિરાશ થવું નહિ.

આપણું જીવન મહાન છે, માનવજીવનની મહાનતા વિરતિથી. તે વિરતિની દૃષ્ટિએ મહાન છે.

આપણે પચ્ચક્ખાણ, વ્રત, નિયમ લઈ શકીએ, દેવો તે બિલકુલ લઈ શકતા નથી. વિરતિની સર્વોચ્ચ સાધના માનવજીવનમાં જ છે. ભગવાનની ઉત્કૃષ્ટ ભક્તિસ્વરૂપ—ભગવાનની આજ્ઞાપાલન રૂપ—વિરતિ આ માનવજીવનમાં છે.

આમ ભક્તિમાં પણ દેવો ચડિયાતા નથી. ભક્તિમાં પણ માનવો ચડિયાતા અને વિરતિમાં પણ માનવો ચડિયાતા. તેથી બધી રીતે માનવ દેવ કરતાં મહાન છે.

માનવ ભલે ઊંટ જેવો છે, તેનાં અઢારે અંગ વાંકાં છે. દેવ હાથી જેવો છે; સીધો સપાટ. કોઈ અંગ વાંકું નહીં. આપણે ઊંટ તે સારા, તેઓ હાથી તે ખરાબ. કેમકે સહરાનું રણ પસાર કરવું હોય તે દૃષ્ટિએ કોણ કામ આવશે? ઊંટ કે હાથી?

હાથી ત્યાં નકામો. ઊંટ સડસડાટ ચાલી જશે અને હાથી તો જ્યાં થોડાં થોડાં પગલાં ભર્યાં કે તે હાંફી જવાનો. ઊંટ એક પછી એક પગ ધડાધડ રેતીમાં મૂકતો દોડયે જવાનો. સંસાર સહરાના રણ સમાન છે. ત્યાં જરૂર છે ઊંટની, નહિ કે હાથીની.

આપણાં અઢારે વાંકાં છતાં ઊંટ જેવા મહાન છીએ.



# ૭ અટ્ઠાઇઓ—ભૂમિકા
## [૭]

જેના શાસ્ત્રકાર પરમર્ષિઓએ બે મોંએ ગુણ ગાયા છે તે માનવજીવન ધર્મમય બનવું જોઈએ. અધર્મમાંથી મુક્તિ પામવા માટે છ કાયના જીવોનું રક્ષણ કરવું જોઈએ.

આખા વર્ષ દરમ્યાન ખાસ ધર્મક્રિયા થઈ ન હોય, સંસારને કારણે અનેક રાગદ્વેષના ભાવોના ભોગ બન્યા હોઈએ, ધર્મક્રિયા કરવાનો સમય–સંજોગ મળ્યો ન હોય, તો છેવટે ધર્મની આરાધના માટે ગીતાર્થ ભગવંતોએ વાર્ષિક છ અટ્ઠાઈઓ નિશ્ચિત કરી છે.

અટ્ઠાઈ એટલે શું ! છ અટ્ઠાઈઓ કયી ?

અઠ્ઠાઈ એટલે આઠ દિવસોનો સમૂહ. પણ અઠ્ઠાઈમાં આઠ દિવસ હોય અને નવ દિવસ પણ હોય. 'અઠ્ઠાઈ' એ પારિભાષિક શબ્દ છે. અઠ્ઠાઈ એટલે આઠ જ દિવસ એવું નહીં, નવ પણ હોય.

છ અઠ્ઠાઈમાં બે અઠ્ઠાઈ શાશ્વતી છે; ચાર અઠ્ઠાઈ અશાશ્વતી છે.

બે શાશ્વતી અટ્ઠાઈમાં એક ચૈત્ર માસની અઠ્ઠાઈ અને બીજી આસો માસની અટ્ઠાઈ છે. બન્ને અઠ્ઠાઈ સુદ ૭ ના દિવસે શરૂ થાય અને પુનમને દિવસે પરિપૂર્ણ થાય. આ પ્રમાણે આ બે અટ્ઠાઈના નવ નવ દિવસો છે.

ત્રણ અશાશ્વતી અઠ્ઠાઈમાં ત્રણ ચોમાસીની અઠ્ઠાઈ છે

(૧) કાર્તિક ચોમાસીની અટ્ઠાઈ (૨) ફાગણ ચોમાસીની અઠ્ઠાઈ અને (૩) અષાઢ ચોમાસીની અઠ્ઠાઈ.

ચોથી અઠ્ઠાઈ તે પર્યુષણની અઠ્ઠાઇ. તે શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા સુદ ૪ સુધીની.

કારતક સુદ ૧૪, ફાગણ સુ. ૧૪, અષાડ સુદ ૧૪ નાં દિવસે થતા ચોમાસી પ્રતિક્રમણને અને ભાદરવા સુદ ૪ ના દિવસે થતા સંવત્સરી પ્રતિક્રમણને લગતી આ ચાર અશાશ્વતી અઠ્ઠાઈઓ છે.

પર્યુષણપર્વની અટ્ઠાઈ આઠ દિવસની છે. એનું સંવત્સરી પર્વ એ જ મૂળ છે. ક્ષમાપના એ પર્વનો મૂલ પ્રાણ છે.

૬ અટ્ઠાઈઓમાં બે શાશ્વતી છેઃ અને ચાર અશાશ્વતી છે. શાશ્વતી એટલે જે હંમેશ હોય. આ બે તો મળે જ. ક્યાંક ને ક્યાંક તો મળે જ. ઓળીની આરાધના ભરત અને ઐરવત ક્ષેત્રમાં હોય, કે મહાવિદેહ ક્ષેત્રમાં હોય, અશાશ્વતી અટ્ઠાઈ અહીં ભરત ક્ષેત્રમાં ન હોય તો મહાવિદેહ ક્ષેત્રમાં પણ ન હોય. ભરત ક્ષેત્રમાં ભગવાનનું શાસન ૨૧૦૦૦

વર્ષ ટકાવાનું છે, ૨૧૦૦૦ વર્ષ પૂરાં થયા પછી છઠ્ઠો આરો શરૂ થશે. ત્યારે શાશ્વતી ઓળી અહીં નહીં હોય, પણ મહાવિદેહમાં અને ઐરવત ક્ષેત્રમાં તે ચાલતી હશે. મહાવિદેહ કે ઐરવતમાં છઠ્ઠો આરો નથી. ત્યાં કોઈ આરો નથી. ત્યાં સદાય ભગવાન તીર્થંકરદેવનું શાસન હોય તેથી ત્યાં બે ઓળી હોય જ. અને તેથી તે બન્ને શાશ્વતી ઓળી કહેવાય. ઐરવત ક્ષેત્રમાં ન હોય તો પણ મહાવિદેહમાં તે ચાલુ હોય, એટલે આ ચૈત્ર માસની અને આસો માસની ઓળી કોઈ પણ ક્ષેત્રમાં ચાલુ તો રહેવાની. તેથી તે શાશ્વતી કહેવાય છે.

બાકીની ચાર અશાશ્વતી ઓળીઓ ભરત ક્ષેત્રમાં અને ઐરવત ક્ષેત્રમાં છે. આ અઠ્ઠાઈ અહીં ન હોય તો કોઈ પણ ક્ષેત્રમાં ન હોય.

પ્રશ્ન-તો શું ત્યાં સંવત્સરી પ્રતિક્રમણ નથી કરવામાં આવતું ?

ઉત્તર-ના. ત્યાં બે જ પ્રતિક્રમણ છે. બીજાં ત્રણ પ્રતિક્રમણ ત્યાં નથી. દિવસે લાગેલા પાપની આલોચના માટે દેવસી પ્રતિક્રમણ અને રાત્રે લાગેલ પાપની આલોચના માટે રાઈ પ્રતિક્રમણ.

પંદર દિવસના પાપની અલોચના માટે પક્ખી. ચાર માસની આલોચના માટે ચોમાસી અને બાર માસની આલોચના માટે સંવત્સરી-આ ત્રણ પ્રતિક્રમણો ફક્ત ભરત અને ઐરવત ક્ષેત્રમાં છે. મહાવિદેહમાં નથી. માટે ત્યાં ત્રણ

ચોમાસી પ્રતિક્રમણ નથી તો તેની ત્રણ અઠ્ઠાઇ પણ નથી. સંવત્સરી પ્રતિક્રમણ નથી માટે તેની એક અઠ્ઠાઈ પણ નથી.

મહાવિદેહમાં દેવસી પ્રતિક્રમણથી દિવસના પાપની વિશુદ્ધિ અને રાઇ પ્રતિક્રમણથી રાતના પાપની વિશુદ્ધિ થાય થાય છે કેમકે ત્યાં જીવો સરળ ને ઋજુ છે.

અહીંના વર્તમાન જીવો જડ અને વક્ર છે, તેથી વિશેષ આલોચના કરવી પડે. અહીં પણ બીજા તીર્થંકરથી ૨૩ મા તીર્થંકર સુધી બાવીસ તીર્થંકર ભગવાનના કળામાં તો જીવોમાં ઋજુતા ને સરળતા હોય છે તેથી તે સમયે અહીં પણ મહાવિદેહની જેમ બે જ અઠ્ઠાઈ હોય.

આપણું જીવન ધર્મમય બને તે માટે આ અઠ્ઠાઈઓ છે.

**ધર્મ કરનારા જીવોના ત્રણ પ્રકાર :**

ધર્મ કરનાર જીવ જુદા જુદા પ્રકારના હોય છે. તે ત્રણ પ્રકારમાં વહેંચી શકાય.

(૧) સદૈયા (૨) ભદૈયા (૩) કદૈયા.

**(૧) સદૈયા :** જે ધર્મક્રિયા કરનારા સદા ધર્મક્રિયા કરે છે. નિત્ય દેવસી–રાઈ પ્રતિક્રમણ કરે, ઉકાળેલું પાણી પીએ, જિનપૂજા કરે, યથાશક્તિ તપ કરે. આ છે ઉત્તમ આત્મા. સદા ધર્મ, તપ, જપ, ત્યાગ કરતો રહે. સદા સંયમ, ધ્યાનમાં જાગ્રત રહે. તેવા ક્રિયા કરનાર "સદૈયા" કહેવાય.

(૨) **ભદૈયા :** હંમેશ ધર્મક્રિયા કરનારા ન જ હોય, પણ ભાદરવો માસ આવ્યો કે, ધર્મક્રિયાની શરૂઆત કરે. "ક્યાં સુધી આ પાપ બંધન કરીશું? ચાલો હવે આ ભાદરવા માસમાં તો ધર્મક્રિયા કરીએ." એવું તેઓ વિચારે. બીજાને કહે કે, "ભાઈઓ! ધર્મ કરો. જીવનને ધર્મમય બનાવો. આરાધના કરો." આમ ભાદરવા માસમાં તેઓ જાગ્રત થાય. આમને "ભદૈયા" કહેવાય.

(૩) **કદૈયા :** કદીક જ ધર્મક્રિયા કરે. 'કદા એટલે 'કવચિત્' ક્યારેક. એટલે કોઈક દિવસ મન પડે તો કાંઈક ધર્મક્રિયા કરે. જો mood out થઈ જાય તો કહી દે કે, "નથી જવું દેરાસરે–ઉપાશ્રયે." આ લોકો મનના રાજા અને મનના ગુરુ! મન થઈ જાય તો ધર્મ ક્રિયા કરી દે. આમ કવચિત ધર્મક્રિયા કરનાર, કદૈયા કહેવાય.

આમ સદૈયા સદા ધર્મ કરનાર, ભદૈયા ભાદરવા માસમાં ધર્મક્રિયા કરનાર અને કદૈયા એટલે કવચિત ધર્મ-ક્રિયા કરનાર એમ ત્રણ પ્રકારના ધર્મી જીવો થયા.

તમે શામાં છો? સદૈયામાં, ભદૈયામાં કે કદૈયામાં? તે શોધી કાઢજો. કદૈયા કરતાં ભદૈયા સારા અને ભદૈયા કરતાં સદૈયા સારા.

૭ અઢાઈઓમાંથી અહીં તો આપણે પર્યુષણની અઢાઈ અંગે જ વાત કરવાની છે. શાશ્વતી આયંબિલની ઓળી વિષે વાત આવે ત્યાં શ્રીપાળ–મયણા વિશે વાતો થાય.

**પર્યુષણા એટલે શું? પરિ + ઉષણા = પર્યુષણા.**

પરિ એટલે ચારે બાજુથી. ઉષણા એટલે રહેવું તે. વસ્ (રહેવું) ધાતુ પરથી ઉષ્ થયેલ છે. પર્યુષણા એટલે ચારે બાજુથી આવીને ભેગા થવું તે.

ચારે બાજુથી લોકો–સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાનું આરાધના કરવા માટે ભેગા થવું તે.

પર્યુષણાનો બીજો અર્થ છે: 'ભાદરવા સુદ ૪.' તે દિવસે બધા ભેગા થયેલા જ હોય. તે પહેલાં સાધુ મહારાજ કદાચ ન હોય. શ્રાવણ વદ અમાસે પણ ન હોય.

આ અંગે પૂર્વ–પરિપાટી જાણવા જેવી છે. અષાડ સુદ દસમ આવ્યા પછી સાધુ મહારાજ સંઘને કહે, 'અમે અહીં પાંચ દિવસ રહીશું' પછી પાંચ દી જતાં સંઘ તરફથી ચાતુર્માસ માટે વિનંતિ થાય તો કહે. "હજુ નિર્ણય થયો નથી, હજુ પાંચ દિવસ બીજા રહીશું." પછી વાત. જોઈએ, આ ક્ષેત્ર કેવું છે? આરાધના માટે કેવી શકયતા છે? આમ બીજું પંચક પસાર કરે વળી પાછા મહાજનના શેઠિયા આવે અને તેઓ કહે. "સાહેબ, હવે કાંઈ નિર્ણય માટે કૃપા થશે?" તો અમે કહીએ. 'હજુ પાંચ દિવસ જવા દો" પાંચ દિવસનું એક પંચક. આમ જો નિર્ણય અષાડ વદ પાંચમ સુધી ન લેવાય તો તે પછીના પાંચ દિવસોમાં એટલે અષાડ વદ ૧૦ સુધીમાં નિર્ણય લેવો પડે. તે પાંચ દિવસમાં ય નિર્ણય ન થઈ શકે તો અષાડ વદ અમાસના દિવસે નિર્ણય લેવાય.

આમ પંચક પંચક વૃદ્ધિ થતી જાય. નિર્ણય લીધા પછી તે પંચકની વૃદ્ધિ નહીં.

આજે વર્તમાન પરંપરા મુજબ અષાડ સુદ ૧૪ થી આગળ જવાય જ નહીં. પહેલાં પાંચ પાંચ દિવસની છૂટ હતી. દશ પંચક સુધી જવાની છૂટ. છેલ્લા પંચકમાં ફેંસલો કરવો જ પડે.

આજે પર્યુષણમાં ભાદરવા સુદ ૪ ના દિવસે નક્કી સંવત્સરી. પહેલાં સંવત્સરી ભાદરવા સુદ પાંચમે હતી. ચોમાસાની શરૂઆતથી ૫૦ દિવસ થાય એટલે એક સ્થળે બધા ભેગા થાય, ક્ષમાપના કરે, સંવત્સરી પ્રતિક્રમણ કરે.

અત્યારે ૧૨૦ દિવસ ચાતુર્માસ માટે નક્કી. પૂર્વે તો પ્રથમ ૫૦ દિવસ નક્કી કરવામાં પણ જાય. પાછળના ૭૦ દિવસ તો તેમને નિશ્ચિત રૂપે એક સ્થાને પસાર કરવાના.

પર્યુષણા એટલે મુખ્યત્વે સંવત્સરી પર્વ. તે દિવસે બધા આવીને મળે–બધા વસે ક્યાં ? ઉત્તરઃ– આત્માની પાસે. આત્માની નજીક–ઉપાશ્રય–માં વસે. કોઈ સાથે વૈર વિરોધ થયો હોય તે કાઢી નાખીને ભાદરવા સુદ પાંચમના દિવસે બધા સંવત્સરી પ્રતિક્રમણ કરવા ભેગા થાય.

પહેલાં કલ્પસૂત્ર ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ વંચાતું નહીં. હવે તો કલ્પસૂત્ર તે રીતે પાંચ દિવસ વંચાય છે.

પર્યુષણાનો મુખ્ય શબ્દાર્થ એક દિવસની સંવત્સરી થાય. તેનો લક્ષ્યાર્થક પાંચ દિવસ થાય. તેમાં અષ્ટાહ્નિકાના

ત્રણ દી' મળતાં આઠ દિવસ થયા. આમ પર્યુષણા પર્વના આઠ દિવસ થયા. તે શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા સુદ ૪ = આઠ દિવસ.

પહેલાં સંવત્સરી ભાદરવા સુદ પાંચમની હતી. પણ કાલિકાચાર્યથી ભાદરવા સુદ ચોથની થઈ.

## ધર્મસિદ્ધાન્તોનું વ્યવહારીકરણ

જૈનધર્મ Theory in practice ઉપર ઊભો છે. આ જૈનધર્મની અનોખી વિશેષતા છે. બીજા ધર્મોમાં Theory છે. દા. ત., વૈકુંઠ છે, ઉદ્દેશ છે. પણ તેને તેઓ Practical approach જોઈએ તેટલો સંતોષકારક આપી શકતા નથી.

આપણે ત્યાં ચીલો એવો સીધો ને સરસ પડેલ છે કે તેની ઉપર કોઈ પણ પુણ્યાત્મા સીધે સીધો ચાલ્યો જાય તો તેનો ઉદ્દેશ પાર પડી જાય. ધર્મના સિદ્ધાંતો એવા તો વ્યવહારૂ બન્યા છે કે સહેજે તે આત્મસાત્ થઈ જાય.

આપણાં પાંચ વ્રતો અહિંસા, અસ્તેય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ એવી રીતે મૂકવામાં આવ્યાં છે કે તે વ્યવહારમાં આત્મસાત્ થઈને જ રહે.

અહિંસાનો સિદ્ધાંત છે કે કોઈ જીવને મન, વચન, કાયાથી મારવા નહીં. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધી કોઈ જીવને મારવો નહીં. આ સિદ્ધાન્ત વ્યવહારમાં અમલી

કેમ બને? તમે સંસારી છો. તમારાથી અહિંસા પળાય કેમ? તેનો જવાબ છે કે "સામાયિકમાં બેસી જાવ." પછી બધી હિંસા બંધ.

રોજ સામાયિક કરો. આ છે અહિંસાની theory in practice. સામાયિક એ તમારો અહિંસક જીવનવ્યવહાર થઈ ગયો. કટાસણું લીધું, અને બેસી ગયા સામાયિકમાં. પછી કોઈ પૂછે નહીં. શારીરિક, માનસિક, કાયિક કોઈ હિંસા નહીં. ઘરનાં બધાં જાણે કે સામાયિકમાં બેઠાં છે. હવે બોલશે નહીં. કદાચ કોઈ બહારથી મળવા કે પૂછવા આવે તો ઘર-વાળા જ કહી દે, એ તો સામાયિકમાં બેઠા છે. આ છે theory in practice. છ કાયજીવની રક્ષા થાય. ગૃહસ્થ જીવનમાં સાધુજીવનનો અમલી રસાસ્વાદ તમને મળી ગયો.

બીજે કહેવાય છે કે 'સોઽહમ્' 'સોઽહમ્' બોલ્યા કરો. પણ practiceમાં શું? તો 'સોઽહમ્' એમને એમ શી રીતે આત્મસાત્ થઈ જાય?

તે માટે આપણે ત્યાં પ્રભુભક્તિમાં તેનું વ્યવહારીકરણ કરાયું છે. આપણી પૂંજણી એ theory in practice છે. તે અહિંસાના સિદ્ધાન્તનું વ્યવહારીકરણ છે. સામાયિકમાં અહિંસાના સિદ્ધાંતની અભિવ્યક્તિ થાય છે.

## જિનપૂજાનું હાર્દ

મૂર્ચ્છા ઉતારવી જોઈએ એ સિદ્ધાંત છે. તેના અમલી-કરણ માટે જિનભક્તિ વગેરે છે. ધનના માધ્યમથી ઘીની બોલી બોલાય છે. ઘીની બોલીની ઉછામણી તે ધનમૂર્ચ્છા

ઉતારવાના સિદ્ધાન્તનું વ્યવહારીકરણ છે. આ દેવદ્રવ્યની ઉછામણી શ્રીમંતોના લાભની વાત છે. તેમની ધન પરની મૂર્છા ઉતારવા માટે આ ઉછામણી છે. જિનપૂજાની ઉછામણી ગરીબોના લાભાર્થે નથી, શ્રીમંતોના લાભાર્થે છે. શ્રીમંત મહાનુભાવોને દુર્ગતિમાં જવાની વધુ શકયતા છે. ધનથી અનેકવિધ પાપકર્મ બંધાય છે. તે ધનની મૂર્છા ઉતારવા માટે આ વ્યવહારૂ માર્ગ ઉછામણી છે.

ધનની મૂર્છા ઉતારવા માટે જિનપૂજા છે. જિનપૂજામાં વપરાતાં બધાં દ્રવ્યો છતી શક્તિએ પોતાનાં જ વપરાય. વરખ, કેસર, ચંદન, અગરબત્તી, ઘી, ફૂલ, પોતાના ધનથી ખરીદી કરેલાં વપરાય. જિનપૂજા ધન પર મૂર્છા ઉતારવા માટે છે. આ જ જિનપૂજાનું હાર્દ છે. અન્યના ખર્ચે કે દેરાસરના ખર્ચે મેળવેલ પૂજાદ્રવ્ય તમે વાપરો તો તમારી મૂર્છા તો ઊભી જ રહી ગઈને ?

પૂજા કાયમ રાખી, પણ મૂર્છા રહી. કારણ કે તેનું જે હાર્દ છે, કે દ્રવ્યો પોતાનાં જ વાપરીને મૂર્છા ઉતારવી, તે નષ્ટ થયું.

કદાચ તમે કહો કે મહિને કે વરસે તે ખર્ચ અંગેની અમુક રકમ આપી દઈએ તો ? તેથી શું ધનની મૂર્છા નથી ઉતરતી ? એનો ઉત્તર એ છે કે, મૂર્છા ઉતરે છે પણ અવિવેક ઊભો થાય છે. ઘરને બદલે સાધર્મિક બંધુને હોટલમાં તમે પૈસા ભરીને જમાડી દો તે કેવું લાગે ? એવું અહીં પણ સમજવું.

## ઉકાળેલા પાણીનું હાર્દ

અહીં એક દાખલો આપું કે, ઊનાળામાં કેટલાક માણસો ઉકાળેલા પાણીને પંખા નીચે ઠંડુ કરે છે; અરે! હવે તો ફ્રીઝમાં રાખે છે! આ તો ખૂબ ખરાબ કહેવાય. કારણ કે, ફ્રીઝમાં રહેલ ભેજથી ઉકાળેલું પાણી સચિત્ત બની જાય છે. પછી તે ઉકાળેલું રહેતું નથી. ઉકાળેલું પાણી પંખા નીચે ઠારવા છતાં ઉકાળેલું તો રહે છે, પણ તેનું જે હાર્દ છે, તે મરી જાય છે.

પાણી જ્યારે ઉકાળાય છે ત્યારે અપકાયના જીવોની હિંસા જરૂર થાય છે, પણ ઠંડા–કાચા પાણીમાં જીવોની ઉત્પત્તિ ને વિનાશ, ઉત્પત્તિ ને વિનાશની પ્રક્રિયા સતત અટક્યા વગર ચાલુ રહે છે. જ્યારે અહીં એક વાર વિનાશ થઈ ગયા બાદ દરેક સેકંડે જીવનો ઉત્પાદ—નાશ બંધ થઈ જાય છે. પાણી ઉકાળ્યું ત્યારે જીવ એક વાર તો જરૂર મરી ગયા, તે વાત સાચી; પણ ત્યાર પછી તે પ્રક્રિયા બંધ થઈ. ઠંડા પાણીમાં તો સતત અટક્યા વગર ઉત્પત્તિ ને વિનાશની પ્રક્રિયા ચાલુ રહે છે. અહીં મારવા માટે જીવને માર્યા હોય તો જરૂર પાપ લાગે. પણ મારવાનો લગીરે આશય ન હોય તો? વધુ હિંસામાંથી બચવા માટે જ આ કર્યું છે, તેથી પાપ ચીકણું ન થાય.

ઉદાહરણ તરીકે એક દર્દી છે. ડૉકટર તેનું ઓપરેશન કરે છે. ઓપરેશન કરતાં કરતાં તે દર્દી મરી ગયો તો 'ડૉકટરે મારી નાખ્યો.' એમ ન કહેવાય, પણ 'તે મરી

ગયો' એમ કહેવાય. જરૂર ડોકટરની ભૂલ પણ હોય, પણ તોય "ડોકટરે મારી નાખ્યો" એમ બોલાતું નથી. કેમકે ડોકટરનો આશય દર્દીને બચાવવાનો હતો, તેથી તે 'સ્વયં મરી ગયો' એમ જ કહેવાય.

હિંસા ન કરવાના આશયથી થયેલ હિંસા હકીકતમાં હિંસા નથી. પાણી ઉકાળવાનો આશય જીવોની હિંસા કરવાનો નથી, પણ હિંસા ઓછી કરવાનો ત્યાં પ્રયત્ન છે.

ઉકાળેલા પાણીને ઠારવા માટે પંખાનો ઉપયોગ થાય તો તેથી વાયુકાયના જીવો મરી જાય છે, તો તેથી પાછી હિંસા થઈ. ઉકાળેલા પાણીનો આશય છે; વધુ હિંસામાંથી નિવૃત્તિ. આ આશય તો અહીં મરી ગયો.

આ તો હાર્દ મરી જતાં જડ ધર્મ થયો. પાણી ઉકાળીને વધુ હિંસાથી નિવૃત્તિ કરી કે પછી તેને બદલે વધુ હિંસામાં પ્રવૃત્તિ કરી ?

હવે જિનપૂજામાં વિચારો–તમે જિનપૂજા કરો અને દ્રવ્ય પોતાનું ન વાપરો તો આશય મરી જાય.

જિનપૂજા, ધનની મૂર્છા ઉતારવા માટે છે. તે આશય અહીં જીવંત બનતો નથી.

અંગ્રેજોમાં એક પ્રથા છે. જ્યારે કોઈ અંગ્રેજ ખૂબ ગુસ્સામાં આવે છે ત્યારે મારામારી થઈ જવાની શક્યતા ઊભી થાય. હવે જો મારામારી થઇ જાય તો હાથ પણ ઉપડી જાય, મુક્કાબાજી પણ થઈ જાય, બે ચાર તમાચા પણ લગાવી દેવાય. આવું બધું ન બને તે માટે એવી પરંપરા

છે કે ગુસ્સે થવાય ત્યારે બે હાથ કમર પાછળ રાખીને સજ્જડ બીડી રાખવા. આવો catholic ધર્મનો રિવાજ છે. તેનું રહસ્ય એ છે કે ગુસ્સો આવે તો પણ મારામારી થઈ ન જાય.

ગુસ્સામાં આવી જાઓ; તે વખતે હાથ ઉપડી ન જાય તે માટે હાથ પાછળ નાખી દેવાનો. આ છે તેનું હાર્દ. પણ જો કોઈ માણસ પગની એડીથી kick લગાવે, અને સામા માણસનું ડાચું તોડી નાખે તો હાથ પાછળ જકડી રાખવાનો આશય શો?

હાથ પાછળ જકડી રાખ્યા તે કબૂલ, પણ તેનું હાર્દ તો ન જ રહ્યું. પેલાને પગેથી લાત મારીને ઈજા તો કરી દીધી.

જિનપૂજાનું હાર્દ-ધનની મૂર્ચ્છાનું નિવારણ છે. છતી શક્તિએ સ્વદ્રવ્ય ન વાપરો તો જિનપૂજાનું હાર્દ ન સચવાયું. માટે પોતાનું દ્રવ્ય વાપરો તો જ જિનપૂજા પૂરેપૂરી theory in practice બને.

પ્રશ્ન હંમેશ સાધારણ રીતે દેરાસરજીમાં જે ખર્ચ આવતો હોય, તે સઘળા દ્રવ્યનો આશરે ખર્ચ વર્ષની આખરે આપી દઈએ તો?

સમાધાન-એક સાધર્મિક ભાઈ છે. તમે તેને ઘરે જમાડવાને બદલે લોજમાં જમાડો તો કેવું?

અહીં તમે જમાડો છો તે વાત ખરી, અને તેના

પૈસા તમે જ આપ્યા છો, તે વાત પણ ખરી, પણ જમાડવાનું હાર્દ–સ્નેહ મરી ગયો. માત્ર જમાડવા ખાતર તમે તેને જમાડી દીધો. પૈસા ભરીને પતાવટ કરી.

આપણે આપણા દ્રવ્યથી આપણા હાથે જ પૂજા કરવી જોઈએ.

**સ્વામીવાત્સલ્યનું હાર્દ**—જુઓ, અહીં પણ theory in practice કેવી છે? જૈન–જૈનત્વના નાતાથી તમામ જૈનોનું અનુપમ ભ્રાતૃત્વ હોવું જોઈએ તે theory. તે theory નો અનુભવ [in practice] સ્વામીવાત્સલ્ય છે. ત્યાં પછી કોઈ ધનાઢ્ય હોય કે સાવ ગરીબ જૈન હોય—બન્ને સાથે એક જ જાજમ ઉપર બેસવાના—એક જ વાનગી બન્નેના ભાણામાં પીરસાશે. એક જ થાળી બન્નેને મળશે.

સમાનતાના નાતે કેટલો ઉમળકો જાગે? ગરીબ પૈસાદાર વચ્ચે ભેદરેખા અહીં તૂટે છે. કેટલાક લોકો કહે છે કે, "આવા સ્વામીવાત્સલ્યની શી જરૂર? તેમાં પૈસાનો ધુમાડો થાય છે; ધુમાડો."

આવા બંધુઓને કહેવું જોઈએ કે ભલા! આ સ્વામીવાત્સલ્યના કર્તવ્યમાં રહસ્ય છે. વળી સ્વામીવાત્સલ્યમાં શુદ્ધ ઘી, શુદ્ધ વસ્તુઓ વપરાતી હોય છે, તેથી સાધર્મિકને શારીરિક પોષણ મળી જાય છે. give and take ની 'પોલિસી' અહીં હોતી નથી.

તમે એવી રીતે આપો છો અને તે લે છે જેમાં

તમારો હાથ ઊંચે અને તેનો હાથ નીચે એવું બનતું નથી. આમ આ વાત્સલ્ય કેવું મહાન બની જાય છે! સ્વામી વાત્સલ્યથી કેટલા બધા લાભ થાય છે? તમારે ત્યાં ભલે ચોકખું ઘી વપરાતું હશે, પણ જે દિવસે સ્વામીવાત્સલ્ય હોય તેની આગલી રાત્રે કોઇ ગરીબ સાધર્મિકના ઘરમાં થતી વાતચીત તો સાંભળો! મા પોતાના બાળકને કહેતી હશે કે, "આવતી કાલે સ્વામીવાત્સલ્ય છે, ચૂરમાના લાડુ મળશે." અને બાળક તો ચુરમાના લાડુ ખાવાના આનંદમાં કૂદે, નાચે અને ખુશખુશાલ થઈ જાય છે. આમ શ્રીમંતોની ધનમૂર્ચ્છા ઊતરે અને સાધર્મિકના ઘરમાં આનંદ–કિલ્લોલ થઈ જાય.

"દાન કરો" એમ બધા કહે છે પણ સાચું દાન ક્યાં છે? મારો હાથ ઉપર, લેનારનો નીચે. આવું નહીં. આથી પણ ઉત્તમ વિધિ આ છે. 'બધા ચાલો, સાથે જમીએ.' આ ભાવમાં વિરાટ મૈત્રી છે. "सह नौ भुनक्तौ" "in practice રૂપ આપણું આ સ્વામીવાત્સલ્ય છે.

**સંઘનું હાર્દ**—૭ 'રી છે. એકાશનકારી, બ્રહ્મચારી, પાદવિહારી, સચિત્ત પરિહારી, ભૂમિસંથારી, સમ્યક્ત્વધારી.

આ છ શબ્દોનાં છેડે 'રી' આવે છે. જેમાં આ છ બાબતોનો અમલ હોય તે સંઘને છ 'રી પાળતો સંઘ કહેવાય.

આજે બસો કે ટ્રેઈન વગેરેમાં જ સંઘો નીકળે છે. તે સંઘ ન કહેવાય. છ 'રી પાળતા સંઘના અનેક લાભ છે.

પહેલો લાભ ગ્રામોદ્ધાર છે. જે જે ગામ તે સંઘ જાય

ત્યાં સંઘપતિ જુએ કે, ત્યાં સાત ક્ષેત્રમાં કયું ક્ષેત્ર સીદાય છે? દેરાસરના જિર્ણોદ્ધારની જરૂર છે ખરી? સાધર્મિક ભાઈઓની સ્થિતિ કેવી છે? આ આપણો ગ્રામોદ્ધાર છે.

પ્રાચીન કાળમાં સંઘો ચારે દિશાનાં તીર્થો તરફ જતાં વચમાં જે ગામો આવે ત્યાંનાં સાત ક્ષેત્રો તર કરી દેતા. જમણ પણ સંઘપતિ તરફથી આપવામાં આવતું. આ છે આધ્યાત્મિક ગ્રામોદ્ધાર—theory in practice. છ 'રી પાળતા સંઘદ્વારા–સહજ રૂપે થઈ જતો.

સારો પ્રભાવક સંઘ કોણ કાઢી શકે? જેને લાખ ખર્ચવાની ઇચ્છા હોય, તેમ બીજા એક લાખ સાત ક્ષેત્રમાં ખર્ચવાની શક્તિ–ઇચ્છા હોય તે જ શાસન પ્રભાવક સંઘ કાઢી શકે. આજે તો સંઘ કાઢવામાં ખૂબી. સુખી ગણાતા માણસો પાંચ હજારનો ફાળો આપીને સંઘપતિ બને છે. પાંચ હજાર આપીને લાખ રૂપિયાના સંઘના સંઘપતિ થઈ જાય એ શું બરોબર છે?

સારામાં સારો Best Quality નો સંઘ કાઢવો હોય તો પૂરી ઉદારતા જોઈએ. સંઘના ખર્ચ જેટલી રકમ સાત ક્ષેત્રમાં ખર્ચવાની ઉદારતા–સગવડતા હોય તે જ તેમ કરી શકે.

હમણાં મુંબઈના એક પરામાં એક ઉપાશ્રય બંધાયો. તેમાં એવું જાહેર કરવામાં આવેલ કે ૧૦૦ થી ૧૦૦૦ રૂપિયા આપનાર દાતાઓનાં નામોની ચિઠ્ઠી બનાવીને ખર્ચવામાં

આવશે. જેનું નામ નીકળશે તેનું નામ તે ત્રણ લાખના ઉપાશ્રય ઉપર મૂકવામાં આવશે.

આવી લોટરી શા માટે? રૂ. ૧૦૦ કે ૧૦૦૦ ના દાતામાંથી એક દાતાનું નામ આવ્યું, તે રૂ. ૧૦૦૦ આપનાર દાતા ત્રણ લાખના ઉપાશ્રય ઉપર પોતાનું નામ મુકાવે તે ખૂબ જ અનુચિત ગણાય. આવા દાનમાં મૂર્છા ઊતરતી નથી. માત્ર કષાયભાવોનું ઉદ્દીપન થાય છે.

આથી તદ્દન ઉલટો દાખલો સૌરાષ્ટ્રના એક ગામનો છે.

ગામમાં ઉપાશ્રય બંધાવવાનો હતો. તેના ટ્રસ્ટીઓ એક શેઠ પાસે ગયા. શેઠ સજ્જન હતા. દાનવીર હતા. તેમણે પૂછ્યું, "કેટલો ખર્ચ આવશે? મારી પાસેથી કેટલી આશા છે?"

જવાબ—સાહેબ, ત્રણ લાખનો અંદાજ છે, આપની પાસે સારી આશાથી અમે આવ્યા છીએ.

શેઠે કહ્યું, "ઉપાશ્રયનો સંપૂર્ણ ખર્ચ મારા ટ્રસ્ટ તરફથી આપવામાં આવશે, પણ એક શરત છે કે, આ ઉપાશ્રયમાં નાનામાં નાની ચીજ–સાવરણી સુદ્ધાં મારી જ રાખવી પડશે. તમારાથી એક પૈસો પણ નહિ વપરાય.

કેવા વિરોધી એ દૃષ્ટાંતો છે?

પેલો રૂ. ૧૦૦ કે ૧૦૦૦ માં ત્રણ લાખના ઉપાશ્રય ઉપર નામ મૂકવાનો લાભ ખાટી જાય છે? અહીં પૂરેપૂરો લાભ આના–પાઈ સહિત આપવામાં આવે છે!

એક એવું જોરદાર સુકૃત કરી લો કે મરતી વખતે એ સુકૃતની ભારોભાર અનુમોદના કરવાની તક મળે.

**ઉપધાન**–૪૫ વગેરે દિવસની આરાધનાઓથી સૂત્રો બોલવાનો અધિકાર મળે છે. સૂક્ષ્મબળનું અજબગજબનું ઉત્પાદન થાય છે. રોજ ૧૦૦ લોગસ્સનો કાર્યોત્સર્ગ, ૨૦ બાંધી નવકારવાળી, વ્યાખ્યાનનું શ્રવણ, ત્રણ વાર દેવવંદન, બે વાર પ્રતિક્રમણ વગેરે આરાધનાઓ ઉપધાનમાં theory in practice છે. હજારો લોગસ્સ ગણવાના, સાધુજીવનનું પાલન કરવાનું, ગૃહસ્થના જીવનમાં કેવું સૂક્ષ્મ બળનું જંગી ઉત્પાદન છે આ આયોજનમાં!

**ઉજમણું**–બીજ, પાંચમ વગેરે કોઈ પણ તપની પૂર્ણાહૂતિ પછી તેનું ઉજમણું થવું જોઈએ. આવું શાસ્ત્ર-વચન છે.

ઉજમણું = ઉદ્યાપન–પ્રભાવના–ઉદ્યોત–શાસનની પ્રભાવના. સાધુને પાત્રા, દંડાસન વગેરે જોઈએ. તમારા સંસારીના ઘરમાં અમારે યોગ્ય ઉપકરણ ન હોય, તમારા માટે પણ ન હોય. અમારે પાત્રાની, તરપણીની, ચેતનાની જરૂર પડી તો અમારે ક્યાં લેવા જવું? અમારે માટે જ ખાસ લવાય –મંગાવાય તો દોષ લાગે.

ઉજમણું અમારી સાધુચર્યાની જરૂરીઆતને નિર્દોષ બનાવી દે છે. દરેક છોડમાં એકેક જ્ઞાન, દર્શન, ચરિત્રનાં તમામ ઉપકરણો હોય છે.

તમને જો દીક્ષાનો ભાવ થઈ જાય તો ઘરમાં રહેલા તે ઉજમણાના ઉપકરણનો સુંદર ઉપયોગ તરત થઈ જાય, અને સાધુ માટે જ્યારે જરૂર પડે ત્યારે તે હાજર જ હોય. જિનપૂજાની બધી સામગ્રી તૈયાર હોય. જ્ઞાન માટેનાં ઉપકરણો પણ ત્યાં હોય.

કોઈ પાંચ છોડનું ઉજમણું કરે, તો કોઈ સુખી માણસો ૫૦-૫૦ છોડનું ઉજમણું કરે. બધા ઉજમણાના ઉપકરણોની કાંઈ તેમને જરૂર હોતી નથી. એટલે દીક્ષિતો તથા તેવા, ચૈત્યો વગેરેમાં આપવામાં આવે છે. ઉજમણામાં ઘણી ચીજો હોય. અમે તે ખપ પૂરતી લઈએ તો તે એકદમ નિર્દોષ બને, અને પૂજાનાં ઉપકરણો જિનમંદિરોમાં મુકાય.

તમારો ઉદ્દેશ જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરવાનો છે.

તમારા જીવનમાં આરાધના, અમારા જીવનમાં નિર્દોષ ચર્યા. આનું નામ છે ઉજમણું.

જે જે ક્ષેત્રોમાં જેની જરૂર હોય તે તે વસ્તુ આ ઉજમણાના કરનાર પહોંચાડી દે છે. ગામડાઓમાં સાધુ મહારાજની અવરજવર ઓછી રહે, જેથી કોઈ સ્થાનોમાં ડોલો, કથરોટો તેમજ દરેક જ્ઞાન, દર્શન, ચારિત્રનાં ઉપકરણો વગેરેની સહેજે જરૂરિયાત હોય છે, જે બધું જ પહોંચાડાય છે. આ રીતે સાધર્મિકને સહાયક થઈ જવાય છે. તેની ભક્તિ રૂપે પૂજાનાં સાધનો તેને મળે. આમ

ગામેગામ આ ઉજમણાની વસ્તુઓ પહોંચતી કરાય છે. આનું નામ છે; theory in practice.

પર્યુષણ પર્વનાં પાંચ કર્તવ્યોનો વિચાર કરતાં પહેલાં આપણે પ્રભુશાસનની એ લોકોત્તર વ્યવસ્થા કે અહીં અહિંસાદિ દરેક સિદ્ધાન્તનું વ્યવહારીકરણ અદ્ભુત રીતે કરવામાં આવ્યું છે, તે વ્યવસ્થાને સમજવા માટે ઉપધાન, ઉજમણું વગેરે પદાર્થો ઉપર વિચારણા કરી, હવે આગળ વધીએ.

## સ્યાદ્વાદ

## [૮]

પૂજ્યપાદ લક્ષ્મીસૂરીશ્વરજી મહારાજા જણાવે છે કે, પર્યુષણા પર્વનાં પાંચ કર્તવ્યો સ્યાદ્વાદ શૈલિના પ્રણેતા તીર્થંકરદેવોએ ફરમાવ્યાં છે. માટે સહુએ તે કર્તવ્યોને અવશ્યમેવ અમલમાં મૂકવાં જોઈએ.

પૂજ્યપાદશ્રીએ અહીં 'સ્યાદ્વાદ'નો નિર્દેશ કર્યો છે તો આપણે હવે આ સ્યાદ્વાદને સંક્ષેપમાં સમજીએ.

અહીં 'સ્યાદ્વાદી' શબ્દ શા માટે વપરાયેલ છે? તે વાપરવા માટેના કારણો છે. કોઈ પણ વિચારણાને સારી રીતે સમજવા માટે 'સ્યાદ્વાદી' angle આપે છે. સ્યાદ્વાદના angleથી ક્યારેક ધર્મ તે અધર્મ થઈ જાય અને અધર્મ તે ધર્મ થઈ જાય છે. ધર્મ, અધર્મનું સ્થાન લઈ લે. સ્યાદ્વાદમાં દેખીતા પદાર્થની ભીતરમાં પડેલા તત્ત્વને બહાર લાવી મૂકે છે.

આપણે પાણી પીવું છે. કારણ કે તૃષા ઘણી લાગી

છે. તૃષા છીપાવવા માટે પાણીની જરૂર છે. પણ તે પાણી પીવાય કેવી રીતે? તો પાણી પીવા માટે જરુર પડે છે ગ્લાસની. આ ગ્લાસ સાધન છે.

ગ્લાસ તે સ્યાદ્વાદ છે. પાણી રૂપી પાંચ કર્તવ્યો છે. અહિંસા, વ્રત, જપ, તપ વગેરેને જીવનમાંથી આત્મસાત કરવા માટે તે બધાને સ્યાદ્વાદ apply કરવો જોઇએ.

સ્યાદ્વાદ રૂપી ગ્લાસથી ધર્મરૂપી પાણી પીવાય. એકલો ધર્મ ન લેવાય, તે માટે સ્યાદ્વાદ તો જોઇએ.

પાણીનું application ગ્લાસ છે, તેમ ધર્મનું application સ્યાદ્વાદ છે.

ધર્મને એના સાચા સ્વરૂપમાં જીવનમાં apply કરવા માટે સ્યાદ્વાદની આવશ્યકતા છે.

**અહિંસામાં સ્યાદ્વાદ**

અહિંસા રૂપે દેખાતો ધર્મ સ્યાદ્વાદની અપેક્ષાએ ક્યારેક અધર્મ તરીકે જોવા મળી જાય છે. સ્યાદ્વાદનું application ન હોય તો એ અહિંસા આપણને ધર્મરૂપ જ લાગી જવાની. હિંસા અધર્મ છે, પણ ક્યારેક સ્યાદ્વાદથી તેની ભીતરમાં પડેલી શક્યતા રહે, અહિંસા જોવા મળી જાય છે. દૃષ્ટિકોણથી જો અહિંસા હિંસા બને તો તે અહિંસા છોડી દેવી પડે.

કોઈ ધર્મ બાહ્ય રીતે સારો દેખાતો હોય, પણ સ્યાદ્વાદના દૃષ્ટિકોણથી જો તે અધર્મ બની જતો હોય

તો તે ધર્મ છોડવા જેવો છે. ધર્મ સારો છે કે ખરાબ છે તે જાણવા માટે સ્યાદ્વાદના applicationની જરૂર છે.

સ્યાદ્વાદ apply કરતાં ક્યારેક દેખીતી અહિંસા તે હિંસા બની જાય છે, અને દેખીતી હિંસા તે અહિંસામાં ફેરવાઈ જાય છે. આમ સ્યાદ્વાદથી કયી વસ્તુ સ્વીકાર્ય છે કે ત્યાજ્ય છે તેની ખબર પડે છે.

દેખીતી રીતે જે હિંસા જણાતી હોય તેને સ્યાદ્વાદ apply કરવાથી તે અહિંસા બનતી હોય, તો તે દેખીતી હિંસા સ્વીકાર્ય છે. તે પ્રમાણે જો સ્યાદ્વાદ apply કરવાથી દેખીતી અહિંસા એ હિંસા બનતી હોય તો તો ભલે અહિંસા દેખીતી રીતે હોય, છતાં પણ તે અહિંસા ધર્મરૂપે સ્વીકાર્ય નથી.

એટલે કે અનુબંધથી જે હિંસા જણાય, તે અહિંસા પણ ત્યાજ્ય છે, અને જે અનુબંધમાં જે અહિંસા જણાય, તે હિંસા પણ સ્વીકાર્ય છે.

અનુબંધમાં જે સ્વીકાર્ય છે, તે જ સ્વીકાર્ય છે, અને અનુબંધમાં જે ત્યાજ્ય છે તે જ ત્યાજ્ય છે.

આ પ્રમાણે અનુબંધમાં જે હિંસા બનતી હોય; તે દેખીતી અહિંસા હોય, તો પણ ત્યાજ્ય છે અને અનુબંધમાં જે અહિંસા બનતી હોય તે દેખાતી હિંસા હોય તો ય સ્વીકાર્ય છે.

આપણે કહીએ છીએ કે "અહિંસા પરમો ધર્મ" આ

કબૂલ છે, પણ તેમાં એક શબ્દ ઉમેરો–"અનુબંધ અહિંસા પરમો ધર્મ" ટૂંકમાં, અનુબંધમાં જે નભે તે જ સ્વીકાર્ય કે અસ્વીકાર્ય. માત્ર દેખાવથી ન ચાલે.

આ બાબત તેરાપંથી, સ્થાનકવાસી વગેરે સંપ્રદાયોને માન્ય નથી. તેઓ કહે છે કે દેખાતી હિંસાને હિંસા જ કહેવી જોઈએ. તેથી દેખીતી પણ હિંસા કોઈ પણ સંયોગોમાં ન કરવી.

તેઓ દેખાતી હિંસાને હિંસા કહે છે, અને દેખાતી અહિંસાને અહિંસા કહે છે. તેઓ અનુબંધ વિચાર સ્વીકારતા ન હોય તેવું લાગે છે.

અનુબંધ એટલે ફળ, પરિણામ–result–વગેરે. અહિંસાનું પરિણામ જો હિંસા આવે તો તે અહિંસા ત્યાજ્ય છે.

હિંસાનું result–પરિણામ–જો અહિંસા આવે તો તે હિંસા અ–સ્વીકાર્ય રહેતી નથી.

તળાવમાં એક પગ પર ઊભેલો બગલો જુઓ. તે શું કરે છે? તે ધ્યાન ધરે છે. આપણને લાગે કે આ બગલો કેટલો અહિંસક છે? એક પગ પણ ઊંચો છે, જેથી માછલીને જવા–આવવામાં તકલીફ ન પડે. કેવો સ્થિર ઊભો છે? આંખો મીંચી કેવું ધ્યાન ધરે છે? આવું ધ્યાન અનુબંધ–વિચાર લગાડતાં હિંસામાં transfer થઈ જાય છે. જે નિર્દોષ અહિંસક ધ્યાન છે તે અનુબંધ લાગતાં હિંસામાં transfer થઈ જાય છે.

ધ્યાન છે, માછલીને પકડવા માટેનું. માછલીની હત્યા કરવાનું. અને તેથી તે ધ્યાન અનુબંધમાં હિંસા છે, માટે તે ધ્યાન સ્વીકાર્ય નથી. આમ દરેક બાબતમાં અનુબંધ જોવાનો.

કોઈ કહે કે "તમારી જિનપૂજામાં તમે કેટલી હિંસા કરો છો? સ્નાન કરો એટલે અપકાય જીવોની હિંસા થાય, દીવો સળગાવો એટલે તેજસ્કાય જીવોની હિંસા થાય.

"આમ કેટકેટલી બધી હિંસા કરો છો? એ કરતાં તમે જિનપૂજા ન કરતા હો તો આ બધી હિંસા થાય ખરી?" આવા પ્રશ્નો થાય છે.

પણ જિનપૂજા વખતે હૃદયના ભાવ કેટલા ઉચ્ચ હોય! કેટલા તે ઉછાળા મારતા હોય! વાસનાનું નામ-નિશાન ત્યારે ન હોય, જિનપૂજા વખતે ચિત્તની પ્રસન્નતા અજબ હોય. તો આમ દેખાતી હિંસાનું પરિણામ શ્રેષ્ઠ છે. તે વિરતિના અને છેલ્લે વીતરાગતાના ભાવમાં પરિણમે છે. આથી જ તે બધી હિંસા અનુબંધમાં અહિંસા બની જાય છે.

ભક્તિ કરતા મોહનીય કર્મનો નાશ થવા દ્વારા જે વિરતિ ધર્મ આવે છે તેથી કેટલી બધી હિંસા મટી જાય!

ભગવાનની ભક્તિનું ફળ અપાર છે. તેથી ચારિત્ર મોહનીય કર્મ છૂટે. તે છૂટે એટલે સંસાર ત્યાગવાની ભાવના જન્મે. તે ભાવના જન્મે એટલે સાધુજીવન સ્વીકારવાની અભિલાષા થાય. આમ સાધુજીવનની અહિંસા સિદ્ધ થાય.

હજી આ મુનિજીવનમાં દ્રવ્યહિંસાઓ તો છે જ;

પરન્તુ આ જીવનનું નિર્મળ પાલન કરનારને તેવું સિદ્ધ પદ મળે છે કે જ્યાં તે દ્રવ્યહિંસાઓ પણ નિર્મૂળ થઈ જાય છે.

તેથી ભક્તિમાં થતી દેખીતી હિંસા સાધુજીવનમાં transfer થઈ. આમ કેટલી હિંસામાંથી બચી જવાયું ?

સુંદર મજાની પ્રભુ ભક્તિથી સુંદર મજાનું સાધુજીવન પ્રાપ્ત થાય. અને છેવટે સુંદર મજાનો મોક્ષ પ્રાપ્ત થાય. અને મોક્ષમાં તો સંપૂર્ણ અહિંસા છે. આ સંપૂર્ણ અહિંસા ભગવાનની ભક્તિ સિદ્ધ કરી આપે છે.

આમ દીવો સળગાવવાથી કે સ્નાન કરવાથી થતી દેખીતી હિંસા અંતે transfer થઈ, મહા અહિંસામાં.

શંકા– આ પણ હિંસા ન થાય તો ?

સમાધાન– ખૂબ સરસ ! તો સાધુ થઈ જાવ.

જો ધર્માર્થ હિંસા પણ માન્ય ન હોય તો ભલે. પણ તે પહેલાં અધર્મ માટે થતી હિંસા તો બંધ કરો. નોકરી, ધંધાનો ત્યાગ કરો, જમવાનું પણ બંધ કરો. હરવા, ફરવાનું પણ બંધ કરો. જે પાપ માટે થતી હિંસા પણ ત્યાજ્ય નથી તો ધર્માર્થ હિંસાના ત્યાગની શી રીતે વાત થાય ?

પ્રભુભક્તિમાં થતી હિંસા તે પાપ કરવા માટે નથી, પાપ થઈ જાય છે તે વાત જુદી છે.

કબૂલ. ઉચ્ચ કક્ષાનો શ્રાવક હોય, સદા તે પૌષધ કરતો હોય તેને જિનપૂજાની પણ હિંસા કરવાની નથી.

સંસારનાં સર્વ પાપોને જેણે ત્યાગી દીધાં છે તે શ્રાવક જિનપૂજાને બદલે વિરતિમાં જ રહે તો તેમાં કશો વાંધો નથી. જેને આરંભ–સમારંભના પાપોનો મેલ લાગતો હોય તેને આ જિનપૂજા સ્વરૂપ સ્નાનની જરૂર છે. સાધુ કે ઉચ્ચ શ્રાવકને તેની જરૂર નથી.

ભગવાનની ભક્તિ અંદરની વાસના તોડવા માટે છે. પ્રભુભક્તિમાં વાજિંત્રો હોય, ગીત ગવાતાં હોય, સુવાસિત પુષ્પો ભગવંતને આરોપાતાં હોય. ધૂપસળીની સુવાસ ચારે બાજુ મઘમઘતી હોય. આ બધું વાતાવરણ ગૃહસ્થના ચિત્તને જલદી ઘેરી લે છે. સ્નાત્ર પૂજા ભણાવતી વખતે પ્રભુભક્તિમાં એકાકાર થઈ જવાય છે. ત્યાં એવાં સાધનો છે, જેથી ગૃહસ્થનું માથું ડોલી ઊઠે છે, ભક્ત નાચી ઊઠે છે. પ્રભુની ભક્તિ એકરસથી, એકતાનથી કરવામાં આવે તો ચારિત્ર મોહનીય કર્મના ભુક્કા બોલાવી દેવામાં ગૃહસ્થને વાર ન લાગે, અને આ મોહનીય કર્મ તૂટે એટલે સંસારની વાસના ઉખડી જાય. પછી શ્રેષ્ઠ માર્ગ–મોક્ષ માર્ગ–ચારિત્ર્ય ધર્મ પ્રાપ્ત થાય. આમ ગૃહસ્થને માટે તો સામાયિક વગેરે કરતાં ય જિનપૂજા વધુ શ્રેયસ્કરી બની જવા સંભવ છે.

આથી જ જિનપૂજામાં થતી હિંસા પણ પરિણામમાં –અનુબંધમાં–અહિંસા બની જાય છે માટે જ તે હિંસા ક્ષન્તવ્ય છે.

પણ સબૂર! હિંસા જો અહિંસામાં transfer થાય તો જ તે હિંસા ક્ષન્તવ્ય ગણાય.

જિનપૂજા કરતાં જો સાચી ભક્તિ ન જાગે, હૈયાના ભાવ ન જાગે, તો સમજવું કે આ બધી વેઠ છે. ભક્તિમાં હૃદયની સ્પર્શના છે. જો તે ન થાય તો તે છોડી દેવી પડે અથવા ગમે તેમ કરીને તે ભક્તિને ભક્તિ રૂપમાં ફેરવવા પ્રયત્ન કરવો પડે. એમ ન થાય તો તેનું પારાવાર દુઃખ થવું જોઇએ, રૂદન આવવું જોઈએ. પણ આવું કાંઈ જ ન થાય તો લક્ષવિહોણી જિનપૂજાથી ચારિત્ર મોહનીય કર્મ ન તૂટે. તો તો પછી બધી મહેનત માથે પડે. આવી ભાવ વગરની, લક્ષ વગરની પૂજા સહી વગરના ચેક જેવી છે. તમે એક ચેક લખો, તેમાં તારીખ લખો, નામ લખો, રૂપિયા વીસ હજાર લખો, પણ તેમાં ચેક આપનારની સહી ન હોય તો? તેવા સહી વગરના ચેકની કિંમત કેટલી? એક કોડીની પણ નહી! તે ચેક જોઈ જોઈ ને તમે હરખાવ તેનો કાંઈ અર્થ નથી.

ભાવ વિનાની, ઉત્સાહ વિનાની, ચિત્ત પ્રસન્નતા વિનાની, લક્ષ વગરની જિનપૂજા એટલે સહી વગરનો ચેક.

જિનભક્તિ વખતે જો એવો ભાવ ન જાગે કે, "હે ભગવાન! તારા પ્રભાવથી મને સંસાર પ્રત્યે તીવ્ર વૈરાગ્ય પ્રગટ થાઓ; ભવનિર્વેદ પ્રાપ્ત થાઓ, તારા પ્રભાવથી મને સંસારનાં સુખો પ્રત્યે નફરત જાગો." તો જિનપૂજાની હિંસા હિંસાના સ્વરૂપમાં જ માથે પડી જાય.

ક્યા એંગલથી આપણે જોયું! સ્યાદ્‌વાદની દૃષ્ટિએ

જોયું કે ભાવીના એંગલથી જિનપૂજાની હિંસા તે અહિંસામાં transfer થઈ. માટે તે હિંસા અધર્મ સ્વરૂપ ન રહી.

શું દેખીતી અહિંસા કરવા જેવી છે? તો તે જાણવા માટે ભાવિનો એંગલ લગાડો. જો તે અહિંસા ભાવિમાં હિંસામાં ફેરવાતી હોય તો તે દેખીતી અહિંસા પણ કરવા જેવી ન રહે.

હવે આપણે ભવિષ્યની અપેક્ષાએ થઈ જતી હિંસા-અહિંસા દૃષ્ટાન્તથી સમજીએ.

**પારધીનું દૃષ્ટાન્ત :**

એક પારધી હતો. તેણે પક્ષીઓ પકડવા માટે જમીન પર જાળ બિછાવી. માટીના કલર સાથે 'મેચ' થતા રંગવાળી તે જાળ હતી. તે પર દાણા વેર્યા. તે દાણા ચણવા કબૂતરો ખેંચાતાં ગયાં, થોડીવારમાં ઘણાં કબૂતરો એકઠાં થઇ ગયાં. પેલો પારધી ઝાડ ઓઠે ચૂપચાપ ઊભો છે. ખાંસી પણ ખાતો નથી કે જેથી કબૂતરો ઊડી જાય! તે મનોમન બોલે છે—ખાવ, ખૂબ ખાવ.

આ તેની અહિંસક ભાવના જ દેખાય છે ને? કબૂતરો ખાય છે, તેમાં અંતરાય ન પડે, જેથી ત્યાં કોઈને આવવા દેતો નથી. રખેને કોઈ આવે ને કબૂતરો ઊડી જાય તો?

એટલામાં સાવ નજીકના જ ગામડાનો જૈન છોકરો ઝાડે ફરવા તે બાજુ આવ્યો. તેણે કબૂતરોને જોયાં. વળી તેણે પેલા પારધીને પણ જોયો. તેણે વિચાર્યું કે, "આ

પારધી આ કબૂતરોને પકડી લેશે.” તેથી તેણે દોટ મૂકી. પેલો પારધી આંગળીના ઇશારે કબૂતરો પાસે ન જવા તેને કહે છે. “અરે! અહીં ન આવ, આ કબૂતરાં ઊડી જશે!” આવું આંગળીના ઇશારે કહે છે–અને ત્યાં તેને આવવાની ના કહે છે. ‘અહીંથી ચાલ્યો જા, ચાલ્યો જા’ આવો સંકેત કરે છે. પણ છોકરો સમજી ગયો છે કે આ પારધી બધાં પક્ષીને જાળમાં પકડી લેશે, તેથી તે તો દોડતો દોડતો ત્યાં આવી ગયો અને જોરથી તાળીઓ બજાવી. પળવારમાં બધાં કબૂતરો ઊડી ગયાં.

આ બેમાંથી હિંસક કોણ? પારધી કે છોકરો?

પારધી જ ને?

ભલે પારધી કબૂતરોને ખવડાવે છે, તો ય તો હિંસક છે કેમકે તે તો દેખીતી અહિંસા છે.

વાણિયાનો છોકરો કબૂતરોને આવા દેતો નથી. તાળી વગાડી તેમને ઉડાડી મૂકે છે. તો ય તે છોકરો અહિંસક છે. કેમકે તેની તે હિંસા માત્ર દેખીતી જ હિંસા છે.

સ્યાદ્વાદના દૃષ્ટિકોણથી તપાસશો તો જણાશે કે પારધીની દેખાતી અહિંસા અનુબંધથી હિંસા બને છે, અને છોકરાની દેખાતી હિંસા અનુબંધથી અહિંસા બને છે. માટે પારધી હિંસક ગણાય અને છોકરો અહિંસક ગણાય.

## જુદી જુદી અપેક્ષાઓ :

એકની એક વસ્તુ અપેક્ષાને કારણે બદલાઈ જાય છે– ઉદાહરણ તરીકે ‘ભત્રીજો’.

કાકાની અપેક્ષાએ તે ભત્રીજો, પણ તે જ પિતાની અપેક્ષાએ દીકરો છે; પત્નીની અપેક્ષાએ તે પતિ છે. અપેક્ષા બદલાતો જાય તેમ વસ્તુ બદલાતી જાય.

કાકાની અપેક્ષાએ તે ભત્રીજો, પણ પિતાની અપેક્ષાએ તે પુત્ર; દીકરો જ-ભત્રીજો તો નહિ જ. અને પત્નીની અપેક્ષાએ તે પતિ જ; દીકરો ય નહીં, અને ભત્રીજો ય નહીં. વિદ્યાર્થીની અપેક્ષાથી તે માસ્તર કહેવાય.

જેમ જેમ અપેક્ષા બદલાતી જાય, તેમ વસ્તુ બદલાતી જાય છે.

સાધુજીવનમાં હિંસાને સ્વીકારેલ નથી; પરંતુ સ્યાદ્વાદની દૃષ્ટિએ તપાસતાં હિંસા કેટલીક અહિંસા રૂપે બની જાય છે.

વિહાર કરતાં રસ્તામાં નદી આવી. તે વખતે પાણી ઓળંગતાં બંને બાજુ તપાસ કરાવાય કે ત્યાંથી જઈ શકાય તેમ છે? જો ત્યાંથી જઈ શકાય તેમ હોય તો દશ માઈલનું ચક્કર લગાવવું પડે તો લગાવે. પરંતુ એવું ન જ હોય તો પાણીમાં પગ મૂકવો પડે. કોઈ કહે કે, "કાચા પાણીમાં પગ ન મુકાય. તેમ ન કરતાં ગામમાં બેસી રહો, તેમાં શું વાંધો છે?"

તેનું સમાધાન એ છે કે, સાધુથી એક જ ગામમાં ન રહી શકાય. કારણ કે ત્યાં વધુ પરિચય થાય-અને અતિ પરિચય એ અવજ્ઞા ઉત્પન્ન કરે છે. ત્યાં રહેવાની સાધુની

ઈચ્છા હોય તો ય ગામવાળાની સાધુને રાખવાની ઈચ્છા ન હોય. સાધુ વધુ પડતું એક ગામમાં રહે તે યોગ્ય પણ નહીં. સાધુ તો ફરતાં અને ચાલતાં ભલા–તેથી કોઈ જાતનો ડાઘ ન લાગે. અને વધુ પરિચય વગેરેના દોષ લાગે નહીં.

કાચા પાણીમાં પગ મૂકવાથી અને તેમાં ચાલવાથી દેખીતી હિંસા છે, પણ સાધુજીવનના ગુણોની તેમાં રક્ષા છે. શુદ્ધ સાધુજીવનની રક્ષામાં જગતની રક્ષા છે.

**પ્રશ્ન**–પાણીમાં ચાલવાથી અપકાયના જીવો હણાય તેથી પાપ લાગે તો પછી હોડીમાં શા માટે ન બેસવું ?

**ઉત્તર**–હોડી ઝડપથી જતી હોય, તેથી પાણીમાં વર્તુળ મોટા થાય છે–તે વર્તુળ દૂર દૂર સુધી ફેલાય. આ હોડીના વેગથી પાણીને આઘાત ઘણો લાગે તેથી વધુ જીવ-હિંસા થાય—પણ અમારે આપદ્ધર્મ તરીકે પાણીમાં ચાલવાનું હોય તો પહેલાં ધીમે રહીને એક પગ ત્રાંસો ઊંચકવાનો. ત્રાંસો એટલે આંગળાં નીચે રહે અને એડી ઉપર રહે–આથી બધુ પાણી ધીમેથી સરી જાય–ધબાધબ ઊંચા–નીચા પગ પાણીમાં નહીં મૂકવાના ને ઊંચકવાના. –ત્રાંસો રાખેલ પગ તેમાંથી એક પગને નીતરવા દેવાનો અને પછી ધીમેથી તે પાણીમાં મૂકવાનો અને બીજો પગ વાળી ઊંચો કરવો. તે થોડો સમય ઊંચો રાખી પાણી નીતરવા દેવાનું. આમ જીવની જેટલી જયણા થાય તેટલી કરવાની. પણ લેફ્ટ રાઈટ, લેફ્ટ રાઈટ, કરતાં ચાલવાનું નહીં.

હોડીમાં ઘસડપટ્ટી છે, અને તીવ્ર આઘાત છે, તેથી

ત્યાં જીવોની પુષ્કળ હિંસા થાય છે. પગ ધીમે ધીમે ઊંચકવાનો–પાણી નીતરવા દેવાનું, પછી બીજો પગ ઊંચકવાનો ને તેનું પાણી નીતરવા દેવાનું. આમ ધીમેથી પગ મૂકવાનો અને ધીમેથી ઊંચકવાનો–આથી જીવની જયણા સારી થાય. હા–જ્યાં પુષ્કળ પાણી હોય એવા સ્થાને ન છૂટકે હોડીનો આશરો પણ લેવો પડે.

આમાં લેશ માત્ર હિંસાનો આશય નથી. મનમાં એક વિચાર હોય કે વધુ ને વધુ જીવો કેમ બચાવી શકાય ?

અપેક્ષા સારી હોય તો હિંસા તે અહિંસા બને. અપેક્ષા ખરાબ હોય તો અહિંસા તે હિંસા બને.

આ વાત આપણે છ લેશ્યા દ્વારા સમજશું.

છ લેશ્યાનું રૂપક :

લેશ્યા એટલે ચિત્તના અધ્યવસાય–ચિત્તનાં પરિણામ.

લેશ્યાના ૬ પ્રકારો છે (૧) કૃષ્ણ (૨) નીલ (૩) કાપોત (૪) તેજો (૫) પદ્મ અને (૬) શુક્લ.

(૧) કૃષ્ણ લેશ્યા—એટલે ચિત્તનો ખૂબ મેલો અધ્યવસાય. આ લેશ્યા જેનામાં હોય તે આત્મા એકદમ હિંસક હોય. તેની વૃત્તિ, પ્રવૃત્તિ બધુ ય હિંસક હોય.

(૨) નીલ લેશ્યા–કૃષ્ણ લેશ્યા કરતાં સારી. તેનામાં હિંસક પરિણામ સહેજ ઓછો હોય—ઉગ્ર હિંસક મન ન હોય.

(૩) કાપોત લેશ્યા–કપોત એટલે કબૂતર. કબૂતરની

પાંખમાં હોય છે તેવા રંગની હોય. એટલે સફેદાઈવાળી કાળાશ. અહીં વિશેષ ઓછું હિંસક મન હોય.

કૃષ્ણ અને નીલ લેશ્યા કરતાં કાપોત લેશ્યા ઓછી અશુભ છે. હવેની ત્રણ લેશ્યાઓ શુભ છે.

(૪) તેજો લેશ્યા—તેજો એટલે તેજ-અગ્નિના તેજ જેવી માનસવૃત્તિ. તે શુભ પરિણામ આપનાર હોય.

(૫) પદ્મ લેશ્યા—પદ્મ એટલે કમળ. કમળ જેવી સૌમ્ય ચિત્તવૃત્તિ.

(૬) શુકલ લેશ્યા—એકદમ સરસ પરિણામયુક્ત ચિત્ત હોય.

આ છ લેશ્યાને સમજવા માટે જાંબુના ઝાડનું દૃષ્ટાંત આવે છે.

એક જાંબુનું ઝાડ છે. ત્યાં છ માણુસો આવે છે. બધાયને જાંબુ ખાવાની ઇચ્છા થઈ. દરેકે પોતાનો અભિપ્રાય આપ્યો.

(૧) જેની લેશ્યા કૃષ્ણ છે, તે માણુસ આ જાંબુના ઝાડને જોઈને કહે છે, કે "આ ઝાડને મૂળમાંથી જ ઉખેડી નાખો. આવા ઝાડને ધરતી ઉપર પાડી દો. પછી મોજથી જાંબૂ ખાઈએ. આવો માણુસ મારફોડ કરનાર હોય. કારણુ વગર જેને તેને ઉખેડી નાખે. તેનામાં ભયંકર હિંસક વૃત્તિ હોય.

(૨) જેની લેશ્યા નીલ છે, તેવા માનસવાળો માણુસ કહે છે કે, "ભાઈ, શા માટે ઝાડને મૂળમાંથી ઉખેડી નાખીને

પાડવું? તેના કરતાં થડથી કાપો ને! તરત જ તે ઝાડ નીચે પડશે અને મનમાન્યાં જાંબૂ ખાવા મળશે."

(૩) કાપોત લેશ્યાવાળો માણુસ તે બંને બાબતની ના પાડે છે, તે ડાળીઓ કાપવાનું કહે છે, એટલે કે થડ નહીં પણ પેટા થડ કાપીને જાંબૂ લેવાનું કહે છે.

(૪) તેજો લેશ્યાવાળો માણુસ કહે છે કે, "ડાળીઓ શા માટે કાપીએ? તે કરતાં તેની ઉપર જાંબૂનાં ઝુમખાં છે, તે ઝુમખાં સાથેની ડાળીઓ જ કાપી લઈએ તો ય પેટ ભરીને જાંબૂ ખાવા મળશે.

(૫) પદ્મ લેશ્યાયુકત માણુસ કહે છે કે, "ઝુમખાં-વાળી ડાળી પણ શા માટે કાપવી? ફક્ત જાંબૂનાં ઝુમખાં જ લો ને? આપણે જાંબૂથી જ કામ છે ને?"

(૬) શુકલ લેશ્યાવાળો માણુસ જાંબૂનાં ઝુમખાં પણ કાપવાની ના કહે છે. તે કહે છે કે જાંબૂ જ જો ખાવાં હોય તો આપમેળે પાકીને નીચે પડી ગયેલાં જાંબૂ જ લઈ લો ને?

જોયું ને? ઉત્તરોત્તર છ માણુસોના મનનો પરિણામ વધુ ઋજુ બનતો જાય છે. ધારો કે કોઈએ ચંપલ ચોર્યાં, તો જુદી જુદી લેશ્યાવાળો જુદી જુદી રીતે તે ચંપલચોરને શિક્ષા કરવાનું કહેશે.

(૧) કૃષ્ણ લેશ્યાવાળો તે ચંપલચોરને મારી મારીને અધમૂઓ કરવાનું કહેશે.

(૨) નીલ લેશ્યાવાળો ખૂબ મારવાને બદલે તમાચા મારવાનું કહેશે.

(૩) કાપોત લેશ્યાવાળો તેને બે-ચાર ગાળો દઈને ચંપલ લઈ લેશે.

(૪) તેજો લેશ્યાવાળો મારવાને બદલે ચંપલચોરને ચૂપચાપ રવાના કરવાની સલાહ આપશે.

(૫) પદ્મ લેશ્યાવાળો કહેશે કે આવા સાધર્મિકનું ભાન કોઈ નથી રાખતું ? તેને સારી રીતે યોગ્ય રસ્તે દોરવો જોઈએ.

(૬) શુક્લ લેશ્યાવાળો કહેશે કે તેને લારી કરાવી આપો. ૫૦-૧૦૦ નો માલ અપાવો તો આપોઆપ તે ચોરી કરતો અટકી જશે અને પોતાનું પાપ કરવાનો વિચાર તે કરશે નહીં.

પહેલો મૂળમાંથી ઝાડને ઉખેડી નાખવા માંગે છે તે એકદમ હિંસક.

બીજો થડ કાપવા ઇચ્છે છે, તે પહેલા કરતા ઓછો હિંસક.

ત્રીજો ડાળીઓ કાપવા ઇચ્છે છે, તે પહેલા બે કરતાં ઓછો ને ઓછો હિંસક.

ચોથો ઝુમખાવાળી કાપવાનું કહે છે.

પાંચમો ફક્ત ઝુમખાં જ લેવા કહે છે.

છઠ્ઠો નીચે પડેલાં જાંબૂ ખાવા કહે છે-તે છે એકદમ અહિંસક. તેને હિંસા કરવાની જરૂર પડતી નથી.

પહેલો એકદમ હિંસક છે. છેલ્લો છટ્ઠો એકદમ અહિંસક છે.

શુકલ લેશ્યા હિંસાનો વિચાર કરી શકતી નથી.

વચલા ચાર હિંસક અને અહિંસક છે, ચારે કોઈ અપેક્ષાએ હિંસક છે, કોઈ અપેક્ષાએ અહિંસક પણ છે. તે આ રીતે–

નીલ લેશ્યાવાળો કાપોતની અપેક્ષાએ હિંસક છે, કૃષ્ણ લેશ્યાની અપેક્ષાએ અહિંસક છે.

ત્રીજો કાપોત લેશ્યાવાળો તેજોની અપેક્ષાએ હિંસક છે, નીલની અપેક્ષાએ અહિંસક છે.

પણ પહેલો કૃષ્ણ લેશ્યાવાળો તો એકલો હિંસક જ છે.

છેલ્લો શુકલ લેશ્યાવાળો એકદમ અહિંસક છે.

પહેલામાં અને છઠ્ઠામાં એક જ ધર્મ છે. પણ વચલા ચારમાં અનેક ધર્મો છે. સ્યાદ્વાદની રીતે તપાસતા અનેક ધર્મ જણાશે.

જુઓ, આ ચોથી આંગળી મોટી છે કે નાની?

ઉત્તર–તે ચોથી આંગળી મોટી છે ને નાની પણ છે.

તમારી પાસે કોઈ માણસ એક જ જવાબ માંગે તો એક જ જવાબ નહીં અપાય. આંગળીમાં મોટાપણું છે, તેમ નાનાપણું પણ છે. ટચલી આંગળીની અપેક્ષાએ તે મોટી છે અને મધ્યમ આંગળીની અપેક્ષાએ તે નાની છે.

પદાર્થોને પોતાને અનેક ધર્મોનો પોતાનામાં સંગ્રહ ગમતું હોય તો તેમાં અમે શું કરીએ? 'યદિ પદાર્થાનાં સ્વયમેવ રોચતે તત્ર કે વયં!' પદાર્થને પોતાને નાનાપણું, મોટાપણું ભેગું ગમે છે ત્યાં શું થાય?

સ્યાદ્વાદથી હિંસા તે અહિંસા થઈ શકે છે. પહેલી લેશ્યાવાળા તરફથી જોતાં જઈશું તો હિંસા તે અહિંસામાં transfer થયેલ જણાશે. તેથી ઉલ્ટું, છઠ્ઠા લેશ્યા તરફથી પહેલી લેશ્યાવાળા તરફથી નજર ફેરવીશું તો અહિંસા, હિંસા તરફ ઢળતી જશે.

જિનપૂજાની હિંસા તે પરિણામી અહિંસા છે; દેખીતી નહીં.

કોઈની સામે ટક્કર ઝીલવી હોય તો સ્યાદ્વાદના સિદ્ધાંતનો અમલ કરવો. પછી જોવું કે દેખીતી હિંસા વગેરે તે અહિંસા વગેરેમાં ફેરવાય છે? કે દેખીતી અહિંસા વગેરે હિંસા વગેરેમાં ફેરવાય છે? પરિણામ શું આવે છે? જે પરિણામ આવે તે મુજબ વર્તવું.

સ્યાદ્વાદ એક વસ્તુમાં જે અનંત ધર્મો પડેલા છે, તેને બતાવે છે, અને સ્વીકારે છે.

આ ઘડિયાળ છે. આમાં શું શું છે? બોકસપણું, પેટીપણું, લાકડાપણું, જડતાપણું દ્રવ્યપણું છે. પુદ્ગલપણું વગેરે અનેક ધર્મો છે.

આ થઈ Positive વાત. જેમ આ ઘડિયાળમાં postive points છે તેમ negative points પણ છે.

આ ઘડિયાળ છે. તેમાં 'નથી' એવો કોઈ ધર્મ છે? હા, છે. તેનામાં ચૈતન્યપણું નથી, તેનામાં માણસપણું નથી, સાધુપણું નથી, સિદ્ધપણું નથી. આમ આ બધા negative નિષેધાત્મક ધર્મો છે.

એ રીતે નથી, નથી એવા ય અનંત ધર્મો છે; આમ 'છે' દ્વારા તથા 'નથી' દ્વારા અનંત ધર્મો આવી જાય. અનંત ધર્મો 'અસ્તિ' દ્વારા આવે તેમજ અનંત ધર્મો 'નાસ્તિ' દ્વારા આવે.

આ ઘડિયાળ કાંઈ માણુસ નથી અને દ્રવ્ય જરૂર છે. માટે આ ઘડિયાળમાં નાસ્તિત્વથી માણુસ વગેરે છે, અને અસ્તિત્વથી દ્રવ્ય વગેરે છે. આમ ઘડિયાળ અનંત ધર્મ-વાળું બન્યું.

પ્રશ્ન—એક જ સ્થાને વિરોધી તત્ત્વો શી રીતે હોય?

ઉત્તર—કહેવાય છે કે દેવો અને દાનવોએ સમુદ્ર-મંથન કર્યું તો તેમાંથી અમૃત નીકળ્યું, તેમજ ઝેર પણ નીકળ્યું. તો વિરોધી બે પદાર્થો એક જ સમુદ્રમાંથી નીકળ્યા કે નહીં? તો આત્મા વગેરે એક જ પદાર્થમાં નિત્યતા અને અનિત્યતા—એવા બે વિરોધી ધર્મો કેમ ન રહે? પણ હા, એ ચોક્કસ કે એ બે વિરોધી ધર્મો જુદી જુદી અપેક્ષાથી તેમાં હોય, એક જ અપેક્ષાથી નહીં.

આત્મા નિત્ય છે, તે કઈ અપેક્ષાએ? તો જવાબ છે કે દ્રવ્યની અપેક્ષાથી, પર્યાયની અપેક્ષાથી તો આત્મા અનિત્ય છે.

'મરી ગયો' એવા વ્યવહારની અપેક્ષાએ આત્મા અનિત્ય છે.

'દ્રવ્ય મરતું જ નથી' એવા નિશ્ચયની અપેક્ષાએ આત્મા નિત્ય છે.

સમંતભદ્ર નામના દિગંબર આચાર્યે આ અંગે ઠીક જ કહ્યું છે કે જ્યારે પદાર્થને જ વિરોધી ધર્મોને પોતાનામાં રાખવાનું રૂચે છે, ત્યાં અમે શું કરીએ ? પદાર્થમાં નિત્યત્વ અને અનિત્યત્વ રહેલ છે, તેવી અવસ્થા પદાર્થને જ ગમતી હોય, તેમાં અમે શું કરીએ ?

એક વસ્તુમાં અનેક ધર્મ રહેલ છે, તે અંગે બાવાજીની ગોદડીનું દૃષ્ટાંત આપું.

**બાવાજીની ગોદડી :**

એક સંન્યાસી હતા. તેમની પાસે એક ગોદડી હતી. ખભા ઉપર રાખીને તે ફર્યા કરે. ઉનાળાના દિવસો હતા. ક્યાંક ગોદડીને એક બાજુ મૂકીને ઊંઘી ગયા. જ્યારે તે ઘસઘસાટ ઊંઘમાં હતા ત્યારે પેલી ગોદડી કોઈ ચોરી ગયું. ફક્ત એક જ ગોદડી હતી. તે સિવાય લંગોટી હતી. બીજું કાંઈ તેમની પાસે નહીં. આ સંન્યાસી બાવાએ પોલિસ ચોકીમાં ગોદડી ચોરાયાની ફરિયાદ નોંધાવી, ત્યારે પોલિસ અમલદારે તેમની ફરિયાદ નોંધતાં પૂછ્યું-'શું ચોરાઈ ગયું ?'

સંન્યાસી—ગોદડી.

અમલદાર—બીજું કાંઈ ?

સં.—દુવાલ.

અ.—આ સિવાય બીજું કાંઈ ગયું છે ?

સં.—પથારી.

અ.—હજુ કાંઇ ?

સં.—રજાઈ.

અ.—હજુ જે કાંઇ રહ્યું હોય તે લખાવી દ્યો.

સં.—છત્રી.

અ.—બસ, હવે કાંઈ નથી ચોરાયું ને ?

સં.—હા, લખો ઓશીકું.

આમ સંન્યાસીએ પાંચ વસ્તુ ચોરાયાની નોંધ કરાવી. પછી પોલિસે તપાસ કરી. ગોદડી ચોરનાર ચોર મળી ગયો. કાળી ડાયરીમાં જેનાં નામ હતા, તેમની પાસે આ ગોદડી હોવી જોઈએ. એ આધારે તપાસ થઈ અને ચોર પકડાયો; મુદ્દામાલ સાથે પકડીને સાધુ પાસે લાવવામાં આવ્યો. પોલિસે તે ચોર પાસેની ગોદડી બતાવતાં બાવાજીને પૂછ્યું, “બાવાજી ! આ તમારી ગોદડી છે ?”

સંન્યાસી—હા, તે જ.

પોલિસે તે ગોદડી સંન્યાસી તરફ નાખી અને સંન્યાસી તે લઈને ચાલવા લાગ્યા.

પોલિસ—બસ ! તમારું કામ પતી ગયું ?

સં.—હા, બધું પતી ગયું.

પોલિસ—શું પતી ગયું ? તમે તો ઘણી ચીજો લખાવી છે, હજી બાકીની ચીજો ક્યાં મળી છે ?

સં.—બધી ચીજો આવી ગઈ.

પોલિસ—તો શું તમે આ ખોટું લખાવ્યું? શા માટે ખોટું લખાવ્યું? પોલિસને ઠગવા બદલ અમારે તમારી ઉપર કેસ કરવો પડશે.

સં.—ભાઈ, આ ગોદડીમાં બધું આવી ગયું છે.

પોલિસ—પણ તે કેવી રીતે?

સં.—સાંભળો. આ ગોદડી છે. પણ જ્યારે લંગોટી ધોઉં છું ત્યારે ગોદડી વીંટી લઉં છું. તેથી તે ટુવાલ તરીકે કામ લાગે છે. જરૂર પડે સૂવા માટે તે વાપરૂં છું માટે તે પથારી છે. શિયાળામાં ઓઢીને સૂઈ જઉં છું માટે તે રજાઈ છે. વરસાદમાં માથે રાખું છું માટે તે છત્રી છે. કોઈ વખત માથા નીચે મૂકીને સૂઈ જઉં છે, તેથી તે ઓશીકું છે.

આમ એક ગોદડીમાં અનેક ધર્મ રહેલ છે. તે ટુવાલ છે, તે છત્રી પણ છે, તે ઓશીકું છે, તે પથારી કે રજાઈ પણ છે. આમ અનેક ધર્મો, એક જ વસ્તુમાં રહેલ છે.

વરસાદની અપેક્ષાએ ગોદડી તે છત્રી છે.

ઊંઘવાની અપેક્ષાએ ગોદડી તે પથારી છે.

લંગોટની અપેક્ષાએ ગોદડી તે ટુવાલ છે.

ઠંડીની અપેક્ષાએ ગોદડી કે રજાઈ છે.

આમ એક વસ્તુમાં ઘણા ધર્મ સમાયા છે. સ્યાદ્‌વાદના દૃષ્ટિકોણથી એકમાં અનેક ધર્મ જણાય છે.

ફક્ત એક જ દૃષ્ટિકોણ પકડે તો તે સ્યાદ્‌વાદ ન કહેવાય. બધા દૃષ્ટિકોણને નજરમાં રાખીને વાત કરે તો સ્યાદ્વાદ કહેવાય છે.

## નય : દુર્નય : પ્રમાણ

વાક્યો ત્રણ પ્રકારનાં છે.

(૧) દાન જ ધર્મ છે.

(૨) દાન ધર્મ છે. (અહીં 'જ' કાર' ગર્ભિત રીતે લઈ શકાય)

(૩) દાન પણ ધર્મ છે ('પણ' ઉમેરાયો)

**દુર્નય વાક્ય**–દાન જ ધર્મ છે—તે દુર્નય છે.

દુર્નય એટલે 'દુષ્ટ નય.' તે એક જ angle આપે છે. એટલું જ નહિ પણ બાકીના એંગલોને ધિક્કારે છે. આ દાન જ ધર્મ છે. તો પછી શીલ, તપ, ભાવ વગેરે શું ધર્મ નથી? ફકત દાન એકલું જ ધર્મ! તપ એ ધર્મ નહિ? શીલ એ ધર્મ નહિ? ભાવ એ ધર્મ નહિ?

દુર્નયવાદી કહે છે, 'નહિ, નહિ, નહિ. દાન જ ધર્મ છે. બીજા બધા ધર્મો નથી જ.'

**નયવાક્ય**–દાન ધર્મ છે, એટલે બીજા શીલાદિ ધર્મો ધર્મ નથી એમ નથી કહેવું. પરંતુ દાન ઉપર વધુ ઝોક ચોક્કસ છે. પહેલાની માફક શીલ, તપ, ભાવ તરફ તિરસ્કાર નથી–ધિક્કાર નથી. પહેલા વાકયમાં 'ફકત દાન જ

ધર્મ છે, બીજા કોઈ ધર્મ જ નથી.' એવું જે અભિપ્રેત છે તે અહીં નથી.

અહીં તે શીલ વગેરે ધર્મો તરફ આંખમીંચામણાં-ઉપેક્ષા (ગજનિમીલિકા) છે. 'દાન ધર્મ છે' એ વાક્યથી બીજા તપ, શીલ, ભાવ ધર્મો તરફ અણગમો નથી દર્શાવ્યો તેની ઉપેક્ષા છે એટલું જ સુનયવાક્યમાં પોતાની વાતની રજૂઆતમાં બીજા પ્રત્યે ધિક્કાર અભિપ્રેત છે, જ્યારે બીજા વાક્યમાં પોતાના મંડનમાં બીજાની માત્ર ઉપેક્ષા છે. અર્થાત્ 'દાન ધર્મ છે;' સાથે સાથે શીલ, તપ વગેરે ધર્મ થતા હોય તો તમે જાણો. અમને તેમની સાથે નિસ્બત નથી, એવું અભિપ્રેત છે. આ વાકય નયવાકય કહેવાય, આ નયવાકયમાં પણ બળ લાવવા માટે જકારનો પ્રયોગ થઈ શકે.

**પ્રમાણવાક્ય**–"દાન પણ ધર્મ છે" આ છે સંપૂર્ણ સ્યાદ્વાદ વચન. અહીં આખો સ્યાદ્વાદ પ્રગટ થાય છે.

જુદી જુદી અપેક્ષાએ બધા ધર્મો આ વાકયમાં 'પણ' શબ્દથી પ્રગટ થાય છે. "દાન પણ ધર્મ છે" એમ કહેવામાં ભલે 'તપ' વિશે ન બોલેલ હોય, પણ એમ કહી શકાય ખરું કે "તપ પણ ધર્મ છે, શીલ પણ ધર્મ છે." આ બધો અહીં સ્વીકાર છે. અહીં ખુલ્લો સ્વીકાર છે અને તે છે સ્યાદ્વાદ.

જ્યાં માત્ર ઉપેક્ષા છે; તે છે નય.

જ્યાં બીજા પ્રત્યે ધિક્કાર છે; તે છે દુર્નય.

જ્યાં બીજાનો ખુલ્લો સ્વીકાર છે; તે છે સ્યાદ્વાદ.

(૧) પહેલું વાકય, "દાન જ ધર્મ છે" તેમાં બીજા પ્રત્યે ધિક્કાર છે તેથી તે દુર્નય કહેવાય છે.

(૨) બીજું વાકય "દાન ધર્મ છે" તેમાં બીજાની ઉપેક્ષા છે તેથી તે નય કહેવાય છે,

(૩) ત્રીજું વાકય-'દાન પણ ધર્મ છે' તેમાં બીજાનો ખુલ્લો સ્વીકાર છે, તેથી તે સ્યાદ્વાદ કહેવાય છે. તેને પ્રમાણવાકય કહેવાય છે.

(૩) આ ઘોડો પણ છે.

આ વાકયમાં 'પણ' પદથી તે પશુ છે વગેરે સત્યોનો સ્વીકાર કરવામાં આવે છે.

ઉ. પશુ છે તે કબુલ પણ અત્યારે અમને તે ઘોડો છે એટલો જ નિસ્બત છે.

(૧) "આ ઘોડો જ છે" (દુર્નય)

શંકા-શું તે પશુ નથી?

ના....આ ઘોડો જ છે.

(૨) "આ ઘોડો છે."

શંકા-શું તે પશુ નથી?

આ કાકા છે-તો ભત્રીજો નથી? છે.

શું કાકા કોઈના મામા નથી? છે. તો કોઈના બાપા નથી? છે. તો તે એક વ્યક્તિ કાકા છે, મામા છે. ભત્રીજો છે, બાપા છે, સાહેબ છે, દર્દી છે, ડોકટર છે. આ બધા ધર્મો એક જ વ્યક્તિમાં સમાયેલા છે.

પણ તમે એમ કહો. "આ કાકા જ છે." તો તે દુર્નય છે. "કાકા છે" એમ કહો તો તે બરાબર છે. કારણ કે ભત્રીજાની અપેક્ષાએ કાકા છે–તમે કહો કે શું મામા નથી કહેવાતા ?

જરૂર તે મામા કહેવાય છે પણ તેના ભાણેજની અપેક્ષાએ.

માટે "આ કાકા છે" તે વાક્ય નય છે.

"કાકા પણ છે" તે વાક્ય સ્યાદ્વાદ છે. એટલે કાકા પણ છે અને મામા પણ છે. પતિ છે અને દર્દીની અપેક્ષાએ ડોક્ટર પણ છે.

ભત્રીજાની અપેક્ષાએ તે "કાકા" રહે.

પણ ભત્રીજાની અપેક્ષાએ જે 'કાકા' હોય તે ભત્રીજાની જ અપેક્ષાએ "મામા" ન બની શકે.

એક જ અપેક્ષાએ બે વિરોધી ધર્મ એક ઠેકાણે ન રહે. વ્યવહારના વાક્યો નયવાક્ય જ હોય.

"આ મારા કાકા છે." આમ સ્યાદ્વાદથી ન બોલાય. શાસ્ત્રનાં વાક્યો પણ નયવાક્યો છે. તે બધાંય સ્યાત્ (અપેક્ષાએ) જ સમજવાનાં હોય છે. બધે 'સ્યાત્' લખાય નહીં પણ બધે સ્યાત્ સમજી જ લેવાનો હોય.

તમે જે રકમ તમારા ચોપડે જમા કરો છો, તે જ રકમને બીજો તેના ચોપડે ઉધાર કરે છે. જમા અને ઉધાર છે તો તદ્દન વિરોધી વસ્તુ. જમા તે ઉધાર કેવી રીતે ?

સ્યાદ્વાદ સમજવા માટે આ ખૂબ સહેલું દૃષ્ટાંત છે. "તારે ચોપડે જે ઉધાર, તે મારે ચોપડે જમા." જમા હોય તે ઉધાર કેવી રીતે હોઈ શકે ?

એ જ ૫૦૦ રૂપિયા જમા અને તે જ ૫૦૦ રૂપિયા ઉધાર ! એક જ રકમમાં જમા અને ઉધાર ! જે મારા રૂપિયા તારે ત્યાં જમા છે અપેક્ષાએ તે જ રૂપિયા ઉધાર છે.

એક જ રકમ જમા અને ઉધાર બની. બંને વિરોધી તત્ત્વો છે. અની અપેક્ષાએ જે પાંચસો રૂપિયા જમા થયા તે જ પાંચસો રૂપિયા બની અપેક્ષાએ ઉધાર બન્યા છે. એકની અપેક્ષાએ ઉધાર તે જ બીજાની અપેક્ષાએ ઉધાર છે.

આમ સમજી શકાય છે કે, "જુદી જુદી અપેક્ષાએ વિરોધી ધર્મો એક જ જગ્યાએ રહી શકે."

એક વધુ ઉદાહરણ—

નાનકડા બચુડાની દૃષ્ટિએ તે માસ્તર એક વિદ્વાન છે, પણ સ્કૂલ માસ્તરની અપેક્ષાએ તો તે માસ્તર અભણ જ છે.

આમઠી છોકરો જેને 'સાહેબ, સાહેબ' કહે તે જ સાહેબ પ્રિન્સિપાલની અપેક્ષાએ તો એક સામાન્ય શિક્ષક જ છે. અને વિદ્યાપીઠના ડીનની અપેક્ષાએ પ્રિન્સિપાલ પણ ઓછા શિક્ષિત ગણાય. તે ડીન પણ કુલપતિની અપેક્ષાએ ઓછા વિદ્વાન ગણાય. આમ એક જ વ્યક્તિ એક અપેક્ષાએ અભણ છે, તથા બીજી અપેક્ષાએ વિદ્વાન છે.

જુદી જુદી રીતે વિચાર કરવામાં આવે તો એક જ

વસ્તુ જોઈને જુદી જુદી વ્યક્તિઓને જુદા જુદા વિચારો આવે છે.

એક રૂપવતી સ્ત્રીનું મડદું ત્રણ વ્યક્તિઓએ જોયું. તે મડદું યોગીએ જોયું સોનીએ જોયું. અને યુવાને જોયું. ત્રણે જુદી જુદી કક્ષાની વ્યક્તિઓ હતી.

મડદાને જોઈને યોગીને થયું–અહાહા! શું રૂપ છે આનું? અને છતાંય તેનું મૃત્યુ થયું! આમ વિચારતાં તેને સંસાર ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થયો.

તે મડદાને જોઈને સોનીને વિચાર આવ્યો. "આટલાં બધાં ઘરેણાં આની ઉપર છે? બધાં કાઢીને લઈ લઉં તો કેવી મજા આવે?"

તેને જોઈને યુવાનને થયું, "આવી સુંદર યુવતી?" આમ યુવાનની દૃષ્ટિ તેના રૂપ તરફ ગઈ. યોગીની દૃષ્ટિ સંસારની અસારતા તરફ ગઈ, સોનીની દૃષ્ટિ તેનાં ઘરેણાં તરફ ગઈ.

સ્યાદ્વાદ વસ્તુના અનંત ધર્મોને જુએ છે. તે વિચારવાની તક આપે છે. રાગ ઉત્પન્ન કરનારો એ જ પદાર્થ angle આપવાથી વૈરાગ્ય ઉત્પન્ન કરનારો પદાર્થ બની જાય છે. સંસારને જોવાનો angle બદલો તો સંસારમાંથી જ પ્રચંડ વૈરાગ્ય પ્રાપ્ત થઈ જશે.

હવે એક ખૂબ ધ્યાનમાં રાખવા જેવી વાત તમને જણાવું. અપેક્ષા ન લાગે ત્યાં સુધી નિરપેક્ષવાક્ય તે અનેકાંતવાદ જ બની જાય.

'આ સ્ત્રી પત્ની છે.' એ નિરપેક્ષ વાક્ય હોવાથી તેને અનેકાન્તવાદ લગાડીને કહી શકાય કે આ સ્ત્રી તારી પત્ની છે; પણ મારી બેન છે.

હવે 'આ સ્ત્રી મારી પત્ની છે' આવું વાક્ય 'મારી' અપેક્ષાપૂર્વકનું લીધું. અહીં અપેક્ષા જોડાઈ ગઈ એટલે આ વાક્યને અનેકાન્તવાદ લગાડી ન શકાય. અર્થાત્ અનેકાન્ત લગાડીને હવે એમ ન બોલાય કે, "આ સ્ત્રી મારી પત્ની છે; તારી પણ પત્ની છે."

"આ સ્ત્રી મારી પત્ની છે" એટલે "આ સ્ત્રી મારી જ પત્ની છે." આમાં 'પણ' ન ચાલે. બધી અપેક્ષાએ એ સ્ત્રી 'મારી જ' છે. ટૂંકમાં નિરપેક્ષ વાક્યમાં સ્યાદ્વાદ છે, સાપેક્ષ વાક્યમાં સ્યાદ્વાદ નથી.

પ્ર. શું નય વાક્યમાં 'જ' લગાડી શકાય ?

ઉ. "હા, લગાડી શકાય." 'જ' લગાડવામાં પોતાની વાતને પુષ્ટ કરવાનો હેતુ પણ હોઈ શકે છે. તેમાં બીજાના ધિક્કારનો ભાવ ન હોવો જોઈએ. "નય વાક્યમાં" 'જ' હોય તો તેમાં પુષ્ટિનો અર્થ સમજવો. દુર્નય વાક્યમાં 'જ' હોય તો તેમાં ધિક્કારનો અર્થ સમજવો.

દુર્નયમાં બીજા પ્રત્યે ધિક્કાર છે, 'નય' માં માત્ર ઉપેક્ષા છે.

જગતના એક મહાન ગણાતા વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને સ્યાદ્વાદ વિશે થોડુંક ચિંતન કર્યું છે. તેણે

પોતાનો સિદ્ધાંત દુનિયા સમક્ષ મૂકયો છે. અને સપેક્ષાવાદ ઉપર લગભગ પચ્ચીસહજાર પુસ્તકો લખાયાં છે.

આ સાપેક્ષવાદ મુખ્યત્વે ભૌગોલિક દુનિયાના વર્તુલમાં વ્યાપેલા છે. ગ્રહો, નક્ષત્રો, પૃથ્વી તેની ગતિ વગેરેનો સંબંધ અહીં સમજાવ્યો છે. આપણો સ્યાદ્વાદ સામાજિક વગેરે તમામ વ્યવહાર સાથે સંકળાયેલ છે. આ રીતે સાપેક્ષવાદ અને સ્યાદ્વાદ વચ્ચે થોડો ફેર છે.

## આઈન્સ્ટાઈનની સાપેક્ષવાદની સમજણ

એક વાર આઈન્સ્ટાઈનને પૂછવામાં આવ્યું કે, "તમારો સિદ્ધાંત તદ્દન નાનકડા ટૂચકામાં સમજાવો."

આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું, "જુઓ, ટૂચકામાં સમજાવું. ધારો કે એક સ્ત્રી પોતાના પ્રિયતમ સાથે એક કલાક પ્રેમથી વાત કરે છે, તે તેને તે એક કલાક એક મિનિટ જેવો લાગે છે.

જ્યારે બીજી એક સ્ત્રી રસોઈ કરે છે. અંગારા પાસે બેઠી છે. ભઠ્ઠીની આગ સખત છે. ઉનાળો છે, બપોર છે. સ્ત્રીને એક મિનિટ પણ એક કલાક જેવડી લાગે છે."

પ્રેમિકાને એક કલાક તે એક મિનિટ લાગે છે.

રસોઈ કરનાર સ્ત્રીને એક મિનિટ તે એક કલાક લાગે છે. તમને વ્યાખ્યાનનો એક કલાક પાંચ મિનિટ લાગે છે અને નિરસ નોકરીની પાંચ મિનિટ એક કલાક જેવડી લાગે છે.

પ્રેમની અપેક્ષાએ એક કલાક બરાબર એક મિનિટ લાગે છે.

કંદાળાની અપેક્ષાએ એક મિનિટ બરાબર ૧ કલાક લાગે છે.

એકની અપેક્ષાએ ૧ કલાક બરાબર ૧ મિનિટ થાય આનું જ નામ સાપેક્ષવાદ.

## પ્રો મેકસવોર્નની સાપેક્ષવાદની સમજણ

પ્રો. મેકસવોર્ને આ સાપેક્ષવાદ બીજી રીતે સમજાવ્યો છે. તેમણે એક દૃષ્ટાંત આપ્યું છે.

બે મિત્રો હતા. રસ્તામાં ચાલ્યા જતા હતા. રસ્તામાં એક હોટેલ આવી. એક મિત્રે કહ્યું. "ચાલ, આપણે આ હોટલમાં દૂધ પીએ." બીજા ब મિત્રને દૂધ શું હશે? તેની ખબર ન હતી, તેથી તેણે પૂછ્યું,

"દૂધ તે શું છે?"

अ અરે દૂધને તું જાણતો નથી? ધોળું ધોળું તે દૂધ.

ब ધોળું ધોળું એટલે શું?

अ તેં બતક જોયું નથી? તેના જેવું ધોળું ધોળું. બતક જેવું તે ધોળું અને ધોળું તે દૂધ.

ब બતક કોને કહેવાય?

अ જેની ડોકને મરોડ હોય તે બતક.

મરોડવાળું બતક, બતક જેવું ધોળું, ધોળા જેવું દૂધ.

ब મરોડ એટલે શું

अ (હથેલી વાંકી કરી બતાવીને કહ્યું) જો આનું નામ મરોડ. આવો વળાંક તે મરોડ, મરોડવાળી ડોક હોય તે બતક.

બતક જેવું ધોળું ધોળું તે દૂધ. ચાલ, તેવું દૂધ પીએ. હાથના વળાંકવાળી આકૃતિની અપેક્ષાએ ડોક, ડોકની અપેક્ષાએ બતક, બતકની અપેક્ષાએ ધોળું, ધોળાની અપેક્ષાએ દૂધ, દૂધવાળી હોટેલ.

આ બધી અપેક્ષાઓ છે.

આ ચોથી આંગળી મોટી છે કે નાની?

આ વચલી આંગળીની અપેક્ષાએ તે નાની છે અને

આ ટચલી આંગળીની અપેક્ષાએ તે મોટી છે.

જ્યાં સુધી કોઈ પણ અપેક્ષા ન લગાડો ત્યાં સુધી તે આંગળી નાની પણ છે અને મોટી પણ છે.

## સ્યાદ્વાદમાં એકાન્તવાદ

અપેક્ષામાં "પણ" લગાડાય, પણ "જ" ન લગાડાય.

નિરપેક્ષ વાકયમાં તો 'પણ' બોલવું પડે. તેમાં અપેક્ષા આવી જતી આ આંગળી ટચલી આંગળીની અપેક્ષાએ મોટી જ છે. અપેક્ષા જોડી દીધા બાદ હવે એમ ના બોલાય કે "આ આંગળી મોટી પણ છે."

"આ આંગળી ટચલી આંગળીની અપેક્ષાએ મોટી જ છે." તે નિશ્ચિત છે.

"આ માણુસ ભત્રીજો પણ છે." અહીં અપેક્ષા લગાડી નથી.

પણ "આ માણુસ કાકાની અપેક્ષાએ ભત્રીજો જ છે." આમાં અપેક્ષા લગાડી છે.

સ્યાદ્વાદમાં એકાંતવાદ છે તે આનું નામ. આથી જ આ અનેકાન્તવાદ પણ એકાંતે નથી એમ જે કહ્યું છે તે તદ્દન સાચું છે.

સ્યાદ્વાદમાં "પણ" લગાડયે જવાનું, એમ નહીં.

'મારી જ પત્ની' કહીએ એટલે પછી બીજું કાંઇ ન કહેવાય. મારી જે પત્ની તે બીજાની પણ પત્ની એવું કદી ન કહેવાય. મારી જે પત્ની તે એકાંતે મારી જ પત્ની કહેવાય.

જ્યાં વાકય નિરપેક્ષ છે ત્યાં સ્યાદ્વાદ સમજવો.

જ્યાં વાકય સાપેક્ષ છે ત્યાં એકાંતવાદ સમજવો. અપેક્ષા લગાડયા પછી એમ કહો કે 'કાકા પણ ખરા અને મામા પણ ખરા' તો તે નહિ, નહિ, નહિ જ ચાલે.

નિરપેક્ષ વાકયમાં "પણ" હોય, અને "જ" લગાડતાં તે સાપેક્ષ થઈ જાય.

સ્યાદ્વાદ સાપેક્ષ બન્યા પછી એકાંત વાદ બની જાય છે. "હું આ માણસને ભત્રીજો કહું છું." હવે તે માણસ ફૂઆ હોય, મામા પણ હોય. આમ કહેનાર વ્યકિત સાચી હોઈ શકે. વાકય નિરપેક્ષ હોય ત્યાં સુધી જ તેમ સમજવાનું. પણ કાકાની અપેક્ષાએ તો તે માણસ ભત્રીજો જ છે, પછી તે ભાણેજ નહિ. મામાની અપેક્ષાએ તે ભાણિયો જ. તેમાં કાંઈ ફેરફાર નહિ. આ છે એકાંતવાદ. હજુ વિસ્તારથી આ વાત સમજીએ.

૧. પુરુષ લગ્ન કરી શકે.

૨. પુરુષ લગ્ન પણ કરી શકે (એટલે વાંઢો પણ રહી શકે)

૩. સાધુપુરુષ લગ્ન ન જ કરી શકે.

(અહીં સાધુજીવનની અપેક્ષા છે. તે લગ્ન ન જ કરી શકે. આ "જ"કાર વાતને નિશ્ચિત કરે છે.

"સાધુ લગ્ન કરી પણ શકે અને ન પણ કરી શકે." આમ ન બોલાય.

'પુરુષ' શબ્દ સાથે 'સાધુ' શબ્દ લગાડયો છે. તો સાધુ પુરુષનીનો અપેક્ષાએનો લગ્ન ન જ કરાય.

પુરુષ લગ્ન કરી શકે 'અર્થાત્ ન પણ કરી શકે. કિન્તુ સાધુની અપેક્ષા લગાડ્યા પછી જકાર સાથે બોલવું પડે કે, સાધુપુરુષ તો લગ્ન ન જ કરી શકે.

આ પ્રમાણે સ્યાદ્વાદમાં એકાંતવાદ આવી જાય છે.

## સમાધિપ્રદ સ્યાદ્વાદ

સ્યાદ્વાદ આપે છે સમાધિ.

જેમ સિગ્નલ આપો કે આગગાડી ચાલે, તેમ angle આપો તો તમારી જીવનગાડી ચાલવા લાગે.

જીવનમાં જ્યાં અટકો, જ્યાં મુંઝાવ ત્યાં angle આપો. angle આપેલો સ્યાદ્વાદ સમાધિ આપે છે.

સમાધિ વગર ધર્મ નથી "ચિત્ત પ્રસન્ને રે પૂજન-ફળ કહ્યું." ચિત્તપ્રસન્નતામાં સમાધિ છે. ચિત્તપ્રસન્નતા કે સમાધિ angle આપ્યા વગર મળતી નથી.

કેટલાકને લાગે છે કે "છોકરો પ્રતિકૂળ છે, સ્ત્રી પ્રતિકૂળ છે, ધંધો પ્રતિકૂળ છે, સગાં-સ્વજનો પ્રતિકૂળ છે. આ ન થયું તે ન થયું. વગેરે" તો શું બધા જ પ્રતિકૂળ છે! બધા બદલાઈ ના જાય! આપણને અનુકૂળ ન થાય?

અરે ભલા! બધાને બદલાવાનું કહે છે તેના કરતાં એક તું જ બદલાઈ જા. તારો જ angle જરા બદલી નાખ. પછી જો, તને બધા અનુકૂળ જણાશે. આપણે ત્યાં એક કહેવત છે. "ગામ ફેરવવા કરતાં ગાડું ફેરવવું." ગાડાવાળાને ઉત્તરમાં જવાનું હોય અને દક્ષિણ દિશા આવી જાય તો શું આખા ગામને ફેરવવું! ગામ નથી ફરતું, ગાડાને જ ફેરવવું પડે. આપણને બધે પ્રતિકૂળતા જણાતી હોય તો બધાને બદલવાનું કહેવાને બદલે આપણે બદલાવું જોઈએ. આ દુનિયાના લોકોનો વિચાર ના કરો. આખી દુનિયાના લોકો ફરતા નથી. આપણી બધી અપેક્ષા પૂરી થતી નથી. આમ કેમ? સાનુકૂળ અપેક્ષાએ કામ કરતાં શીખો. ગાડું ફેરવાય, પણ ગામ ન ફેરવાય. નહિતર કષાયોના ઝંઝાવાત જાગી પડે.

તમને જ્યાં ત્યાં ઘરમાં કે દુકાનમાં અવ્યવસ્થા લાગતી હોય તો તે પ્રત્યે અણગમો ન દર્શાવો. સ્ત્રીની ગૃહવ્યવસ્થા ગમતી ન તેથી ડગલે ને પગલે ક્રોધ ઠાલવતા રહેશો તો કોઈ દિ પાગલ થઈ જશો. એવા ઝઘડા કરવાને બદલે તમારો angle બદલો, એ વિષમ સ્થિતિને તમે જ પચાવી લો.

તમે શિસ્તમાં ચુસ્ત હો અને તમને લાગે કે 'આ અવ્યવસ્થા છે. આ અશિસ્ત છે. આ બધુ કેટલું વિચિત્ર છે. આવું તો ન જ ચાલે.'' તો સારો રસ્તો તો એ છે, કે તે પર હસી કાઢવું. તમારે જોવાનો, સાંભળવાનો angle બદલી નાખવો. આ પ્રમાણે થશે તો તે અવ્યવસ્થામાં તમને વ્યવસ્થા જણાશે, angle બદલીને જ રહેવાનું. નહીંતર રોજ કજીયા, ઝઘડા ચાલ્યા કરશે.

રાખ : અંગારાનું દૃષ્ટાન્ત :

એક વખત એક ફકીર અને અને તેનો શિષ્ય રસ્તા પરથી પસાર થતા હતા. ત્યારે ઉપરના મજલેથી કોઈ બાઈએ ગુરુના માથા ઉપર રાખ નાખી. આ જોઈને શિષ્યનું માથું ફરી ગયું. તે અકળાયો. તેને થયું, "આ ઘરની અંદર જઈને પેલી રાખ રાખનાર વ્યક્તિને ધધડાવી નાખું. તે સમજે છે શું તેના મનમાં?"

શિષ્ય ઉપર જઈને રાખ નાખનારનો ઉધડો લઈ નાંખે તો લોકો પણ તેના પક્ષમાં જ ઊભા રહે. કેમકે તે બાઈએ રાખ નાંખી હતી તે વાત સાચી જ હતી. શિષ્યે પોતાના ગુરુ પાસે રાખ નાખનારને ધધડાવવા માટે રજા માંગી, પણ ફકીરે સ્પષ્ટ ના પાડી. ફકીરે કહ્યું. "ગાંડા, તને ભાન છે કાંઈ! આ તો ખુદાતાલાની મહેર સમજવી! આપણાં પાપ તો એટલાં બધાં છે કે શરીર પર સાક્ષાત ગરમાગરમ અંગારા પડવા જોઈએ. આ તો ઠંડી રાખ જ પડી! કેટલી ખુદાતાલાની મહેરબાની!"

ફકીરે angle બદલી નાંખ્યો. જે રાખ પડવાના કારણે શિષ્ય ગુસ્સે થયો હતો તેમાં ફકીરને કશું જ ન થયું.

"રાખ કેમ પડી? અંગારા કેમ ન પડ્યા?" આ ફકીરનો પ્રશ્ન હતો. ફકીર અને શિષ્ય બંને સાચા હતા. તો હવે કયું સત્ય સ્વીકારવું? એનો ઉત્તર એ છે કે જે સત્યથી મનને શાંતિ રહે તે સત્ય સ્વીકારવું.

"અંગારા નથી પડ્યા" તે nagative approach છે. "રાખ પડી" તે pssitive approach છે. તમે કહેશો કે "તો શું સત્ય ખાતર ન લડવું?" ના, ન લડવું. જ્યાં આત્મા જ આખો બહાર નીકળી જતો હોય ત્યાં સત્ય પણ અસત્ય બની જાય છે. આત્માનો અસમાધિમાં, પરભાવમાં પ્રવેશ એ જ મહા અસત્ય બની જાય છે. જે સત્યથી સમાધિ મળે તે સત્ય સ્વીકારવું. જે સત્યથી સ્વ-પરને અનુબંધમાં સમાધિ મળતી હોય તો તેના માટે જરૂર લડવું.

શાસનની રક્ષા કરવા માટે હૈયાથી ક્રોધ કરતા હોઈએ. શ્રીમંતો પ્રત્યે ધિક્કાર વરસાવતા હોઈએ. બીજાને ગાળાગાળી ને હલકાઈ કરતા હોઈએ, બીજાને હલકા, ખરાબ ચીતરતા હોઈએ—તો આ સત્ય, સત્ય હોય તો ય તે અસત્ય છે.

સત્ય ખાતર આત્મા ઉદ્વેગ પામતો હોય, ચારિત્ર ખંડન થતું હોય. મહા કષાયોમાં હોમાઈ જવાનું હોય તો તે સત્ય પણ મહા અસત્ય છે. તે છોડી દેવું જોઈએ.

પોતાનો આત્મા કષાયોથી ઘેરાઈ ગયો લાગે તો તે સત્ય છોડી દેવું.

ફકીરના માથે 'રાખ પડી'–તે સત્ય વાત છે, છતાં તે સત્ય વાત છોડી દેવી.

"અંગારા તો ન પડયા" આ પણ સત્ય વાકય છે. તે મનમાં શાંતિ ઉત્પન્ન કરે છે, સમાધિ ઉત્પન્ન કરે છે તો તે સત્ય જ સ્વીકારવું.

એ ય સત્ય છે. કયું સત્ય પકડવું? જેનાથી ચિત્ત સમાધિ જળવાઈ રહેલી હોય તે.

સ્યાદ્વાદ શું કામ કરે છે? જ્યાં તીવ્ર સંકલેશ થાય તે વિચારને બાજુએ મુકાવીને જ્યાં મનને સમાધિ આપે તેવો વિચાર શોધી આપીને શાંતિ આપવાનું કામ સ્યાદ્વાદ કરે છે. આપણે વિચારમાં પરિપકવ હોઈએ તો સત્ય ખાતર લડતાં ય સમાધિ થાય, પણ અપરિપકવ હોઈએ તો અશાંતિ થાય. તેવી સ્થિતિમાં લડવાનું કામ આપણું નહીં.

સમાધિ હૃદયની છે. મા પોતાના દીકરાને ચાર તમાચા મારે કે ગુરૂ પોતાના શિષ્યને લગાવે તો તે વખતે અંદર કષાય નથી. ગુરુને કે માતાને હૃદયમાં શિષ્ય પ્રત્યે કે દીકરા પ્રત્યે ક્રોધ નથી હોતો. બહારનો દેખાવ જ ફૂંફાડા મારવાનો કરે છે, થોડા વખત પછી માતા જ તે બાળકને ગળે લેશે. ગુરૂ શિષ્યને પ્રેમથી બોલાવશે.

પ્રશ્ન : કોઈ બે લાફા મારે તો બેસી રહેવું કે બે લાફા સામા પણ મારવા?

ઉત્તર :-સમાધિસ્થ રહીને બીજો ગાલ ધરવો. કાલક-સૂરિજીએ વખત આવે યુદ્ધ પણ કર્યું છે કેમકે યુદ્ધ લડવા છતાં મનથી તેઓ સમાધિસ્થ હતા.

આ પ્રમાણે સંયમની રક્ષા માટે, સંસ્કૃતિની રક્ષા માટે પુરુષાર્થ પ્રયત્ન થયા છે, પણ તે વખતે ગીતાર્થોએ મનની શાંતિ ગુમાવી નથી. અવગુણીના દોષ દેખીને અવગુણ ઉપર દ્વેષ કરી શકાય પણ અવગુણી પર દ્વેષ થતાં વાર લાગતી નથી. લુચ્ચાઇ ઉપર દ્વેષ થવાને બદલે લુચ્ચા ઉપર દ્વેષ થાય તે ન જ ચાલી શકે. અવગુણ ઉપર દ્વેષ થાય પણ જો ત્યાંથી આગળ વધીને અવગુણી ઉપર દ્વેષ થઈ જાય તો તે અસમાધિ કહેવાય.

દીકરો મારકીટમાંથી કેરી લાવ્યો. તેમાં અડધી સારી અને અડધી બગડેલી નીકળે તો !

અડધી કેરી બગડેલી નીકળી છે તે સાચી વાત છે, અડધી કેરી સારી નીકળી છે તે વાત પણ સાચી છે. 'બગડેલીનો' વિચાર આવે તો પુત્રને મારવાની વૃત્તિ જાગે. 'સારીનો' વિચાર આવે તો પ્રશંસવાની વૃત્તિ જાગે. એ બેમાંથી કઈ દૃષ્ટિ સારી ? કયું સત્ય સ્વીકારવું ? તમે બગડેલીનો વિચાર કરો તો કહેશો કે "ભાન નથી કાંઈ! આવી બગડેલી કેરી લઈ આવ્યો !" તમે જો અડધી સારી કેરીનો વિચાર કરશો તો, "શાબાશ ! અડધી તો સારી લાવ્યો જ છે. દીકરો પહેલી વાર શાક મારકીટમાં ગયો છે તે છતાંય અડધી કેરી તે સારી જ લઈ આવ્યો છે. પચાસ ટકા કેરી સારી છે માટે

પહેલી જ વારમાં સોમાંથી પચાસ માર્કસ મેળવે છે. આજે અડધી સારી લાવ્યો છે તો આવતી કાલ આવી સારી જ લાવશે.” આ છે possitive approach. આમાં બાળઉછેરનાં બીજ પડેલાં છે. ઘણું ખરૂં વડીલોના સ્વભાવે બાળકો બગડે છે. વડીલોનો યોગ્ય possitive approach ના હોવાના કારણે બાળકો બગડી જાય છે. ઘરમાં જ્યાં ત્યાં ઠપકો, ધિક્કાર, માર, કજીયા, ઝગડા હોય ત્યાં સંતાનો બગડે જ. બેશક તેમની પણ ભૂલ હોઈ શકે, પણ તેથી તેમની ઉપર ધિક્કાર ન ઠલવાય, તેને એકદમ હડધૂત ન થાય. તેને ખરાબ રીતે તિરસ્કારી ના શકાય. જે બાળકને મા–બાપનો પ્રેમ નથી મળતો, જેને માતૃવાત્સલ્ય કે પિતૃપ્રેમ પ્રાપ્ત નહીં થાય તે બાળક બહાર પ્રેમ શોધશે અને મોટો થતાં કોઈ સ્ત્રીના પ્રેમમાં પડી જશે કે વ્યસનોથી ધિક્કારનાં દુઃખો વિસરવાનો પ્રયત્ન કરશે. જો ઉચિત રીતે વડીલો સ્નેહ નહીં આપે તો તે સીનેમા તરફ વળશે. તે પડદા પરનાં સ્ત્રી પુરૂષોના પ્રેમને મેળવશે. છોકરા–છોકરીઓ કોલેજમાં જ્યાં ત્યાં એક–બીજાનો સંપર્ક સાધે છે. તેના અંતરમાં પ્રેમની ભૂખ પડેલી છે. તેને કોઈની હૂંફ જોઈએ છે. તે જો ઘરમાં પૂરી નહીં થાય તો ગમે ત્યાંથી મેળવવા તે ફાંફા મારશે. બાળક તો નાદાન છે, પણ તમે શા માટે નાદાન થાવ છો? આજે મોટા થઈને વ્યવસ્થા રાખતાં શીખ્યા એટલે તેવી જ અપેક્ષા બાળક પાસે શી રીતે રાખી શકાય! તમારું બાળપણ યાદ કરો. બાળકને મારવાને બદલે સ્યાદ્‌વાદનો approach આપ્યો હોત તો બાળકના મનમાં તમારા પ્રત્યે અણગમો,

કે ધિક્કાર પેદા ન થયા હોત. સ્યાદ્વાદના approachથી બાળકને સમજાવાય, સમજાવી પટાવીને કામ કર્યું હોય તો કેવું સુંદર પરિણામ આવે! "અડધી કેરી ખરાબ નીકળી માટે તેને લાફો મારીશ" એમ કહેવાને બદલી "અડધી સારી નીકળી કેવું સરસ!" એમ કહીને તેનો વાંસો થાબડ્યો હોય, તેને પપાળ્યો હોય તો કેવું સુંદર પરિણામ આવે!

સ્યાદ્વાદથી બાળકનું જીવન સુંદર બને છે.

ગુલાબ સાથે કાંટા છે. તે જોઈને કોઈ કહે "ગુલાબને કાંટા?' આમાં નિરાશાનો સૂર છે અને તે નિરાશા અંતરને કોચી ખાય છે. નિરાશાના સંસ્કારથી નિરુત્સાહી બનાય છે. જેમાંથી નિરાશા પ્રગટે તેવો angle શા માટે લગાડાય છે? શું સ્યાદ્વાદનો બીજો angle નથી મળતો? એમ પણ કહેવાય ને કે કુદરતે કેવી કમાલ કરી છે કે કાંટામાં પણ ગુલાબ ઉગાડ્યાં છે? તમામ જગ્યાએ ભલે કાંટા હોય પણ આ જગ્યાએ સુંદર ગુલાબ છે. કુદરતે ચારે બાજુ કાંટા પાથર્યા તેને બદલે અહીં ગુલાબ ઊગ્યું છે. અદ્ભુત રચના છે કુદરતની. ધર્માત્મા અને પુણ્યાત્માના પુણ્યપ્રભાવે કાંટામાંયે ગુલાબ ઉગ્યું છે. સ્યાદ્વાદ લગાડો તો ઘેરી નિરાશા પણ આનંદમાં પલટાઈ જાય છે.

એક ભાઈનો પગાર રૂ. ૧૫૦ છે. દર મહિને રૂ. ૩૦ ખૂટે છે. તે ઊંચે જુએ છે અને બોલે છે કે આ ભાઈને કેટલો બધો પગાર! તેને રૂ. ૫૦૦ ને મને ૧૫૦! આમ ઊંચે અને ઊંચે જુવે અને બોલ્યા કરે કે મારે રૂ. ૩૦ ખૂટે છે.

આમાં ને આમાં સાવ તૂટી જાય છે. ઊંચે જોવાને બદલે નીચે જુવે તો તેને જ વિચાર આવશે કે પોતાના કરતાં આ ઝૂંપડાંવાળા કેટલું ઓછું કમાય છે! પોતાને પગાર તો મળે છે! આમને તો તે પણ મળતો નથી! ક્રોડો ઝૂંપડપટ્ટીવાળા માથાદીઠ રોજના આઠ આના માંડ કમાય છે. તો તેઓ શું ખાતા હશે? આમ નીચેની અપેક્ષાએ મારો પગાર રૂ. ૧૫૦ પણ ઘણો છે. હવે કાંઈ વાંધો નહીં. ખર્ચાને પહોંચી વળીશ.'' મનને સમજાવો કે તને તો રૂ. ૧૫૦ મળે છે. આ ગરીબોને તો રૂ. ૫૦ પણ નથી મળતા. શું વાત જુઠી છે? તો હે મન તું ઉપર શા માટે જુવે છે! તેમ કરીને શા માટે તું તૂટી જાય છે! તેમ કરતાં તો નીચે જો ને! નીચે જોવાથી તારાથી ઊભા રહેવાશે. ઉપર જોવાથી તો ખલાસ થઇ જવાશે. માથું દુ:ખતું હોય ત્યારે જેને ટ્યુમર થયું હોય તેને યાદ કરો. ટ્યુમરના ભયંકર દુઃખાવાની અપેક્ષાએ માથાનો દુઃખાવો કાંઈ જ નથી. પગ દુઃખતો હોય ત્યારે જેને ફ્રેકચર થયું હોય અને પગમાં લાંબો સળીઓ નાંખ્યો હોય તેને યાદ કરો. કેટલું ભયંકર કળતર તેને થતું હશે તે વિચારો તો એમ લાગશે કે મારા પગનો દુઃખાવો કાંઈ જ નથી.

સ્યાદ્‌વાદનો angle આપવાથી અનેક સત્યો હાથમાં આવે છે. ઊંચે જોવાથી 'હું કાંઈ નથી,' એવું સત્ય પણ પકડાય છે અને નીચે જોવાથી 'મારે કશી જ ચિંતા નથી' તેવું સત્ય પણ પકડાય છે. બન્ને સત્ય છે. ઉપર જોતાં 'શ્રીમંત સુખી છે' તે સાચું સત્ય છે. નીચે જોતાં 'હું સુખી છું'

તે પણ સાચું સત્ય છે. આ બે સત્યોમાં જેનાથી સમાધિ મળતી હોય તે જ સ્વીકારવું. તેને જ સાચું સત્ય સમજવું. કેટલાંક સત્યો ભ્રાંત પણ હોય છે. ભ્રાંત સત્યનાં ઉદાહરણ લઈએ.

### પહેલું ઉદાહરણ

એક માણસ ટેકરા ઉપર ઊભો છે, બીજો પર્વતના પહેલા હડા પર ઊભો છે. તો ઉપર ઊભેલ માણસને બીજો માણસ વહેંતિયો લાગે છે. ત્રીજો માણસ તળેટી ઉપર ઊભો છે. તેને બીજો માણસ સાડા પાંચ ફૂટનો લાગે છે. ઉપરથી જોનારને બીજો માણસ વહેંતિયો લાગે છે. નીચેથી જોનારને બીજો માણસ સાડા પાંચ ફૂટ ઊંચો લાગે છે. ઉપર ઊભા રહેનારને હડા ઉપરનો માણસ વહેંતિયો લાગે છે. તો આ બેમાંથી સાચો કોણ અને ખોટો કોણ? બંને સાચા છે. પણ બંનેમાં સત્ય નથી. ઉપરથી જે સત્ય દેખાય છે તે ભ્રાન્ત છે. ઉપર ઊભેલા બધાયને હડા ઉપર ઊભેલ બીજો માણસ વહેંતિયો જ લાગે છે. સો એ સો ટકા માણસોને તેવું જ લાગે છે, પણ તે સત્ય ભ્રાન્ત છે. ભ્રાન્તિ થાય છે કે તે દૂરતાને કારણે વહેંતિયો લાગે છે. હકીકતમાં તે વહેંતિયો નથી. તેથી તે ભ્રાંત સત્ય છે.

### બીજું ઉદાહરણ : ગાડીના પાટા.

પાટા દૂર દૂર કેવા લાગે છે? જાણે બંને મળી જતા ન હોય તેવું લાગે છે. પણ તે બન્ને પાટા મળી જાય છે ખરા? મળી જાય તો ગાડી ચાલી જ ન શકે. લેશ માત્ર

પણ વળેલ હોય કે બંને વચ્ચે અંતર ઓછું થયું હોય તો પણ ગાડી ન જઈ શકે તો આ ભેગા મળી જતા પાટાનું દર્શન તે ભ્રાંત દર્શન છે.

ત્રીજું ઉદાહરણ : દોડતી ગાડી.

ટ્રેન પૂરપાટ દોડી રહી છે. તેમાં તમો બેઠા છો તો બહારનાં ઝાડ કેવાં દોડતાં લાગે છે? ગાડી પૂર્વમાં જતી હશે તો તે ઝાડ, મકાન વગેરે પશ્ચિમ તરફ દોડી જતાં જણાશે શું આ સત્ય છે? ના, તે ભ્રાંત સત્ય છે કારણ કે આપણામાં જ ગતિ છે, ઝાડ તો સ્થિર છે.

ચોથું ઉદાહરણ : સૂર્યનું કદ

સૂર્ય કેવડો મોટો છે? પૃથ્વી જેવડો કે તેનાથી નાનો? અરે! આપણી પૃથ્વી જેવી ચાર ક્રોડ પૃથ્વીઓ એક જ સૂર્યમાં સમાઈ જાય તેમ વૈજ્ઞાનિક કહે છે. આટલો મોટો સૂર્ય આપણને કેવડો લાગે છે? થાળી જેટલો જ ને? તો શું આ સત્ય છે? ના. આ તો ભ્રાંત સત્ય છે. વિરાટ અંતરના કારણે આ ભ્રાંતિ ઉત્પન્ન થાય છે.

પાંચમું ઉદાહરણ : કપડું

ધોળું કપડું રાત્રે કેવું લાગે? ધોળું કે કાળું? ધોળું કપડું આખું ય રાત્રે કાળું લાગે. બધાને તેવું કાળું લાગે તો શું બધાય ખોટા? બધાને કાળા હોવાની ભ્રાંતિ થાય છે. આ છે ભ્રાંત સત્ય.

છઠ્ઠું ઉદાહરણ : રૂપિયાનો સિક્કો

નિકલનો રૂપિયો લો. આ રૂપિયો થાળી જેવો ગોળ

છે કે દડા જેવો ગોળ છે? થાળી જેવડો ગોળ છે. હવે તે નિકલના રૂપિયાને બે આંગળી વચ્ચે રાખી આંગળીથી એક ધક્કો લગાવો તો તે ગોળ ગોળ ફરે છે. તે જ્યારે ગોળ ગોળ ફરે છે ત્યારે તે જોરથી ઘૂમતો રૂપિયો દડા જેવો ગોળ લાગે છે, પણ હકીકતમાં તે થાળી જેવો ગોળ છે, છતાં ગતિના કારણે તે દડા જેવો ગોળ લાગે છે. આમ હકીકતમાં પૃથ્વી ગોળ છે, થાળી જેવી. પણ ગતિથી લાગે છે દડા જેવી. જો પૃથ્વીમાં ગતિ હોય (વસ્તુતઃ ગતિ નથી) તો પણ તે ગતિના કારણે દડા જેવી ગોળ દેખાય છે; વસ્તુતઃ તે થાળી જેવી ગોળ છે.

## સાતમું ઉદાહરણ : ૧૦૦ માઈલ, ૯૦૦ માઈલ

પાકિસ્તાન સાથે યુદ્ધ ચાલતું હતું ત્યારે 'જનસત્તા'માં છપાયું હતું કે "ભારતે ૧૦૦ માઈલ જમીન ગુમાવી છે." 'સંદેશ'માં છપાયું હતું કે "ભારતે ૯૦૦ માઈલ જમીન કબ્જે રાખી છે." તો આ બેમાંથી ખોટો કોણ? બંને સાચા. કેવી રીતે બંને સાચા છે? નવસો માઈલ કબજે રાખ્યા તે વાત સાચી છે, પણ તેથી લોકો તે વાંચીને શું સમજશે કે "અરે ૯૦૦ માઈલ તો હજુ કબજામાં છે ને?" લોકોને કેવો ઉત્સાહજનક વિચાર આવે છે? "ભારતે ૧૦૦ માઈલ ગુમાવ્યા" તે પણ સાચું વિધાન છે પણ આ સત્ય જુસ્સો તોડે છે. સો માઈલ ગુમાવ્યા? તો બીજાય કદાચ ગુમાવશે. અહીં નિરાશા છે.

**આઠમું ઉદાહરણ : વિહાર**

દસ માઈલનો વિહાર છે. તેમાં સાત માઈલ ચાલી ગયા. બાલમુનિ થાકી ગયા હોય તો અમે શું કહીએ? 'અરે! તમે તો ૭ માઈલ ચાલી નાખ્યા' આથી તેમનામાં ઉત્સાહ આવશે અને બાકીના માઈલ ઝડપથી ચાલી જશે. આને બદલે અમે એમ કહીએ કે "હજુ ત્રણ માઈલ બાકી છે." તેઓ તરત કહેશે કે "અરે! હજુ ત્રણ માઈલ બાકી છે? અમને ખૂબ જ થાક લાગ્યો છે." ચાલવાની શકિત તો મુનિમાં પડી જ છે પણ "સાત માઈલ ચાલી નાખ્યું." કહેવાથી ઉત્સાહ આવે છે. "ત્રણ માઈલ હજુ બાકી છે" કહેવાથી નિરાશા જન્મે છે. જેથી ઉત્સાહ જાગે, પ્રેરણા મળે તેવા angle આપો એટલે તમારી ગાડી ચાલવા લાગે. ગાડીને શોભાવી દે તેવા angle પણ મળશે પરંતુ તે angle શા કામના?

**નવમું ઉદાહરણ : ક્ષમા**

તુકારામે તથા સોક્રેટીસે કેવો angle આપ્યો હતો? બંનેની પત્ની કજીયાખોર.

એક વખત તુકારામ શેરડીના કેટલાક સાંઠા લાવતા હતા ત્યારે રસ્તામાં ગરીબોને તે વહેંચી દીધા. ફક્ત એક જ સાંઠો બાકી રહ્યો. તુકારામ ઘરે આવ્યા. તેમની પાસે એક જ સાંઠો જોઈને સ્ત્રીનું મગજ ફર્યું. મારા પિયરમાંથી ફક્ત એક જ સાંઠો લાવ્યા? તુકારામ લાવ્યો હતો ઘણા, પણ રસ્તામાં બધા સાંઠા ગરીબોને વહેંચી આવ્યા.

પત્ની—હેં ! આપી દીધા ! એમ કહીને તુકારામના હાથમાંથી સાંઠો ખેંચીને તેમની પીઠ ઉપર જોરથી લગાવ્યો. લગાવતાંની સાથે જ એકના બે ટુકડા થયા. અહીં angle હતો. તુકારામની જગ્યાએ બીજો કોઈ પતિ હોય તો પત્નીને મારી મારીને અધમુઈ કરી નાંખત. તુકારામે તેને angle આપ્યો. તુકારામે કહ્યું "તેં આ શેરડીના બે ટુકડા કર્યા ? સરસ ! હવે ટુકડા કરવાનું કામ પતી ગયું. તે કામ તેં જ પૂરું કર્યું." જે વિચાર સમાધિ ઉત્પન્ન કરી આપે તે વિચારને angle આપીને શોધી કાઢવાનું કામ સ્યાદ્વાદ કરે છે.

**દસમું ઉદાહરણ : વુડ્રો વિલ્સન**

વુડ્રો વિલ્સન એક સજ્જન આદમી હતો. કેટલાકે કહ્યું કે "આ જગતમાં કેટલાં દુ:ખ છે ? ધર્મો અને ચર્ચોની પણ કેમ કાંઈ અસર જણાતી નથી ? કહેવાય છે કે ધર્મ દુ:ખોને ઓછાં કરે પણ અહીં તો એટલાં ને એટલાં દુ:ખો છે. આટલાં બધા દુ:ખો છે તે બતાવે છે કે ધર્મની કાંઇ અસર નથી."

વિલ્સન :—"ભાઈ ! આ ધર્મ છતાં આટલાં દુ:ખો છે પણ જો ધર્મ જ ન હોત તો કેટલાં બધાં દુ:ખો ઉભરાયાં હોત ? આ ધર્મ ન હોત તો માનવમાં શેતાન જીવતો થઈ ગયો હોત. આટલો ધર્મ થાય છે છતાં જ્યારે આટલાં બધાં દુ:ખો છે તો જો ધર્મી કે ધર્મસ્થાનો, કશું જ ના હોત તો કેટલાં બધાં દુ:ખો હોત ! જે કંઈ પણ ઓછાં દુ:ખ છે તે ધર્મના અસ્તિત્વના પ્રતાપે છે." એક માનવ

ધર્મમાત્રનો તિરસ્કાર કરવામાં માને છે. જ્યારે વિલ્સને angle બદલાવ્યો તો ધર્મનો તિરસ્કાર કરવાની વૃત્તિને બદલે ધર્મનો મહિમા સ્વીકારી લીધો.

કોઈ જૈન કહે : આટઆટલા આચાર્ય, ઉપાધ્યાય અને પન્યાસ થયા છતાં હજુ દેશમાં આટલી બધી ક્રૂરતા કેમ ? આટલું બધું ઘાતકીપણું કેમ ! હેમચંદ્રાચાર્ય જેવા સમર્થ આચાર્ય થયા, યશોવિજયજી મહારાજ થયા, હરિભદ્રસૂરિજી જેવા પ્રચંડ પ્રભાવશાળી મહાત્મા થયા અને તેમનાથી પણ શું કાંઈ ના થયું ? આનો જવાબ એ છે કે તમે ઘરમાંથી બે દિવસ કચરો ન કાઢો તો કેટલી ધૂળ વળે છે ! બે માસ વેકેશનમાં ફરી આવ્યા પછી ઘર ઉઘાડો તો તેમાં ધૂળના ઢગલે ઢગલા જામ્યા હોય છે. એટલે કે ઘર સાફ થતું રહે છતાં પણ ધૂળ તો જામે છે. સાફ ના થતું હોત તો વળી જાણે કેટલાય ધૂળના ઢગલા હોત ! જો આ મહાપુરૂષો ન થયા હોત તો જગતમાં કેટલી બધી ક્રૂરતા હોત ? આ મહાત્મા થયા ન હોત તો માનવ શેતાન થઈ ગયો હોત. તમે ક્રૂરતા ક્રૂરતા કરો છો પણ ધર્મીઓ થવા છતાં આટલી ક્રૂરતા છે તો ધર્મી થયા જ ન હોત તો કેટલી બધી ક્રૂરતા હોત ? આમ angle આપો એટલે બધા પ્રશ્નના ઉકેલ આવવાના.

## સ્યાદ્વાદીને કોઈ ના પહોંચે

હવે છેલ્લે એક કથા કહીને આ વિષયનું સમાપાન કરી લઈએ. એક કથાકાર હતા. તળાવ કાંઠે પડાવ નાંખ્યો. કથા કરતાં પહેલાં જ એક પ્રશ્ન પૂછ્યો કે 'આ સભામાં

કોઇ સ્યાદ્વાદી તો નથી ને ! કેમ કે તેને મારાથી પહોંચાતું નથી." જ્યારે જવાબ મળ્યો કે કોઈ નથી ત્યારે કથા શરૂ થઈ. એક તળાવ પર વડલો હતો, તે ભારે ચમત્કારી હતો. તેનાં જે પાંદડાં તળાવમાં પડે તે સોનાનાં બની જતાં અને જમીન પર પડે તો તે ચાંદીનાં બની જતાં. આ ચમત્કારની વાત ચાલતી હતી તે વખતે એક સ્યાદ્વાદી તે સભામાં આવીને પાછળ બેસી ગયો. આ પાંદડાની વાત સાંભળીને તેણે તરત પૂછ્યું, "મહારાજ વડલાનાં પાંદડાં તળાવના પાણીમાં પડે તે સોનાનાં થાય અને જમીન પર પડે તે ચાંદીનાં થાય. ઘણું સરસ. પણ મહારાજ જે પાંદડાં તળાવના પાણીમાં પણ ના પડે અને જમીન પર પણ ના પડે; પરંતુ જે પાંદડાં તળાવના ઘાટ પર પડે તે કેવાં થઈ જતાં તે ફરમાવો તો મોટો ઉપકાર થાય.

કથાકાર :—અલ્યા તું સ્યાદ્વાદી છે ?

જવાબ :—જી હા.

કથાકાર બોલ્યા, "જય સીતારામ" હું જાઉં છું. હવે કથા આગળ નહીં ચાલે. સ્યાદ્વાદીને મારાથી ન પહોંચાય. આવો છે; સ્યાદ્વાદનો મહિમા. પ્રણામ્ તે પથદર્શક સ્યાદ્વાદને.

કમલ પ્રકાશન [ પબ્લિક ] ટ્રસ્ટ
રજિ. નં. ઈ. ૧૫૪૧ [તા. ૪-૧૧-૬૭]
ઇન્કમટેક્ષ મુક્તિ T.R.No. 47/IV G. 68-69 [તા. ૧૪-૨-૬૯]
ઓફિસ : ૨૭૭૭, સંસ્કૃતિ ભવન, નિશાપોળ, રિલીફરોડ.
અમદાવાદ-૩૮૦૦૦૧ PHONE : 30081

* * *

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીની જ્ઞાનવાણી
વહાવતાં

# આધ્યાત્મિક પુસ્તકો

[ ગુજરાતી તથા હિન્દી ]

તથા

# મુક્તિદૂત માસિક

ચિન્તક : મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી
સંપાદક : હસમુખ સી. શાહ
નકલ : ૧૪૫૦૦
લવાજમ : વાર્ષિક રૂ. ૫-૦૦

કમલ પ્રકાશન ટ્રસ્ટ તરફથી બહાર પડતાં
પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાનો

સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સામે
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજન ગલી, ૧ લે માળે,
ઝવેરી બજાર, મુંબઈ-૨

શ્રી જૈન પ્રકાશન મંદિર
દોશીવાડાની પોળ, કાળુપુર અમદાવાદ-૧

## શ્રીમતી જયાલક્ષ્મી કપૂરચંદ સુતરીયા મદ્રાસ
## શ્રી કપૂરચંદભાઈ નરભેરામ સુતરીયા મદ્રાસ



જે **કમલ પ્રકાશન ટ્રસ્ટે** પ્રગટ કરેલા **'ગુરૂમાતા'** નામના પુસ્તકે અમારા ઉપરોક્ત ઉપકારી માતપિતાના જીવનમાં ચમત્કાર સર્જ્યો તે ટ્રસ્ટની ઋણમુક્તિ અર્થે અમે તેમના સુપુત્રો રમેશચંદ્ર–દિલીપકુમાર તથા ભરતકુમાર) ટ્રસ્ટને રૂા. ૧૧૦૦૧ અર્પણ કરીએ છીએ.


---


સ્વ. દાનવીર, ધર્માનુરાગી શેઠશ્રી રામજીભાઇ વિરાણીએ સ્થાપેલ શ્રી રામજી શામજી વિરાણી અને શ્રીમતી સમરતબહેન રામજી વિરાણી ટ્રસ્ટ રાજકોટ'' તરફથી સ્વ. શેઠશ્રી રામજીભાઈની પુણ્યતિથિ પ્રસંગે રૂા. ૧૧૦૦૧ 'કમલ પ્રકાશન ટ્રસ્ટ'ને અર્પણ થયેલ છે.

હા. મેનેજીંગ ટ્રસ્ટી,

**શ્રી નગીનભાઈ રામજીભાઈ વિરાણી**

**સ્વ. કાન્તિલાલ પ્રતાપશી મુંબઈ.**
**સ્વ. સુભદ્રાબેન કાન્તિલાલ મુંબઈ.**






જેમણે પોતાના બે પુત્ર-પુત્રી (**હાલ મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી તથા સાધ્વીશ્રી મહાનંદાશ્રી**) ને ચારિત્રધર્મના સંસ્કારોનું ગળથૂંથીમાં જ પાન કરાવીને વિશ્વકલ્યાણકર શ્રીજિનશાસનને સમર્પિત કર્યા તેમની પુણ્યસ્મૃતિમાં......

**હા. પ્રફુલ્લ કાન્તિલાલ પ્રતાપશી-મુંબઈ**

**શ્રી લાલજીભાઈ પદમશીભાઈ ઝવેરી-ચૂડા**
**શ્રીમતી જયાબેન લાલજીભાઈ ઝવેરી-ચૂડા**



પૂજ્યપાદ મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજીના સતત સાનિધ્યે જેમના જીવનની અંતિમ પળો ધન્યતાને પામી અને જેઓ પોતાના ધર્મસંસ્કારનો અણમોલ વારસો મને આપીને આ જગતમાંથી વિદાય થયા તે પૂજનીય માત-પિતાજીના સ્મરણમાં આ નાનકડા સુકૃતનો ભાગી બનીને ધન્યતા અનુભવું છું.

**—સુરેશ લાલજીભાઈ ઝવેરી**

## ટ્રસ્ટી મંડળનું નિવેદન

કમલ પ્રકાશન ટ્રસ્ટ [ અમદાવાદ ] મુખ્યત્વે બે વિભાગમાં કામ કરી રહ્યું છે :

૧. પુસ્તક વિભાગ  ૨. માસિક વિભાગ.

[૧] **પુસ્તક વિભાગ :** આજ સુધીમાં પૂજ્યપાદ મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીનાં કોડીબંધ પુસ્તકો અમે બહાર પાડી ચૂકયા છીએ. કેટલાંક પુસ્તકોની તો ચારથી પાંચ આવૃત્તિઓ પણ અમે પ્રગટ કરી છે. ગુજરાતી ભાષામાં પ્રગટ થઈ ચૂકેલાં પુસ્તકોને હવે હિન્દીમાં અનુવાદિત કરીને પ્રગટ કરવાનું કાર્ય પણ ચાલી રહ્યું છે.

આ પુસ્તકો મુખ્યત્વે જૈન દર્શનને યાવત્ ગૌરવવંતી આર્ય સંસ્કૃતિને જગતની સમક્ષ અર્વાચીન ભાષામાં રજૂ કરે છે.

ક્રમબદ્ધ રીતે નવાં નવાં પુસ્તકો અમે બહાર પાડી રહ્યા હતા. તેમાં અમને સુંદર આર્થિક સહકાર મળી જતાં જાંબૂવાલા ગ્રંથમાળાનું નવું ક્ષિતિજ ખુલ્લું મૂકયું. ૧૯૭૧ની સાલથી દર વર્ષે પાંચ પુસ્તકોનો એક સેટ અમે આ ગ્રંથમાળાના અન્વયે ચાર વર્ષ સુધી પ્રગટ કર્યો હતો.

પણ અમને આટલાથી જ સંતોષ ન હતો, એટલે નવી પેઢીના યુવાનો અને યુવતીઓ માટે જીવનઘડતર વાંચનમાળાનું બીજું ક્ષિતિજ પણ ખુલ્લું મૂકયું. એના અન્વયે અમે વીસ નાની પુસ્તિકાઓ (પોકેટ-બુકસ) બહાર પાડી છે.

અમારાં બધાં ય કાર્યો સારી રીતે ચાલતાં જ રહે અને વેગ પકડતાં રહે એ માટે અમને ઘણા મોટા આર્થિક સહકારની આવશ્યકતા છે. દાનવીરો તરફથી અમને સુંદર સહકાર મળી રહે તે

માટે અમે કમલ પ્રકાશન ટ્રસ્ટને પબ્લિક ટ્રસ્ટ બનાવ્યું છે; અને તેના દાનને 'ઇન્કમટેક્સ એક્ઝમ્પટેડ' કરાવ્યું છે. વળી અમે એ માટે સુંદર યોજના પણ કરી છે, જે નીચે મુજબ છે :

| : દાન : | : પદ : | લાભ |
|---|---|---|
| રૂ. ૨૦૦૧ | શ્રુતભક્ત | : સંસ્થાનાં ભૂત–ભાવી તમામ પ્રાપ્ય પુસ્તકો ભેટ મળશે. |
| રૂ. ૧૦૦૧ | શ્રુતાનુરાગી | : સંસ્થાનાં ભુત–ભાવી તમામ પ્રાપ્ય પુસ્તકો ભેટ મળશે. |
| રૂ. ૫૦૧ | શ્રુતસભ્ય | : સંસ્થાનાં તમામ ભાવી પુસ્તકો ભેટ મળશે. |

ઉપરોક્ત તમામ દાતાઓની નામાવલિ સંસ્થા તરફથી પ્રગટ થનારાં [ સિરીઝ સિવાયનાં ] પુસ્તકોમાં સંસ્થાના કુટુંબીજન તરીકે આવશે.

દાનવીરો ! '**કમલ પ્રકાશન ટ્રસ્ટ**'ના નામથી આપની રકમ આજે જ ચેક, ડ્રાફ્ટ કે મનીઓર્ડરથી મોકલીને અમને આપનો અમૂલ્ય સહકાર આપશો એવી આશા રાખીએ છીએ.

*** પુસ્તક વિભાગમાં જ્ઞાન ખાતાની રકમ લેવામાં આવે છે.**

★

## પુસ્તક વિભાગમાં અમારા કુટુંબીજનો

**શ્રુતસમુદ્ધારક :**

૧. શ્રી શાન્તિદાસ ખેતસી ચેરીટેબલ ટ્રસ્ટ–મુંબઈ

૨. શ્રી કપુરચંદ નરભેરામ સુતરીઆ–મદ્રાસ

૩. શ્રી રામજી શામજી વિરાણી અને સમરત રામજી વિરાણી ટ્રસ્ટ–રાજકોટ

૪. શ્રી પ્રવીણકુમાર દલીચંદભાઈ–મુંબઈ

**શ્રુતરક્ષક :**

૧. શ્રી વિશાશ્રીમાળી તપાગચ્છીય જ્ઞાનાદિ ધાર્મિક ફંડ ખાતું-જામનગર

**શ્રુતભક્ત :**

૧. શ્રી ગુજરાતી જૈન શ્વેતામ્બર તપાગચ્છ સંઘ–કલકત્તા

૨. શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ–લીંબડી

૩. શ્રીમતી લીલમબેન મણિલાલ–મુંબઈ

૪. શ્રી ઝવેરી બ્રધર્સ–ચુડા

૫. શ્રી કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાળા–અમદાવાદ

૬. રૂબી કોચ બિલ્ડર્સ પ્રા. લિ.–મુંબઈ

૭. શ્રી સુદામડા શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ–સુદામડા

૮. શ્રી નયનમલ ભુરમલજી જૈન–મુંબઈ

૯. શ્રી જૈન શ્વે. મૂ. પૂ. તપાગચ્છ સંઘ–ભુજ

૧૦. શ્રી જમનાદાસ ખુશાલદાસ વોરા સહાયક નિધિ
 હ. લાલદાસ જમનાદાસ મુંબઈ

૧૧. શ્રી પાર્શ્વનાથ ભગવાનની પેઢી–નવસારી
 હ. મુનિશ્રી કીર્તિસેનવિજયજી મહારાજની પ્રેરણાથી

**શ્રુતાનુરાગી :**

૧. શ્રી. માંડલિકભાઈ જે. ઝવેરી–મુંબઈ

૨. શ્રી સુબોધચંદ્ર લાલભાઈ–અમદાવાદ

૩. શ્રી કેવુરલાલ હીરાલાલ પારેખ—અમદાવાદ
૪. શ્રી અચલગઢ જૈન પેઢી—અચલગઢ
૫. શ્રી ધરમદાસ ત્રીકમલાલ કપૂરવાલા—મુંબઈ
૬. શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક સુધારા ખાતાની પેઢી—મહેસાણા
૭. શ્રી ભનીબેન ધીરજલાલ પાનાચંદ શ્રોફ—અમદાવાદ
૮. શ્રીમતી પોપટબેન ભૂરમલજી—(દહેલંદર)
૯. શ્રી શાન્તિનગર જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ—અમદાવાદ
૧૦. શ્રી બારેજા—એકળી જૈન સંઘ—બારેજા
૧૧. શ્રી પાર્શ્વનાથ જૈન પેઢી—રોહીડા (રાજસ્થાન)
૧૨. એક સદ્‌ગૃહસ્થ તરફથી હ. પ્રફુલચંદ્ર કાન્તિલાલ દલાલ—મુંબઈ
૧૩. સ્વ મફતલાલ મોહનલાલના સ્મરણાર્થે તેમના સુપુત્રો તરફથી નવા ડીસા
૧૪. શ્રી કપૂરચંદ એન. સુતરીઆ—મદ્રાસ
૧૫. શ્રી દાદર આરાધના ભવન જૈન—પૌષધશાળા—દાદર—મુંબઈ
૧૬. બેન સરોજના સ્મરણાર્થે હ. જેસીંગભાઈ — પેથાપુરવાળા અમદાવાદ
૧૭. શ્રી વિઠ્ઠલદાસ ધનજીભાઈ બારદાનવાળા—જામનગર
૧૮. શ્રી મોતીચંદ હેમરાજ ઉપાશ્રયના જ્ઞાનખાતા તરફથી—જામનગર
૧૯. શ્રી સુમનભાઈ મૂળચંદ વાડીલાલ શાહ—મુંબઈ
૨૦. વોરા અમુલખભાઈ કેશવજી ( રાજપરવાળા ) ભુજ
૨૧. શ્રી લાલગર માધવગર કોન્ટ્રાક્ટર—ભુજ
૨૨. શ્રી ચોપાટી જૈન સંઘ—મુંબઈ
૨૩. શ્રી ચંદ્રાલય જ્ઞાન ટ્રસ્ટ—અમદાવાદ
૨૪. શ્રી ભવાનીપુર મૂર્તિપૂજક જૈન શ્વેતામ્બર સંઘ—કલકત્તા
૨૫. શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ ભગુભાઈ ( પેથાપુરવાળા ) અમદાવાદ

૨૬. શ્રી નવરંગપુરા શ્વે. મૂર્તિપૂજક સંઘ–અમદાવાદ
૨૭. શ્રી શામજી વેલજી વીરાણી અને કડવીબાઈ વીરાણી સ્મારક ટ્રસ્ટ–રાજકોટ
૨૮. શ્રી રણછોડભાઈ શેષકરણભાઈ શેઠ–મુંબઈ
૨૯. શ્રી રસિકભાઈ ત્રિકમલાલ લોદરાવાળા–મુંબઈ
૩૦. શ્રી ધનરાજ છોગાજી–નવા ડીસા
૩૧. શ્રી શીતલનાથ ભગવાન સંસ્થાન–ધુલીઆ
૩૨. સુરજબેન ડી. વોરા–મોરબી

**શ્રુતસભ્ય :**

૧. મહુવા વીશાશ્રીમાળી તપાગચ્છીય શ્વે. મૂર્તિપૂજક સંઘ–મહુવાબંદર
૨. શ્રી સ્વ. છબીલદાસ સુખલાલ કાલીદાસ–લીંબડી
૩. શ્રી રસિકલાલ શીવલાલ ગાંધી–મુંબઈ
૪. શ્રી હિંમતલાલ શામળભાઈ–અમદાવાદ
૫. શ્રીમતી જયાલક્ષ્મી કપૂરચંદ સુતરીઆ–મદ્રાસ
૬. શ્રી હાલારી વીશાઓસવાળ શ્વે. મૂ. પૂ. જૈન જ્ઞાતિ સમસ્ત દેરાસર ટ્રસ્ટ–પડાણા
૭. શ્રી વિજયસભા જૈન જ્ઞાન મંદિર–ડભોઈ
૮. શ્રી જામવણથલી શ્વે. પૂ. જૈન સંઘ–જામવણથલી
૯. શ્રી ભોગીલાલ મગનલાલ શાહ–ભાવનગર
૧૦. શ્રી રમેશચંદ્ર કપૂરચંદ સુતરીઆ–મદ્રાસ
૧૧. શ્રી દિલીપકુમાર કપૂરચંદ સુતરીઆ–મદ્રાસ
૧૨. શ્રી ભરતકુમાર કપૂરચંદ સુતરીઆ–મદ્રાસ
૧૩. સ્વ. મહેતા દલીચંદ માણેકલાલ ( ખીલોસવાળા )–જામનગર

૧૪. શ્રી ચોટીલા જૈન શ્વે. મૂ. પૂ. સંઘ–ચોટીલા
૧૫. શ્રી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ–દાવણગીરી
૧૬. સંઘવી ભવાનજી હીરાચંદના સમાધિપૂર્વકના સ્વર્ગવાસ નિમિત્તે તેમના સુપુત્રો તરફથી–ભુજ
૧૭. શ્રી જયંતિલાલ વાલમજી છેડા–ગઢસીસા
૧૮. શ્રી પત્રી જૈન સંઘ–પત્રી
૧૯. શ્રી પ્રવીણકુમાર દલીચંદભાઈ–મુંબઈ
૨૦. શ્રી શ્વેતામ્બર તીર્થ પેઢી–અચલગઢ
૨૧. શ્રી રંભાબાઈ ડોસાભાઈ–કલકત્તા
૨૨. શ્રી ચંદ્રકાંતભાઈ કાંતીલાલ શાહ–અમદાવાદ
૨૩. શ્રી સુતરીઆ ચીમનભાઈ ઝવેરભાઈ (નાણાં ધીરનાર) નડિયાદ
૨૪. શ્રી ઝીંઝુવાડા જૈન સંઘ–ઝીંઝુવાડા
૨૫. શ્રી કીરણબેન ઉપેન્દ્રકુમારના સ્મરણાર્થે હ. નટવરલાલ અમુલખભાઈ–ગોધરા
૨૬. શાહ ચતુરભાઈ નગીનદાસ–બેલગાંવ
૨૭. કોઠારી મિશ્રીલાલ ગુલાબચંદ–મોકલસર
૨૮. સાધ્વીજી ચરણશ્રીજી મહારાજ (વાગડવાળા) હ. કેશવલાલ પ્રેમચંદ–અમદાવાદ
૨૯. મુનિશ્રી ગુણસેનવિજયજી મહારાજની પ્રેરણાથી હ. નરપતલાલ નાગરદાસ અમદાવાદ

[૨] માસિક વિભાગ :

કમલ પ્રકાશન પ્રબ્લિક ટ્રસ્ટ તરફથી 'મુક્તિદૂત' નામનું સોળ પેઈઝનું એક માસિક જૂન '૬૯થી અમે શરૂ કર્યું છે. આ માસિક બહુ જ ટૂંકા સમયમાં સાડા ચૌદ હજાર નકલોનો લક્ષ્યાંક આંબી ગયું છે. મુક્તિદૂત નામનું આ માસિક સત્યને સંપૂર્ણ રીતે વફાદાર રહીને આર્ય સંસ્કૃતિનાં એ જાજરમાન ગૌરવોની ઘટઘટમાં પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરવા તલપે છે. આગળ વધીને પ્રત્યેક માનવમાં અધ્યાત્મભાવના તેજલિસોટા પ્રસરાવવા ઇચ્છે છે.

જૂન '૭૨ સુધી મુક્તિદૂતની પેટી યોજના દ્વારા અગીઆર હજાર બંધુઓ [રોજ ૧૦ પૈસાનું દાન કરવાની શરત મંજૂર રાખે ત્યાં સુધી] તો આ માસિક કાયમ માટે લવાજમમુક્ત બની રહેશે. જૂન '૭૨ પછી થનારા ગ્રાહકોને લવાજમ રૂ. ૧૫-૦૦ ભરવા સાથે પેટી યોજના બંધ કરવામાં આવી હતી. પરંતુ જૂન ૧૯૭૫ના મુક્તિદૂતના છઠ્ઠા વર્ષના આરંભથી કમ્મરતોડ મોંઘવારીના કારણે અને પંચવર્ષીય લવાજમ યોજના પણ બંધ કરીને નવા થનાર ગ્રાહકો માટે વાર્ષિક લવાજમ પાંચ રૂપિયાની યોજના અમલમાં મૂકી છે.

અગીઆર હજાર બંધુઓને કાયમમાટે લવજમમુક્તિનો લાભ ચાલુ રાખવો એ નાનીસૂની બાબત નથી. દાનવીરોના આર્થિક સહકાર વિના અમે આ કાર્ય હંમેશ માટે ચાલુ રાખી શકીએ નહિ. આપનો સુંદર આર્થિક સહકાર અમને મળી રહે તે માટે અમે નીચે મુજબની એક યોજના કરી છે. આ યોજનાનો લાભ લેનારા દાતાઓનાં નામ માસિકના એક કે વધુ અંકમાં પ્રગટ કરવામાં આવશે,

| | |
|---|---|
| રૂ. ૩૦૦૦ સંસ્કૃતિ-સમુદ્ધારક | રૂ. ૨૦૦૦ સંસ્કૃતિ-રક્ષક |
| રૂ. ૧૦૦૦ સંસ્કૃતિ-ભક્ત | રૂ. ૫૦૦ સંસ્કૃતિ-અનુરાગી |
| રૂ. ૨૫૦ સંસ્કૃતિ-સભ્ય | રૂ. ૧૦૦ આજીવન સભ્ય |

રૂ. ૨૫ કે તેથી વધુ રકમનું દાન કરનારનું નામ માસિકના એક અંકમાં આપવામાં આવશે.

ઉપરોક્ત કોઈ પણ પદ પ્રાપ્ત કરનાર પુણ્યવાન્ વ્યક્તિ સૂચવે તો અનુક્રમે પંદર, દસ, પાંચ બે અને એક-ઠેકાણે ( રૂ. ૨૫૦ તથા રૂ. ૧૦૦ના દાતાને ) મુક્તિદૂત માસિક કાયમ માટે લવાજમ વિના મોકલવામાં આવશે.

રૂ. ૨૫૦ થી ઉપરના દાતાઓની નામાવલિ ટ્રસ્ટ તરફથી બહાર પડતાં તમામ પુસ્તકોમાં આપવામાં આવશે.

**કમલ પ્રકાશન પબ્લિક ટ્રસ્ટના દાનને ઇન્કમટેક્સ એક્ઝેમ્પ-શન મળેલું હોવાથી આપની રકમ કરમુક્ત બની રહેશે.**

* માસિક વિભાગમાં જ્ઞાનખાતાની રકમ લેવામાં આવતી નથી.

**માસિક વિભાગમાં અમારા કુટુંબીજનો :**

**સંસ્કૃતિ-સમુદ્ધારક :**

૧. પોપટબેન ભૂરમલજી C/o. શ્રી. નથમલ નેનમલ એન્ડ કું. મુંબઈ.

**સંસ્કૃતિ-રક્ષક :**

૧. શ્રી રજનીકાન્ત લક્ષ્મીચંદ જાંબૂવાળા-લીંબડી

૨. જીવતલાલ પરતાપસી-મુંબઈ

૩. શ્રી નયનમલ ભુરમલજી જૈન-મુંબઈ

૪. શ્રી પોપટબેન ભુરમલજી જૈન-દેલદર

**સંસ્કૃતિ-ભક્ત :**

૧. શ્રી ઉષાકાન્ત રમણલાલ શાહ-અમદાવાદ

૨. શ્રી વ્રજલાલ ત્રિભોવનદાસ (એલ. ટી. વાળા) સુરેન્દ્રનગર

૩. શ્રીમતી ગજરાબેન મનસુખલાલ શાહ-અમદાવાદ (એ. બી. સી. સર્જીકલવાળા)

૪. શ્રી ભીખાભાઈ મોતીચંદ પબ્લિક ટ્રસ્ટ તરફથી હ.-શેઠ પોપટભાઈ ભીખાભાઈ-મુંબઈ

૫. એક સદ્ગૃહસ્થ તરફથી હ.-શેઠ શાંતિભાઈ કપાસી. મુંબઈ

૬. રૂબી કોચ બિલ્ડર્સ પ્રા. લિ.–મુંબઈ
૭. શ્રી રમણિકલાલ કેશવલાલ–સુરેન્દ્રનગર
૮. શ્રી ઝવેરી બ્રધર્સ–ચૂડા
૯. એક સદ્‌ગૃહસ્થ તરફથી હ. વસંતભાઈ–મુંબઈ
૧૦. શ્રી રવિચંદ માણેકલાલ–થાનગઢ
૧૧. શ્રી લઘુભાઈ માણેકચંદ–જામનગર
૧૨. શ્રી કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાળા–અમદાવાદ
૧૩. શ્રી મણિલાલ મગનલાલ કોંઢવાળા–ધ્રાંગધ્રા
૧૪. શ્રીમતી કુસુમબેન જયંતિલાલ આર. શાહ–મુંબઈ
૧૫. શ્રી શરદચંદ્ર જેઠાલાલ પાટલીઆ–જામનગર
૧૬. શ્રીવિઠ્ઠલદાસ ધનજીભાઈ બારદાનવાળા–જામનગર
૧૭. શ્રી કોંઢ જૈન તપાગચ્છ સંઘ તરફથી [ જિનાલયની શતાબ્દી નિમિત્તે ] કોંઢ
૧૮. શ્રી. બિપીનચંદ્ર રતિલાલ નાનજીભાઈ–ધ્રાંગધ્રા
૧૯. સ્વ. વસનજી નાનચંદના કુટુંબીજનો તરફથી– જામનગર
૨૦. એક સદ્‌ગૃહસ્થ તરફથી
૨૧. શ્રીમતી કમળાબેન શાન્તિલાલ કપાસી–મુંબઈ
૨૨. દોશી છબીલદાસ જીવણલાલ–(મોટી મારડવાળા)-મુંબઈ
૨૩. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ–મુંબઈ
૨૪. શ્રી રમણલાલ ચીમનલાલ શાહ (કોલસાવાળા) અમદાવાદ
૨૫. શ્રી એસ્કવાયર–મુંબઈ
૨૬. શ્રી પ્રતાપ ચેરીટેબલ ટ્રસ્ટ–મુંબઈ હ. શેઠ જીવતલાલ પરતાપશી
૨૭. સ્વ. મહેતા દલીચંદ માણેકચંદ (ખીલોસવાળા) જામનગર

**સંસ્કૃતિ–અનુરાગી :**

૧. ચંપાબેન મણીલાલ નાગરદાસ–મુંબઈ
૨. સંઘવી મણિલાલ આકરચંદ–જામનગર

૩. મહેતા ચંદુલાલ રામજીભાઈ ચેલાવાળા–જામનગર
૪. શાહ અંબાલાલ અમૃતલાલ–બોરસદ
૫. સુરચંદ હીરચંદ ઝવેરીના બંગલાની બહેનો તરફથી
હ. રતનબેન ચંપકલાલ ઝવેરી–સુરત

**સંસ્કૃતિ–સભ્ય :**

૧. શ્રી શિવલાલ ભૂદરદાસ–રાજકોટ
૨. શ્રી અમૃતલાલ હરકીશનદાસ (હોટલ એમ્બેસેડરવાળા)–ભુજ
૩. શ્રી રજનીકાન્ત અંબાલાલ શાહ–મુંબઈ
૪. સ્વ ચાંપશી પાલણ તથા સ્વ. પાલણ વીરજી તથા તેમનાં પુત્રવધૂ સૌ. સ્વ. હીરાબેન સુંદરજીની પુણ્યસ્મૃતિ પ્રસંગે હ. કેશવજી પાલણ–મુંબઈ
૫. દોશી સુંદરજી ડાહ્યાભાઈ–મોરબી
૬. શ્રી શાંતિલાલ રાયચંદ–મુંબઈ
૭. એક સદ્‌ગૃહસ્થ તરફથી–મુંબઈ
૮. શેઠ નાનાલાલ લલ્લુભાઈ હ. લક્ષ્મી પ્રિન્ટિંગ પ્રેસ–સુરેન્દ્રનગર
૯. અ. સૌ. મીનાક્ષી રમેશચન્દ્ર સુતરીઆ–મદ્રાસ
૧૦. અ. સૌ. યોગિની દિલીપકુમાર સુતરીઆ–મદ્રાસ
૧૧. જેચંદભાઈ અમુલખ C/o. વિદ્યાર્થી વિકાસ ગૃહ–બોરડી
૧૨. સાબરબાગ સોસાયટીના જૈન ભાઈઓ તરફથી–સાબરમતી
૧૩. બચુભાઈ ચીમનલાલ ઝવેરી–મુંબઈ
૧૪. કેશવલાલ ગીરધરલાલ એન્ડ કું.–અમદાવાદ
૧૫. શાહ કુંવરજી તુલસીદાસ–ધ્રાંગધ્રા
૧૬. શ્રીમતી તારા કિશોર દોશી–રાજકોટ
C/o. કિશોર એન્ડ કું. એડવોકેટ
૧૭. શા. ભવાનજી હીરજી–મુંબઈ
૧૮. અ. સૌ હર્ષદા ભરતકુમાર સુતરીયા–મદ્રાસ
૧૯. પરેશકુમાર રમેશચંદ્ર સુતરીઆ–મદ્રાસ

કમલ પ્રકાશન ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થયેલાં પુસ્તકો

( ઘેર બેઠા વી. પી. થી મેળવો. પોસ્ટેજ ખર્ચ અલગ )

લેખક : મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

| | | |
|---|---|---|
| | ૧. સાધનાની પગદંડીએ | ૨–૦૦ |
| | ૨. શરણાગતિ | ૨–૦૦ |
| * | ૩. વિરાગની મસ્તી | ૨–૦૦ |
| | ૪. ઊંડા અંધારેથી | ૨–૦૦ |
| * | ૫. અધ્યાત્મસાર | ૫–૦૦ |
| | ૬. ગુરુમાતા | ૨–૦૦ |
| * | ૭. વંદના | ૨–૦૦ |
| * | ૮. વિરાટ જાગે છે ત્યારે | ૨–૦૦ |
| * | ૯. મહાપંથનાં અજવાળાં | ૨–૦૦ |
| | ૧૦. જૈનદર્શનમાં કર્મવાદ | ૨–૫૦ |
| * | ૧૧. સચિત્ર જીવનદર્શન | ૩–૦૦ |
| | ૧૨. કાનજીભાઈ મત–પ્રતિકાર | ૩–૦૦ |
| * | ૧૩. તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશી | ૨–૦૦ |
| | ૧૪. ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ (અનન્તનાં પાત્રો) | ૪–૦૦ |
| | ૧૫. વિજ્ઞાન અને ધર્મ | ૧૦–૦૦ |
| * | ૧૬. મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ ૧ | ૩–૦૦ |
| * | ૧૭. ,, ,, વર્ષ ૨ | ૫–૦૦ |
| | ૧૮. જાગતા રે'જે | ૬–૦૦ |

૧૯. સોળ ભાવનાઓ
૨૦. જૂની પેઢીને
૨૧. બોધ કથાઓ
૨૨. ઊઠ, જાગ, મુસાફિર !
૨૩. જૈનં જયતિ શાસનમ્

[નં. ૧૯ થી ૨૩] જાંબૂવાલા ગ્રન્થમાળા ૧૯૭૧ સેટનું મૂલ્ય ૨–૫૦

*૨૪. વીર ! મધુરી વાણી તારી ૬-૦૦
*૨૫. નહિ ઐસો જનમ બારબાર ૬-૦૦

૨૬. મૂંઝવતા પ્રશ્નો
૨૭. ચક્રવર્તી બ્રહ્મદત્ત
૨૮. આચાર : પથમો ધમ્મ:
૨૯. આપણી સંસ્કૃતિ
૩૦. વિકાસનું મહાભિયાન

[નં. ૨૬ થી ૩૦]
જાંબૂવાલા ગ્રન્થમાળા ૧૯૭૨
સેટનું મૂલ્ય ૨-૫૦

૩૧. સોહલ ભાવનાએ
૩૨. પુરાની પીઢીકો
૩૩. બોધ કથાએ
૩૪. ઊઠ, જાગ, મુસાફિર
૩૫. જૈનં જયતિ શાસનમ્

[નં. ૩૧ થી ૩૫]
જાંબૂવાલા ગ્રન્થમાળા (હિંદીમાં)
૧૯૭૧
સેટનું મૂલ્ય ૨-૫૦

૩૬. મુક્તિદૂત માસિક ફાઇલ વર્ષ ૩ ૫-૦૦

*૩૭. સિનેમાનો ત્યાગ કરો
*૩૮. સાદગી અપનાવો
*૩૯. આપણે ક્યાં જઈ રહ્યા છીએ ?
*૪૦. સુખ જ ભયાનક છે
*૪૧. વાંચો : વિચારો : પામો
*૪૨. જયવંતુ જિનશાસન
*૪૩. વિજ્ઞાન ! એક સમસ્યા
*૪૪. દયાળુ બનો
*૪૫. પરલોકદષ્ટિ
*૪૬. કોઠાસૂઝ બનો

[નં. ૩૭ થી ૪૬]
જીવનઘડતર વાંચનમાળા
સેટ પહેલો
સેટનું મૂલ્ય ૨-૦૦

*૪૭. અંધભક્તિ, પશ્ચિમની
*૪૮. ત્રણ વાર્તાઓ
*૪૯. દંભ–૧
*૫૦. દંભ–૨
*૫૧. જરા, કાન દઈને મને સાંભળો

[નં. ૪૭ થી ૫૧] જાંબૂવાલા ગ્રન્થમાળા ૧૯૭૩ સેટનું મૂલ્ય ૨–૫૦

૫૨. મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ–૪ ૫–૦૦
૫૩. આંધી આવી રહી છે ૧૦–૦૦
૫૪. બ્રહ્મચર્ય ૩–૦૦

*૫૫. ચાલો, જીવન પલટીએ
*૫૬. સંસાર
*૫૭. નિશ્ચય વ્યવહાર
*૫૮. આ માસનો શ્લોક
*૫૯. મીની કથાઓ

[નં. ૫૫ થી ૫૯] જાંબૂવાલા ગ્રંથમાળા ૧૯૭૪ સેટનું મૂલ્ય ૨–૦૦

૬૦. રામાયણના પ્રેરક પ્રસંગો ૫–૦૦
૬૧. ચાર પુરુષાર્થ ૩–૦૦
૬૨. મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ–૫ ૫–૦૦

૬૩. વીર સૈનિકદળ
૬૪. ધર્મયુદ્ધ કે પક્ષયુદ્ધ
૬૫. વીરસૈનિકની ફરજો
૬૬. સંસ્કૃતિમાં સ્ત્રીનું સ્થાન
૬૭. ધર્મગુરુઓ! હવે તો જાગો
૬૮. ચિંતનની ચિનગારીઓ
૬૯. આધુનિક શિક્ષણ
૭૦. ધર્મનાશની ભેદી ચાલ
૭૧. લોકાપવાદ–ત્યાગ
૭૨. યુવકની મનોવ્યથા

[નં. ૬૩ થી ૭૨] જીવનઘડતર વાંચનમાળા સેટ બીજા સેટનું મૂલ્ય ૩–૦૦

| | | |
|---|---|---|
| ૭૩. | સિંહનાદ | ૩–૦૦ |
| ૭૪. | સ્વરાજનું લોખંડી ચોકઠું | ૩–૦૦ |
| ૭૫. | ચેત મછંદર! ગોરખ આયા | ૮–૦૦ |
| ૭૬. | ત્રિલોકગુરૂ મહાવીરદેવ [હિન્દી] | ૧–૦૦ |
| ૭૭. | ત્રિલોકગુરૂ મહાવીરદેવ [ગુજરાતી] | ૧–૦૦ |
| ૭૮. | આપણે ફેર વિચારીએ | ૫–૦૦ |
| ૭૯. | ત્રિલોકગુરૂ મહાવીરદેવ [અંગ્રેજી] | ૧–૦૦ |
| ૮૦. | વીરસૈનિક [ગુજરાતી] | ૦–૫૦ |
| ૮૧. | મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ–૬ | ૫–૦૦ |
| ૮૨. | વીરસૈનિક [હિન્દી] | ૧–૫૦ |
| ૮૩. | સળગતી સમસ્યાઓ | ૩–૦૦ |
| ૮૪. | આત્મા | ૨–૦૦ |
| ૮૫. | જિનશાસન રક્ષા | ૨–૦૦ |
| ૮૬. | ગાંધીવિચાર સમીક્ષા | ૨–૦૦ |
| ૮૭. | ઇતિહાસનું ભેદી પાનું | ૨–૦૦ |
| ૮૮. | અપૂર્વ સ્વાધ્યાય | ૧૦–૦૦ |
| ૮૯. | મહામારિ | ૨–૦૦ |
| ૯૦. | જૈનધર્મના મર્મો | ૪–૦૦ |
| ૯૧. | વિરાગ વેલડી (પ્રેસમાં) | |

* આ નિશાનીવાળાં પુસ્તકો અપ્રાપ્ય છે.

---

- એકી સાથે સો રૂપિયાના પુસ્તકો ખરીદનાર કોઈ પણ વ્યક્તિને ૨૫ ટકા કમિશન માંગશે તો આપવામાં આવશે.
- રૂ. ૫૦૧ નું દાન કરીને ભાવી તમામ પુસ્તકો ઘેર બેઠાં ભેટ મેળવો.

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીની કોમળ અને [illegible]
કઠોર કલમે કંડારાતું માસિક

# મુક્તિદૂત

: સંપાદક :

**હસમુખ સી. શાહ**

**નકલ : ૧૪૫૦૦**

**લવાજમ : વાર્ષિક રૂ. ૫-૦૦**

મુક્તિદૂતનું વર્ષ જૂલાઈથી શરૂ થાય છે.

ચાલુ વર્ષમાં થતા ગ્રાહકોને જૂના અંકો સ્ટોકમાં હશે તે અપાશે.

**રૂ. ૧૦૦ ભરીને આજીવન સભ્ય બનો.**
**કાયમ માટે માસિક ભેટ મળશે.**

-: લવાજમ ભરવાનું સ્થળ :-

**" કમલ પ્રકાશન ટ્રસ્ટ "**

૨૭૭૭, સંસ્કૃતિ ભવન, નિશાપોળ, રિલીફરોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧ PHONE 30081

---

**૧૧ હજાર બંધુઓને કાયમ માટે**
**કશાય લવાજમ વિના મોકલાતા**

## 卐 મુક્તિદૂતને આપો સહકાર 卐

આપ સહુના આર્થિક સહકાર ઉપર જ આ માસિક હરણફાળે આગેકૂચ કરી રહ્યું છે. કમલ પ્રકાશન એ પબ્લિક ટ્રસ્ટ છે. દાનની રકમ ઇન્કમટેક્ષમાં મજરે મળે છે. " કમલ પ્રકાશન ટ્રસ્ટ "ના નામનો ચેક કે ડ્રાફ્ટ આજે જ કાર્યાલય ઉપર મોકલીને આપનો અમૂલ્ય સહકાર આપો.

**આપના કોઈપણ પ્રસંગમાં મુક્તિદૂતને ભૂલશો નહિ**

## કમલ પ્રકાશન ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થયેલાં પુસ્તકો

પ્રાપ્તિસ્થાન: ૨૭૭૭, સંસ્કૃતિ ભવન, નિશાપોળ, રિલીફરોડ,
અમદાવાદ- ૩૮૦ ૦૦૧.

### લેખક : મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

: પ્રાપ્ય પ્રકાશનો : ફોન નં. ૩૦૦૮૧

૧ સાધનાની પગદંડીએ ૨-૦૦
૨ શરણાગતિ ૨-૦૦
૩ કર્મવાદ ૨-૫૦
૪ ઊંડા અંધારેથી ૨-૦૦
૫ ગુરૂમાતા ૨-૦૦
૬ કાનજીભાઈ મતપ્રતિકાર ૩-૦૦
૭ ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ [અનન્તનાં પાત્રો] ૪-૦૦
૮ વિજ્ઞાન અને ધર્મ ૧૦-૦૦
૯ જાગતા રે'જો ૬-૦૦
૧૦ સિંહનાદ ૩-૦૦
૧૧ સ્વરાજનું સોંખંડી ચોકઠું ૩-૦૦
૧૨ આપણે ફેર વિચારીએ ૫-૦૦
૧૩ ત્રિલોકગુરુ મહાવીરદેવ (ગુજરાતી) ૧-૦૦
૧૪ ત્રિલોકગુરુ મહાવીરદેવ (હિન્દી) ૧-૦૦
૧૫ ત્રિલોકગુરુ મહાવીરદેવ (અંગ્રેજી) ૧-૦૦
૧૬ ચેત મછંદર! ગોરખ આયા ૮-૦૦
૧૭ આપણી સમસ્યાઓ ૩-૦૦
૧૮ આત્મા ૨-૦૦
૧૯ જાંબૂવાલા ગ્રન્થમાળા સેટ ૧૯૭૧ ૨-૫૦
૨૦ જાંબૂવાલા ગ્રન્થમાળા સેટ ૧૯૭૨ ૨-૫૦
૨૧ આંધી આવી રહી છે ૧૦-૦૦
૨૨ બ્રહ્મચર્ય ૩-૦૦
૨૩ રામાયણના પ્રેરકપ્રસંગો ૫-૦૦
૨૪ ચાર પુરુષાર્થ ૩-૦૦
૨૫ જાંબૂવાલા ગ્રન્થમાળા સેટ ૧૯૭૧ [હિન્દીમાં] ૨-૫૦
૨૬ વીરસૈનિક [ગુજરાતી] ૦-૫૦
૨૭ વીરસૈનિક [હિન્દી] ૧-૫૦
૨૮ જીવનઘડતર વાંચનમાળા સેટ બીજો (૧૦ પોકેટબુકસ) ૩-૦૦
૨૯ મુક્તિદૂત ફા. વર્ષ ૩,૪,૫,૬. દરેકનું મૂલ્ય ૫-૦૦
૩૦ જિનશાસનરક્ષા ૨-૦૦
૩૧ ગાંધીવિચાર સમીક્ષા ૨-૦૦
૩૨ ઇતિહાસનું ભેદી પાનું ૨-૦૦
૩૩ અપૂર્વ સ્વાધ્યાય ૧૦-૦૦
૩૪ મહામારિ ૨-૦૦
૩૫ જૈનધર્મના મર્મો ૪-૦૦

કમલ પ્રકાશન ટ્રસ્ટ

મૂલ્ય : રૂા. ૪-૦૦

મૂલ્ય : રૂા. ૨-૦૦

ગૌતમ પ્રિન્ટરી : અમદાવાદ.